# પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 25-05-2026 • Monday • Samvat : 2082 • Jeth Sud-09 • Vol : 97 • No. : 142 • Page : 8 • Price : 2.00

• Prabhat-Ahmedabad * RNI No. 1815/57


# ભારતીયોનાં વિઝા મુદ્દે રૂબિયો સમક્ષ જયશંકરની રજુઆત

નવી દિલ્હી, તા.૨૪

ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે દિલ્હીમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજીને વિદેશ મંત્રી એસ.જયશંકરે યુએસ વિઝાનો મુદ્દો ઉઠાવ્યો છે. તો રુબિયોએ પણ અમેરિકન અર્થવ્યવસ્થામાં ભારતીયોનું મોટું યોગદાન હોવાનો સ્વીકાર કર્યો છે અને અમેરિકામાં બે કરોડ લોકો ગેરકાયદે ઘૂસેલા હોવાનું નિવેદન આપ્યા બાદ તેમણે કહ્યું છે કે, અમારું નિશાન ભારત નથી.



વાતચીત દરમિયાન જયશંકરે ભારતના માન્ય પ્રવાસીઓને અમેરિકન વિઝા મળવામાં મુશ્કેલી આવતી હોવાનો મુદ્દો ઉઠાવ્યો છે. જેના જવાબમાં રુબિયોએ કહ્યું કે, ‘સૌથી પહેલા હું અમેરિકાની અર્થવ્યવસ્થામાં ભારતીયોના યોગદાનને સ્વિકાર કરું છું. ભારતીય કંપનીઓએ અમેરિકન અર્થવ્યવસ્થામાં ૨૦ અબજ ડૉલરથી વધુનું રોકાણ કર્યું છે. અમે ઈચ્છીએ છીએ કે, આ રોકાણ વધતું જ રહે. અમારી નવી ઈમિગ્રેશન સિસ્ટમ માત્ર ભારતીયોને ટાર્ગેટ કરતી નથી, પરંતુ આ સિસ્ટમ આખા વિશ્વ માટે બનાવવામાં આવી છે. અમે તેને દુનિયામાં લાગુ કરી રહ્યા છીએ.’

રુબિયોએ ભારતીયોના રિજેક્ટ થતાં વિઝા અને ગ્રીન કાર્ડ મળવામાં પડતી તકલીફો અંગે જણાવ્યું હતું કે, અમારા દેશમાં બે કરોડ લોકો ગેરકાયદે ઘૂસી આવ્યા છે. આ બતાવે છે કે અમારી ઈમિગ્રેશન સિસ્ટમમાં ખામી છે. અમે આ ખામી દૂર કરી રહ્યા છીએ. અમારી ઈમિગ્રેશન સિસ્ટમ ઘણી જૂની છે અને તેને અમે હવે વર્તમાન સ્થિતિ સાથે સુસંગત બનાવી રહ્યા છીએ. અમારી ઈમિગ્રેશન પ્રણાલિ ફક્ત ભારતીયોનો વિરોધ કરે છે તેવું નથી, પણ તે આખા વિશ્વ માટે છે. અમે અમારી ગ્રીન કાર્ડ સિસ્ટમમાં ઘણા છીંડા જોયા છે, જેનો લાભ ઉઠાવીને લોકો ગેરકાયદે ઘૂસી જાય છે. તેના કારણે અમે ઈમિગ્રેશન પ્રણાલિ રિફોર્મ કરી રહ્યા છીએ. જ્યારે કોઈપણ રિફોર્મ થાય ત્યારે તકલીફ આવે જ છે. પણ લાંબા સમયગાળે આ સિસ્ટમ ઘણી સ્થિર હશે. આ સિસ્ટમ ભારતીયો અને અમારા બંને માટે વધુ કાર્યક્ષમ અને સારી પુરવાર થશે. એક દેશના નાગરિક તરીકે તમે જે પણ કરો છો, તે તમારા દેશના હિતમાં હોવી જોઈએ, તેમાં ઈમિગ્રેશન નીતિ પણ સામેલ છે. મારું માનવું છે કે, અમેરિકા વિશ્વના તમામ લોકોનું સ્વાગત કરે છે. દર વર્ષે લગભગ ૧૦ લાખ લોકો અમેરિકામાં કાયમી રહેવાસી બને છે અને અમેરિકન અર્થવસ્થામાં મહત્ત્વનું યોગદાન આપે છે.

# અમેરિકા - ઈરાન વચ્ચે ટૂંકમાં સમજુતિ

તેહરાન,તા.૨૪

મિડલ-ઈસ્ટ (મધ્ય-પૂર્વ) માં છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા ભયાનક યુદ્ધ અને તણાવનો અંત લાવવા માટે એક બહુ મોટી વૈશ્વિક સફળતા મળી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે સત્તાવાર જાહેરાત કરી છે કે ઈરાન સાથે શાંતિ સમજૂતી માટેની મોટાભાગની વાટાઘાટો પૂર્ણ થઈ ચૂકી છે. આ ઐતિહાસિક કરારના ભાગરૂપે વૈશ્વિક વેપાર માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતો ’સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’ (Strait of Hormuz) પણ ફરીથી ખુલ્લો મૂકવામાં આવશે.

પ્રમુખ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ’ટ્રુથ સોશિયલ’પર આ અંગે વિગતો શેર કરતા લખ્યું કે, "યુનાઈટેડ સ્ટેટ્સ, ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન અને અન્ય કેટલાય દેશો વચ્ચે એક સમજૂતીને આખરી ઓપ આપવા માટે મોટા પાયે વાતચીત થઈ છે. આ સિવાય ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે પણ ફોન પર સકારાત્મક ચર્ચા થઈ છે. સોદાના અંતિમ પાસાઓ પર હાલમાં કામ ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં જ તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે." ટ્રમ્પની આ મોટી જાહેરાત સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત(છઈ), કતાર, પાકિસ્તાન, તૂર્કિયે, ઈજિપ્ત, જોર્ડન અને બહેરીનના ટોચના નેતાઓ સાથેની અત્યંત મહત્વપૂર્ણ ફોન કોલ બાદ સામે આવી છે. આ વાતચીત દરમિયાન ખાડી દેશોના નેતાઓએ પ્રમુખ ટ્રમ્પને ઈરાન દ્વારા પ્રસ્તાવિત આ શાંતિ ફ્રેમવર્ક સ્વીકારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

નોંધનીય છે કે, આ સમજૂતીને આ મુકામ સુધી પહોંચાડવામાં પાકિસ્તાન અને કતરે મુખ્ય મધ્યસ્થ તરીકેની ભૂમિકા ભજવી છે. પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ આસિમ મુનીર અને કતારના મધ્યસ્થો તેહરાન પહોંચ્યા હતા, જ્યાં મુનીરે અમેરિકન ઉપપ્રમુખ જેડી વેન્સ સાથે પણ ફોન પર સતત ચર્ચા કરી આ ગતિરોધને તોડવામાં મદદ કરી હતી.

આ વચગાળાના કરારના મુસદ્દા મુજબ, બંને દેશો વચ્ચે યુદ્ધની સત્તાવાર સમાપ્તિની જાહેરાત કરવામાં આવશે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને આર્થિક નાકાબંધીઃ સમજૂતી હેઠળ ઈરાન આંતરરાષ્ટ્રીય વેપાર માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો દરિયાઈ માર્ગ ફરી ખોલી દેશે. તેના બદલામાં અમેરિકા ઈરાનના બંદરો પર લાદવામાં આવેલી આર્થિક નાકાબંધી (ઈકોનોમિક બ્લોકેડ) નો અંત લાવશે.

પરમાણુ કાર્યક્રમ પર ચર્ચાઃ ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર આગામી બે મહિના સુધી વિગતવાર વાતચીત ચાલુ રહેશે. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ પુષ્ટિ કરી છે કે આ વાટાઘાટોમાં ઘણી પ્રગતિ થઈ છે.બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘઈએ આ મસૂદાને એક ’ફ્રેમવર્ક એગ્રીમેન્ટ’ ગણાવ્યું છે. ઈરાની સરકારી ટીવી પર તેમણે સ્પષ્ટ કર્યું કે, "અમે ઈચ્છીએ છીએ કે આ સમજૂતીમાં યુદ્ધ સમાપ્ત કરવાના મુખ્ય મુદ્દાઓ અને અમારા હિતો સામેલ હોય. આગામી ૩૦ થી ૬૦ દિવસમાં આના બારીક વિગતો પર ચર્ચા કરીને અંતિમ કરાર કરવામાં આવશે." ઈરાને વધુમાં સ્પષ્ટ કર્યું કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવો એ આ વાર્તાનો મુખ્ય ભાગ છે, પરંતુ પરમાણુ મુદ્દાઓ આ તાત્કાલિક વાર્તાનો હિસ્સો નથી, કારણ કે ઈરાન પહેલા તમામ મોરચે યુદ્ધનો અંત અને પોતાના પરના આર્થિક પ્રતિબંધો હટાવવા માંગે છે.

### ગ્લેશિયર તૂટવાથી લોકોમાં ગભરાટ ફેલાયો

# બદ્રીનાથ ધામ પાસે કંચન ગંગામાં તૂટ્યું ગ્લેશિયર

દહેરાદુન, તા.૨૪

દર વર્ષે નીચેની તરફ સરકતો આ ગ્લેશિયર ઉનાળાની શરૂઆત અને વધતા તાપમાન સાથે ઝડપથી પીગળવા લાગે છે. ચમોલીના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સુરજીત સિંહ પંવારે જણાવ્યું કે સ્થાનિક પ્રશાસન સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. વાડિયા હિમાલય ભૂ-વિજ્ઞાન સંસ્થાનના વૈજ્ઞાનિકોના તાજા સંશોધનમાં ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. પર્યાવરણ વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર હિમાલય વિસ્તારમાં બરફવર્ષાની પદ્ધતિ સંપૂર્ણપણે બદલાઈ રહી છે. સામાન્ય રીતે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં થતી ભારે બરફવર્ષાની જગ્યાએ હવે માર્ચ અને એપ્રિલમાં વધુ બરફ પડી રહ્યો છે. તેનો સીધો પ્રભાવ પહાડોના ‘વોટર બેંક’ કહેવાતા ગ્લેશિયરો પર પડી રહ્યો છે.

આ બદલાવને કારણે ટ્રિ લાઈન એટલે કે વૃક્ષો ઉગવાની ભૌગોલિક સીમા પણ સતત ઉપર ખસી રહી છે. આ સંશોધન જર્મનીની પ્રતિષ્ઠિત ‘એપ્લાઈડ જિઓમેટિક્સ’ રિસર્ચ જર્નલમાં પણ પ્રકાશિત થયું છે.

વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ હિમાલયમાં શિયાળાની સરખામણીએ ઉનાળામાં વધુ બરફવર્ષા થવાનું મુખ્ય કારણ ‘વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ’માં આવેલી અસમાનતા છે. શિયાળામાં પશ્ચિમી વિક્ષોભ નબળો પડતા વરસાદ અને બરફવર્ષામાં ભારે ઘટાડો થઈ રહ્યો છે. જ્યારે ઉનાળામાં તે સક્રિય થતાં અસામયિક બરફવર્ષા, ભારે વરસાદ, કરા અને કુદરતી આપદીઓનો ખતરો અનેકગણો વધી ગયો છે. વાડિયા સંસ્થાનના વૈજ્ઞાનિક ડૉ. પંકજ ચૌહાનના જણાવ્યા પ્રમાણે બાગેશ્વરના પિંડારી અને કફની ગ્લેશિયરની જેમ સમગ્ર મધ્ય હિમાલય હાલમાં આ જ ઋતુપરિવર્તનનો સામનો કરી રહ્યો છે.

આંકડાઓ મુજબ પિંડારી અને કફની ગ્લેશિયર વિસ્તારમાં આ વર્ષે એપ્રિલ મહિનામાં સૌથી વધુ ૧૫૮ સેન્ટીમીટર બરફ પડ્યો છે, જ્યારે માર્ચમાં ૮૪ સેન્ટીમીટર બરફ નોંધાયો હતો. તેની સામે જાન્યુઆરીમાં માત્ર ૯૬ સેન્ટીમીટર બરફ પડ્યો હતો અને ડિસેમ્બરમાં માત્ર ઊંચા વિસ્તારોમાં ચાર વખત હળવી બરફવર્ષા થઈ હતી.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, માર્ચ અને એપ્રિલમાં તાપમાન વધુ હોવાના કારણે બરફ જેટલી ઝડપે પડે છે એટલી જ ઝડપે પીગળી પણ જાય છે. જેના કારણે ગ્લેશિયરો અંદરથી નબળા પડી રહ્યા છે. ભવિષ્યમાં આ સ્થિતિ જળસ્ત્રોતોને અસર કરી શકે છે અને મોટી કુદરતી આપદીઓને આમંત્રણ આપી શકે છે.

પર્યાવરણવિદ અને પદ્મવિભૂષણ ડૉ. અનિલ જોશીના જણાવ્યા મુજબ હવામાનના આ બદલાતા પેટર્નથી કૃષિ, પર્યટન અને હોર્ટિકલ્ચર ક્ષેત્રોને ગંભીર અસર થશે. જેના કારણે ખાદ્ય સુરક્ષાનો સંકટ ઊભો થઈ શકે છે અને અનાજના ભાવોમાં પણ વધારો થવાની શક્યતા છે.

# WHOએ ઈબોલા વાયરસને લઈને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી

નવી દિલ્હી, તા.૨૪

કોરોના બાદ હવે વળી પાછો એક વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. દુનિયા પર ખતરનાક મહામારીનો ઓછાયો જોવા મળી રહ્યો છે. આફ્રિકાના કેટલાક દેશોમાં ઈબોલા વાયરસના વધતા કેસ જોતા વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. વૈશ્વિક સ્તરે વધતા જોખમને જોતા ભારત સરકાર પણ હવે એલર્ટ મોડ પર છે. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને યુગાન્ડામાં ઈબોલના કેસ ખુબ ઝડપથી વધી રહ્યા છે. જો કે ગંભીરતા જોતા WHOએ આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય નિયમો (IHR 2005) હેઠળ ૧૭ મે ૨૦૨૬ના રોજ તેને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. જ્યારે કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ભારતીય નાગરિકો માટે એક જરૂરી ટ્રાવેલ એડવાઈઝરી બહાર પાડી છે. આ સાથે જ આફ્રીકી સેન્ટર્સ ફોર ડિસીસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શને પણ ઈબોલા વાયરસ અંગે કડક ચેતવણી ઉચ્ચારી છે.

આફ્રીકામાં ઈબોલાનો કહેર જોતા ભારતના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે દેશના નાગરિકોને સતર્ક રહેવા જણાવ્યું છે. સરકારે એડવાઈઝરી બહાર પાડીને નાગરિકોને સલાહ આપી છે કે તેઓ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા, અને દક્ષિણ સુડાનની યાત્રા કરવાનું ટાળે. સરકારે કહ્યું કે જ્યાં સુધી સ્થિતિ સામાન્ય ન થઈ જાય ત્યાં સુધી આ દેશોમાં બિનજરૂરી મુસાફરી ટાળવી એ સમજદારી છે. ભારત સરકારે એવી પણ સલાહ આપી છે કે જે લોકો આ દેશોમાં રહે છે અથવા તો બહુ જરૂરી હોય અને ત્યાં મુસાફરી કરી રહ્યા છે તો તેઓ જરૂરી સ્વાસ્થ્ય ગાઈડલાઈન્સને ફોલો કરે. અત્રે જણાવવાનું કે આ સંકટની ઘડીમાં ભારત આફ્રીકાને પડખે છે. ભારત સરકારે આફ્રીકા સેન્ટર્સ ફોર ડિસિસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનને જરૂરી મેડિકલ સપ્લાય અને પ્રોટેક્ટિવ કિટ્સની પહેલી ખેપ રવાના કરી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું કે આ મદદ રાશિ અને ચિકિત્સા સામગ્રીનો હેતુ આફ્રીકી મહાદ્વીપને ઉભરી રહેલી ઈબોલા હેલ્થ ઈમરજન્સીથી પહોંચી વળવા માટે મજબૂતી આપવાનો છે. ભારત તરફથી મોકલવામાં આવેલી પહેલી ખેપમાં ડોકટરો અને ફ્રન્ટલાઈન વર્કર્સ માટે ખુબ જરૂરી ચિકિત્સા સામગ્રી મોકલવામાં આવી છે.

આ ખેપમાં દર્દીઓની સારવાર માટે અત્યંત જરૂરી અને ઈમરજન્સી દવાઓ સામેલ છે. આ ઉપરાંત ડોકટરો અને સ્વાસ્થ્ય કર્મીઓને વાયરસના સંક્રમણથી બચાવવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળી પીપીઈ કિટ્સ, માસ્ક અને અન્ય સુરક્ષા ઉપકરણો મોકલવામાં આવ્યા છે.

### અનેક ડબ્બા ખડી પડ્યા, ૩૦ના મોત

# બલૂચિસ્તાનના ક્વેટામાં આત્મઘાતી હુમલો કરીને ટ્રેન ઉડાવી દેવાઈ

બલૂચિસ્તાન, તા.૨૪

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં ભારે અશાંતિનો માહોલ છે. બલૂચો સતત શહબાજ શરીફને અલ્ટીમેટમ આપે છે. આ બધા વચ્ચે બલૂચિસ્તાનના ક્વેટા પ્રાંતથી એક મોટા સમાચાર આવ્યા છે. ક્વેટાના ચમન ફાટક વિસ્તારમાં ધડાકા બાદ એક ટ્રેનના અનેક ડબ્બા ખડી પડ્યા. આ ઘટનાનો વીડિયો પણ વાયરલ થયો છે. એવું કહેવાય છે કે આ ટ્રેન કેન્ટથી આવી રહી હતી. ઘટનાસ્થળે આગ અને ધૂમાડાના ગોટેગોટા જોવા મળ્યા. ત્યારબાદ બચાવ અભિયાન શરૂ થઈ ગયું છે. બ્લાસ્ટના કારણે એક ડબ્બામાં આગ લાગી ગઈ. જેના કારણે ભારે નુકસાન થયું છે. ધડાકામાં ૩૦ લોકોના મોત થયા છે. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે.

રિપોર્ટ મુજબ બલૂચ લિબરેશન આર્મી (BLA)ના મજીદ બ્રિગેડના એક આત્મઘાતી હુમલાખોરે રવિવારે સવારે ક્વેટામાં ચમન ફાટક પાસે ક્વેટા કેન્ટથી સૈન્ય કર્મીઓને લઈને જઈ રહેલી જાફર એક્સપ્રેસ ટ્રેનને નિશાન બનાવી એક ભીષણ ફિદાયીન હુમલો કર્યો. રેલવે ટ્રેક નજીક થયેલા આ શક્તિશાળી બોમ્બ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. ધડાકાના કારણે પેસેન્જર ટ્રેનની એક બોગી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ. જ્યારે ટ્રેનની આસપાસ આવેલા અનેક ઘરો અને વાહનોને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો અને પોલીસ અધિકારીઓ પહોંચી ગયા અને રાહત તથા બચાવ કાર્ય શરૂ કરી દીધુ. સુરક્ષાદળોએ વિસ્તારની નાકાબંધી કરી લીધી છે અને ઘાયલોને તરત હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે. અનેક લોકોની સ્થિતિ ગંભીર હોવાનું પણ કહેવાય છે. બલૂચ લિબરેશન આર્મીના પ્રવક્તા જીયાંદ બલૂચે મીડિયાને જારી કરેલા નિવેદનમાં આ ફિદાયીન હુમલાની જવાબદારી લીધી છે. પ્રાથમિક તપાસ મુજબ આ એક સુનિયોજિત હુમલો હતો. જેને ટ્રેનના પસાર થવાના સમયે અંજામ અપાયો. જેથી કરીને વધુમાં વધુ જાનમાલનું નુકસાન થઈ શકે. ઈમરજન્સી બચાવ ટુકડી, અને પોલીસ ફોર્સ ઘટનાસથળે રાહત કાર્ય ચલાવવાની સાથે સાથે વિસ્ફોટના સટીક કારણો અને આત્મઘાતી હુમલાખોરની તપાસમાં લાગ્યા છે.

# બાંગ્લાદેશી અને રોહિંગ્યાઓને ડિપોર્ટ કરવા માટે હોલ્ડિંગ સેન્ટર બનશે

કોલકાતા, તા.૨૪

પશ્ચિમ બંગાળમાં સત્તા સંભાળ્યા બાદ શુભેન્દુ સરકારે ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકો વિરૂદ્ધ એક મોટું અને મક્કમ પગલું ભર્યું છે.

રાજ્યમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો, ખાસ કરીને બાંગ્લાદેશી અને રોહિંગ્યા પ્રવાસીઓને તેમના દેશ પાછા મોકલવાની તૈયારીઓ સરકારે શરૂ કરી દીધી છે.

આ અંતર્ગત રાજ્ય સરકારે ખાસ હોલ્ડિંગ સેન્ટર બનાવવાનો આદેશ આપ્યો છે.

શુભેન્દુ સરકાર દ્વારા આ સંદર્ભે પશ્ચિમ બંગાળના તમામ જિલ્લાધિકારીઓ (DM) ને લેખિત નિર્દેશો અને ગાઈડલાઈન્સ જારી કરવામાં આવી છે. તમામ જિલ્લાધિકારીઓને પોતાના વિસ્તારમાં આ હોલ્ડિંગ સેન્ટર્સ બનાવવા માટે યોગ્ય જગ્યાની ઓળખ કરવા કહેવાયું છે. આ પ્રક્રિયાને વહેલી તકે શરૂ કરવા માટેની કડક સૂચના અપાઈ છે. વહીવટીતંત્રનું મુખ્ય ફોકસ ખાસ કરીને સરહદી જિલ્લાઓ અને એવા વિસ્તારો પર છે, જ્યાં ગેરકાયદેસર પ્રવાસીઓ છુપાયા હોવાની આશંકા વધુ છે.

આ હોલ્ડિંગ સેન્ટરો બનાવવાનો મુખ્ય હેતુ ગેરકાયદેસર રીતે રહેતા લોકો પર ચુસ્ત નજર રાખવાનો છે. રાજ્યના અલગ-અલગ ભાગોમાંથી પકડાયેલા ગેરકાયદેસર બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરોને હવે સીધા જેલમાં રાખવાને બદલે આ સ્પેશિયલ હોલ્ડિંગ સેન્ટરોમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

# સરકાર પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા અને સુરક્ષા બનાવી રાખવામાં નિષ્ફળ : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૨૪

નીટ પેપર લીક મામલે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર તીખા પ્રહારો કર્યા છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યુ કે જ્યાં સુધી મજબૂત વ્યવસ્થા નહીં બને ત્યાં સુધી કોંગ્રેસનું આંદોલન ચાલુ રહેશે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે કેન્દ્ર સરકાર અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર પ્રહારો કર્યા, અને કહ્યું કે કોંગ્રેસ ત્યાં સુધી શાંત નહીં બેસે જ્યાં સુધી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે, અને પરીક્ષાની પદ્ધતિને પારદર્શક અને સુરક્ષિત નહીં બનાવે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર હૈદરાબાદના વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનો એક વીડિયો શેર કર્યો છે. જેમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પેપરલીકને લઈને નારેબાજી કરીને શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર સામે પણ વિદ્યાર્થીઓ નારેબાજી કરતા જોવા મળી રહ્યા છે. રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં કહ્યુ છે કે, લાખો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હોય, ૨૨ લાખ વિદ્યાર્થીનું ભવિષ્ય દાવ પર લાગ્યુ હોય અને વડાપ્રધાન ચૂપ રહે, તો એ વાત સ્પષ્ટ છે કે સરકાર જવાબ આપવાના બદલે બચાવ કરવામાં લાગી છે. તેમણે કહ્યુ છે કે, જ્યાં સુધી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે અને નીટ જેવા પેપરલીકને રોકવામાં મજબૂત અને ફુલપ્રૂફ વ્યવસ્થા લાગૂ નહીં કરે ત્યાં સુધી કોંગ્રેસનો સંઘર્ષ યથાવત રહેશે.

મહત્વનું છે કે કોંગ્રેસ સતત નીટ-યુજી પરીક્ષા રદ થવાને પગલે શિક્ષણમંત્રીના રાજીનામાની માગ કરી રહી છે. વિપક્ષનો આરોપ છે કે સરકાર પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા અને સુરક્ષા બનાવી રાખવામાં નિષ્ફળ નીવડી છે.

આ તરફ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાહુલ ગાંધીને NDA સરકાર પાડવા વાળા નિવેદન પર પલટવાર કર્યો છે. નાગપુરમાં મીડિયા સાથે વાતચીત કરતા ફડણવીસે કહ્યું કે રાહુલ ગાંધીની વાતો માત્ર મુંગેરીલાલના હસીન સપના જેવી છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીનો દાવો છે કે મોદી સરકાર ૧ વર્ષની અંદર પડી જશે તે સંપૂર્ણ કાલ્પનિક અને દિવાસ્વપ્ન સમાન છે.

મહત્વનું છે કે નાગપુરમાં ગોદામ લોજિસ્ટીક પાર્કના ઉદ્ઘાટન સમારોહમાં ફડણવીસ પહોંચ્યા હતા. જ્યાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પણ હાજર રહ્યા હતા. જ્યાં તેમણે કહ્યું કે મહારાષ્ટ્રની નવી લોજિસ્ટીક્સ નીતિના કારણે નાગપુર દેશનું મુખ્ય લોજિસ્ટીક હબ બનવા જઈ રહ્યુ છે. મુખ્યમંત્રીએ એ પણ કહ્યુ કે આધુનિક લોજિસ્ટીક્સ પાર્ક બનવાથી ઉદ્યોગો પરનું ભારણ ઘટશે અને ભારતીય કંપનીઓ વૈશ્વિક સપ્લાય ચેનમાં અધિક પ્રતિસ્પર્ધી બનશે.




# સોનાના વાયદામાં રૂ.૨૩૭૨ અને ચાંદીના વાયદામાં રૂ.૧૬૨૧૯નો સાપ્તાહિક ધોરણે કડાકોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૮ ઢીલો

મુંબઈ
દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૫થી ૨૧ મેના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૬૬૦૨૬૩.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૧૯૧૬.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૩૨૮૩૪૪.૬૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં સાપ્તાહિક ધોરણે કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૮૬૫૪.૪૫ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૧૧૦૫.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ગ્રામદીઠ રૂ.૧૬૦૭૯૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૦૯૯૨ અને નીચામાં રૂ.૧૫૭૫૪૭ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૯૭૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૩૭૨ના ઘટાડા સાથે રૂ.૧૫૯૬૦૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૨૧૦૫ ઘટી રૂ.૧૨૭૭૮૦ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૬૬ ઘટી સપ્તાહના અંતે રૂ.૧૫૯૯૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૪૮ ઘટી સપ્તાહના અંતે રૂ.૧૫૯૦૦૫ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૯૬૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૦૬૨૦ અને નીચામાં રૂ.૧૫૭૧૫૯ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૬૬૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૫૯૮ ઘટી રૂ.૧૫૯૦૬૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૮૦૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૮૩૨૧૯ અને નીચામાં રૂ.૨૬૪૯૪૯ના સ્તરને સ્પર્શી, રૂ.૨૯૧૧૦૨ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૬૨૧૯ના ભાવઘટાડા સાથે રૂ.૨૭૪૮૮૩ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૧૪૮૯૩ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૭૮૫૮૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો સપ્તાહના અંતે રૂ.૧૪૮૮૯ ઘટી રૂ.૨૭૮૫૯૪ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૩૬૦૧૩.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૪૦.૪ ઘટી રૂ.૧૩૪૫.૦૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત મે વાયદો ૫ પૈસા સુધરી સપ્તાહના અંતે રૂ.૩૬૭.૪૫ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૧.૨૫ વધી રૂ.૩૮૬.૭૫ના ભાવે સપ્તાહના અંતે બોલાયો હતો. સીસું મે વાયદો ૪૦ પૈસા ઢીલો રહી સપ્તાહના અંતે રૂ.૨૦૩.૨ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૮૪૭૮૬.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૫૦૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭૮૯ અને નીચામાં રૂ.૪૪૯૬ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૨૬૦ વધી રૂ.૪૭૭૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૯૪૫૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૧૫૦ અને નીચામાં રૂ.૯૨૧૧ના સ્તરને સ્પર્શી, રૂ.૯૩૫૦ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮ ઘટી રૂ.૯૩૪૨ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો સપ્તાહના અંતે રૂ.૯ ઘટી રૂ.૯૩૩૯ થયો હતો.

નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૨.૭ વધી સપ્તાહના અંતે રૂ.૨૯૦.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૧૨.૭ વધી રૂ.૨૯૦.૧ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૯૪.૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૯.૨ ઘટી રૂ.૯૮૫.૩ થયો હતો. એલચી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૭૫૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫ ઘટી રૂ.૨૭૪૪ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૦૧૪૨૭.૬૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૦૯૬૭૭.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૭૫૯૮.૫૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૪૨૩૯.૫૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૩.૨૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૯૫૧.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૯૮.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૪૦૮૬.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૩૦૬૦૦.૯૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૦.૮૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૯૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૫૭૯૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૫૫૯૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૬૩૦૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૮૨૮૨૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૭૨૪૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૧૮૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૯૨૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૪૮૯૫૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૩૦૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૨૨૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૨૪૨૦ લોટના સ્તરે રહ્યો હતો.

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૧૯૧૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૩૨૮૩૪૪ કરોડનું સાપ્તાહિક ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૧૧૦૫.૦૫ કરોડનાં સાપ્તાહિક કામકાજ




# હાર્ટ માટેના ૫ સુપરફૂડ્સઃ તમારા હૃદય અને રક્ત પરિભ્રમણ તંત્રને મજબૂત રાખો

**લેખિકાઃ રિતિકા સમદાર**

આજની ઝડપી જીવનશૈલીમાં બેઠાડુ જીવન અને પ્રોસેસ્ડ ફૂડ પર વધતી નિર્ભરતા કારણે હાઈ કોલેસ્ટ્રોલ, હાઈ બ્લડ પ્રેશર અને અન્ય હૃદયસંબંધિત સમસ્યાઓ વધુ સામાન્ય બની રહી છે. હૃદયના આરોગ્યને મજબૂત બનાવવા માટે યોગ્ય પોષણ અત્યંત જરૂરી છે, અને બદામ, ફેટી ફિશ, લીલા શાકભાજી, કઠોળ અને ફળો જેવા પોષકતત્વોથી સમૃદ્ધ ખાદ્યપદાર્થોનો સમાવેશ હૃદયના આરોગ્યમાં મહત્વપૂર્ણ ફેરફાર લાવી શકે છે. મેક્સ હેલ્થકેર માં રિજનલ હેડ – ડાયટેટિક્સ તરીકે કાર્યરત રિતિકા સમદાર હૃદય માટે ફાયદાકારક એવા કેટલાક શ્રેષ્ઠ ખાદ્યપદાર્થો વિશે માહિતી આપે છે, જે હૃદયના આરોગ્યને સુધારવામાં અને લાંબા ગાળાના સ્વાસ્થ્યને સમર્થન આપવા મદદરૂપ થાય છે.

**કેલિફોર્નિયા બદામ-**

દરરોજના આહારમાં એક મુઠ્ઠી બદામ ઉમેરવી હૃદયના આરોગ્ય માટે સારો પ્રારંભ બની શકે છે, કારણ કે તેમાં પોષક તત્વોની ભરપૂર માત્રા હોય છે અને તે એક ઉત્તમ સુપરફૂડ છે. બદામમાં વિટામિન ઈ, મેગ્નેશિયમ, પ્રોટીન, રિબોફ્લેવિન અને ઝિંક સહિત ૧૫ આવશ્યક પોષક તત્વો મળે છે. કેલિફોર્નિયા બદામને સંતુલિત આહારમાં સામેલ કરવાથી કુલ કોલેસ્ટ્રોલ અને LDL (ખરાબ કોલેસ્ટ્રોલ) ઘટાડવામાં મદદ મળી શકે છે અને હૃદયને નુકસાન પહોંચાડતી સોજાની અસર પણ ઓછી થઈ શકે છે. જર્નલ ઓફ ધ અમેરિકન હાર્ટ એસોસિએશનમાં પ્રકાશિત એક અભ્યાસ મુજબ, દરરોજ ૪૨ ગ્રામ બદામનું સેવન હૃદયરોગના અનેક જોખમકારક પરિબળોમાં સુધારો લાવે છે અને HDL (સારા કોલેસ્ટ્રોલ)માં પણ નોંધપાત્ર વધારો કરે છે.

**માછલી**

દરરોજ અથવા અઠવાડિયામાં ફેટી ફિશનો સમાવેશ હૃદયના આરોગ્ય માટે ઉત્તમ માનવામાં આવે છે, કારણ કે તેમાં ઓમેગા-૩ ફેટી એસિડ્સ અને સ્વસ્થ ચરબી ભરપૂર હોય છે, જે હૃદયના આરોગ્ય જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સેલ્મન, મેકરેલ, સાર્ડીન, ટુના અને ટ્રાઉટ જેવી માછલીઓ શરીરમાં સોજો ઘટાડવામાં અને બ્લડ પ્રેશર સંતુલિત રાખવામાં મદદરૂપ થાય છે. ઓમેગા-૩ ફેટી એસિડ્સ સારા કોલેસ્ટ્રોલ (HDL) વધારવામાં, અનિયમિત હાર્ટબીટના જોખમને ઘટાડવામાં અને ધમનીઓમાં પ્લેક જમાવટ અટકાવવામાં મદદ કરે છે.

**લીલા શાકભાજી**

લીલા શાકભાજી વિટામિન, મિનરલ્સ, ફાઈબર અને એન્ટીઓક્સિડન્ટ્સથી ભરપૂર હોય છે, જે હૃદયના આરોગ્યને સમર્થન આપે છે. પાલક, કેળ અને બ્રોકોલી જેવા શાકભાજીમાં વિટામિન K, નાઈટ્રેટ્સ અને ફોલેટ જેવા પોષક તત્વો હોય છે, જે બ્લડ પ્રેશર નિયંત્રિત કરવામાં, રક્ત પરિભ્રમણ સુધારવામાં અને સમગ્ર હૃદય કાર્યક્ષમતાને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

**કઠોળ**

કઠોળ હૃદય માટે અત્યંત લાભદાયી આહાર છે, કારણ કે તેમાં પ્લાન્ટ પ્રોટીન, ફાઈબર અને જરૂરી પોષક તત્વો ભરપૂર હોય છે તેમજ તેમાં ચરબી ઓછી હોય છે. દાળ, રાજમા, ચણા અને વટાણા જેવા ખાદ્યપદાર્થો LDL (ખરાબ કોલેસ્ટ્રોલ) ઘટાડવામાં, બ્લડ શુગર નિયંત્રિત કરવામાં અને બ્લડ પ્રેશરને સંતુલિત રાખવામાં મદદ કરે છે. તેમાં રહેલું ઊંચું ફાઈબર પાચનક્રિયા સુધારે છે અને સ્વસ્થ વજન જાળવવામાં સહાય કરે છે, જે હૃદયરોગના જોખમને ઘટાડવા માટે મહત્વપૂર્ણ છે.

**ફળો**

તાજા ફળો હૃદયના આરોગ્ય માટે કુદરતી અને અસરકારક વિકલ્પ છે. તેમાં વિટામિન, મિનરલ્સ, ફાઈબર અને એન્ટીઓક્સિડન્ટ્સ સમૃદ્ધ પ્રમાણમાં હોય છે. બેરીઝ, સંત્રા, સફરજન, કેળા અને દાડમ જેવા ફળો શરીરમાં સોજો ઘટાડવામાં, રક્ત પરિભ્રમણ સુધારવામાં અને બ્લડ પ્રેશરને સ્વસ્થ સ્તરે જાળવવામાં મદદરૂપ થાય છે. તેમાં રહેલા કુદરતી એન્ટી ઓક્સિડન્ટ્સ રક્તવાહિનીઓને નુકસાનથી બચાવે છે અને સમય સાથે હૃદયસંબંધિત સમસ્યાઓના જોખમને ઘટાડે છે.

આ હૃદય માટે ફાયદાકારક ખાદ્યપદાર્થોને દૈનિક જીવનમાં સામેલ કરવું વધુ સારું હૃદય આરોગ્ય મેળવવા માટે એક સરળ પરંતુ અસરકારક પગલું છે. પ્રોસેસ્ડ ફૂડની જગ્યાએ પોષકતત્વોથી સમૃદ્ધ ખોરાક પસંદ કરવાથી કોલેસ્ટ્રોલ, બ્લડ પ્રેશર અને હૃદયની કાર્યક્ષમતાને નિયંત્રિત કરવામાં મહત્વપૂર્ણ ફેરફાર આવી શકે છે. આજે હૃદયના આરોગ્યને પ્રાથમિકતા આપવાથી ભવિષ્યમાં વધુ સ્વસ્થ અને સક્રિય જીવન જીવવામાં મદદ મળશે.

# એજન્ટ્સ + અલ્ગોરિધમ્સઃ વીમા ક્ષેત્રના આગામી દાયકાને વ્યાખ્યાયિત કરતું હાઈબ્રિડ ડિસ્ટ્રીબ્યુશન મોડલ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) જીવન વીમા ક્ષેત્રને અભૂતપૂર્વ ગતિએ બદલી રહ્યું છે. તે કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવી રહ્યું છે, ગ્રાહકો અંગેની સમજણને વધુ સચોટ બનાવી રહ્યું છે અને વધુ વ્યક્તિગત પ્રોડક્ટ ડિઝાઈન શક્ય બનાવી રહ્યું છે.

પરંતુ, ટેક્નોલોજીમાં આટલી ઝડપથી પ્રગતિ થવા છતાં એક હકીકત આજે પણ અચળ છેઃ જીવન વીમાનો વ્યવસાય અંતે વિશ્વાસ પર આધારિત છે અને ગ્રાહકોના નિર્ણય લેવામાં માનવીય સલાહકારો આજે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ડિજિટલ રીતે વિકસિત બજારોમાં પણ મોટાભાગના ગ્રાહકો પોતાની સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન પૂર્ણ કરતા નથી. તેઓ ડિજિટલ માધ્યમથી માહિતી મેળવે છે, પરંતુ અંતિમ નિર્ણય લેતા પહેલાં માનવીય માર્ગદર્શન અને ખાતરી મેળવવા માંગે છે. આ કોઈ અવરોધ નથી પરંતુ એક સ્પષ્ટ સંકેત છે. તે દર્શાવે છે કે વીમા વિતરણનું ભવિષ્ય માત્ર ડિજિટલ નહીં, પરંતુ સ્પષ્ટ રીતે હાઈબ્રિડ રહેશે.

ભારત જયારે '૨૦૪૭ સુધી સૌના માટે વીમા'ના વિઝન તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે વિતરણ વ્યવસ્થાને વિસ્તૃત કરવા માટે એજન્ટની ભૂમિકાને ફરીથી વ્યાખ્યાયિત કરવાની જરૂર પડશે, તેમને બદલવાની નહીં. વાસ્તવિક તક ટેક્નોલોજીથી સક્ષમ સલાહકારો તૈયાર કરવામાં છે, જયાં એલ્ગોરિધમ્સ માનવીય ક્ષમતાને વધુ મજબૂત બનાવે, તેની જગ્યા લે નહીં.

વીમા ક્ષેત્રમાં માનવીય સલાહ આજે પણ કેન્દ્રસ્થાને

વીમા સંબંધિત નિર્ણયો મૂળભૂત રીતે જટિલ, લાંબા ગાળાના અને ભાવનાત્મક રીતે મહત્વપૂર્ણ હોય છે. આવા નિર્ણયો માટે યોગ્ય સમજણ, પરિસ્થિતિનું મૂલ્યાંકન અને વિશ્વાસ આપવાની જરૂર હોય છે જે ક્ષેત્રોમાં માનવીય સલાહકારો માત્ર ડિજિટલ ઈન્ટરફેસ કરતાં વધુ અસરકારક સાબિત થાય છે.

એઆઈ ડેટા પ્રોસેસ કરી શકે છે, પેટર્ન ઓળખી શકે છે અને વિકલ્પોની ભલામણ કરી શકે છે, પરંતુ વિશ્વાસ હજુ પણ સંવાદ દ્વારા જ ઊભો થાય છે. ગ્રાહકો માત્ર માહિતી નહીં, પરંતુ સ્પષ્ટતા ઈચ્છે છે. તેઓ માત્ર તુલના નહીં, પરંતુ આત્મવિશ્વાસ શોધે છે.

આથી, સૌથી અસરકારક ડિસ્ટ્રીબ્યુશન મોડલ્સ એવા રહેશે, જે નીચેના બે તત્વોને જોડશેઃ

- અલ્ગોરિધમ્સની વિશ્લેષણાત્મક શક્તિ
- માનવીય સલાહકારોની અર્થઘટન કરવાની ક્ષમતા અને સમજણ

આ કોઈ સમાધાન નથી પરંતુ ક્ષમતામાં વધારો કરનાર મોડલ છે.

ટેક્નોલોજી એજન્ટોની કાર્યક્ષમતાને નવી વ્યાખ્યા આપી રહી છે.

મૂળભૂત પરિવર્તન હવે એમાં થઈ રહ્યું છે કે સલાહકારો કેવી રીતે કાર્ય કરે છે.

ચીહછૈં, ઓટોમેશન અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થયેલી પ્રગતિ સમગ્ર વેલ્યૂ ચેઈનમાં રહેલા અવરોધોને દૂર કરી રહી છેઃ

- ી-દ્મરૂઝ અને પેપરલેસ ઓનબોર્ડિંગ દ્વારા પ્રક્રિયાનો સમય ઘણો ઘટ્યો છે
- ઈન્સ્ટન્ટ અન્ડરરાઈટિંગ એન્જિન દ્વારા પોલિસી જારી કરવાની પ્રક્રિયા ઝડપી બની છે
- સીઆરએમ અને એનાલિટિક્સ પ્લેટફોર્મ્સ વધુ સચોટ ગ્રાહક સમજણ પ્રદાન કરે છે

આ પરિવર્તન માત્ર ધીમે ધીમે થતો સુધારો નથી પરંતુ માળખાકીય પરિવર્તન છે.

આજે સલાહકારો ઓછા સમયમાં વધુ સચોટ અને વધુ કાર્યક્ષમ રીતે કામ કરી શકે છે. વધુ મહત્વની વાત એ છે કે તેઓને હવે દૈનિક બીબાઢાળ કામોમાંથી મુક્ત કરી, એવા કામો તરફ દોરી શકાય છે જે વાસ્તવમાં મૂલ્ય ઊભું કરે છેઃ સલાહ, ગ્રાહક જોડાણ અને સંબંધ નિર્માણ.



**સમીર જોશી**
ચીફ એજન્સી ઓફિસર,
બજાજ લાઈફ ઈન્શ્યોરન્સ

ટેક્નોલોજીથી સશક્ત સલાહકારોનો ઉદય

વીમા એજન્ટની ભૂમિકામાં સ્પષ્ટ પરિવર્તન આવી રહ્યું છે. માત્ર પ્રોડક્ટ વિતરણકર્તાથી આગળ વધી હવે તેઓ નાણાકીય સુરક્ષા સલાહકાર બની રહ્યા છે.

ભવિષ્ય માટે તૈયાર સલાહકારો એવા ઈન્ટિગ્રેટેડ ઈકોસિસ્ટમમાં કાર્ય કરશે, જે તેમને નીચે મુજબની સગવડો આપશેઃ

- ગ્રાહકોની જરૂરિયાતો અંગે પ્રીડિક્ટિવ ઈનસાઈટ્સ
- રિયલ-ટાઈમ નિર્ણય આધાર
- ઓટોમેટેડ કમ્પ્લાયન્સ અને સર્વિસિંગ
- સમગ્ર નાણાંકીય આયોજન માટેના સાધનો

માનવીય ક્ષમતા અને મશીન ઈન્ટેલિજન્સનું આ સંયોજન જ હાઈબ્રિડ ડિસ્ટ્રીબ્યુશન મોડલની વ્યાખ્યા આપે છે.

કન્સલ્ટીંગ સંસ્થા મેકેન્સી દ્વારા કરવામાં આવેલા સંશોધન મુજબ, ડિજિટલ રીતે સક્ષમ એજન્સી મોડલ અપનાવનાર વીમા કંપનીઓમાં એજન્ટોની સફળતા દર અને વેચાણ રૂપાંતરણમાં ૧૦થી ૨૦ટકા સુધીનો વધારો નોંધાયો છે, જયારે ઓનબોર્ડિંગ ખર્ચમાં ૨૦થી ૪૦ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. ડિજિટલ સક્ષમ એજન્સી મોડલ્સ ઉત્પાદકતા, રૂપાંતરણ અને ખર્ચ કાર્યક્ષમતા ક્ષેત્રે માપનીય સુધારા આપી રહ્યા છે. ભારત જેવા બજારોમાં નિયમનકારી પ્રોત્સાહન અને વધતી ડિજિટલ અપનાવટ આ પરિવર્તનને વધુ ઝડપથી આગળ ધપાવી રહ્યા છે.

આગળનો માર્ગઃ બદલાવ નહીં, પરંતુ ક્ષમતામાં વધારો

ઉદ્યોગમાં ચાલી રહેલી ચર્ચા હવે "એજન્ટ્સ સામે અલ્ગોરિધમ્સ"થી આગળ વધવી જોઈએ. આ એક ખોટી દ્વિધા છે.

વાસ્તવિક તક એમાં છે કે અલ્ગોરિધમ્સથી સશક્ત બનેલા એજન્ટો તૈયાર કરવામાં આવે.

ટેક્નોલોજી સલાહકારોને બદલશે નહીં પરંતુ તેમને વધુ બનાવશેઃ

- અમલીકરણમાં વધુ ઝડપી
- સમજણમાં વધુ સચોટ
- ગ્રાહક જોડાણમાં વધુ સલાહ-સૂચનો

વીમા ક્ષેત્રના મૂળમાં ટેક્નિકલ ચોકસાઈ અને માનવીય સહાનુભૂતિ, બંનેની જરૂરિયાત છે. ભવિષ્ય એવા મોડલ્સનું છે, જે આ બંને તત્વોને સરળતાથી અને મોટા પાયે પ્રદાન કરી શકે.

આગામી દાયકાની વ્યાખ્યા માત્ર ડિજિટલ પરિવર્તનથી નહીં, પરંતુ ઉદ્યોગ કેટલા અસરકારક રીતે માનવીય વિશ્વાસ અને મશીન ઈન્ટેલિજન્સને એકસાથે જોડે છે તેના આધારે નક્કી થશે.

# બોહરિંગર ઈંગેલહાઈમ ઈન્ડિયાએ અમદાવાદ NIPER સાથે MoU પર હસ્તાક્ષર કર્યા

બોહરિંગર ઈંગેલહાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ અમદાવાદ અને હૈદરાબાદ સાથે બે અલગ-અલગ સમજૂતી કરાર (MoU) કર્યા છે. હૈદરાબાદમાં યોજાયેલા એક સંયુક્ત સમારોહમાં આ પાંચ વર્ષના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેથી સંયુક્ત સંશોધન, શૈક્ષણિક આદાનપ્રદાન અને ક્ષમતા નિર્માણના કાર્યક્રમો દ્વારા દવાના ક્ષેત્રમાં સંશોધન, શિક્ષણ અને નવીનતાને પ્રોત્સાહન મળી શકે. MoU હસ્તાક્ષર સમારોહમાં NIPER-અમદાવાદ અને હૈદરાબાદના ડાયરેક્ટર ડૉ. શૈલેન્દ્ર સરાફની સાથે NIPER અમદાવાદના પ્રોફેસર અને ડીન ડૉ. અક્ષય શ્રીવાસ્તવ અને NIPER હૈદરાબાદના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રાજેશ કુમાર હાજર રહ્યા હતા. આ કરાર હેઠળ બોહરિંગર ઈંગેલહાઈમ ઈન્ડિયા બંને સંસ્થાઓના સંશોધકો અને પ્રોફેસરોને કંપનીના ગ્રાઉન્ડબ્રેકિંગ વૈશ્વિક ઓપન સાયન્સ પોર્ટલ opnMe® (www.opnme.com) નો ઉપયોગ કરવાની મંજૂરી આપશે.

ડૉ. શૈલેન્દ્ર સરાફ, ડાયરેક્ટર, NIPER - અમદાવાદ અને હૈદરાબાદઃ "ભારત જેનરિક દવાઓ બનાવતા દેશમાંથી નવી શોધ કરતા ફાર્માસ્યુટિકલ દેશ તરીકે જે બદલાવ તરફ આગળ વધી રહ્યું છે, તે કોઈ એક સંસ્થા કે કંપની દ્વારા શક્ય નથી. આ બદલાવ દેશભરમાં શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે આપણે જે નેટવર્ક બનાવી રહ્યા છીએ તેનાથી આવશે. અમારી બે સૌથી મહત્વપૂર્ણ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ્સ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સાથે એક જ દિવસમાં હસ્તાક્ષર કરાયેલા બે સમજૂતી કરાર, એ જ ગતિ છે જેની સાથે બાયોફાર્મા શક્તિ કાર્ય કરવા માટે બનેલું છે, અને તે જ ગતિ છે જેની અપેક્ષા હવે આ ક્ષેત્ર પોતાની પાસે રાખે છે."

મીનલ ગૌરી, મેનેજિંગ ડાયરેક્ટર, બોહરિંગર ઈંગેલહાઈમ ઈન્ડિયાઃ "opnMe® ની શરૂઆત બોહરિંગર ઈંગેલહાઈમના વૈજ્ઞાનિકોએ જે સંશોધનો કર્યા છે તેને વૈશ્વિક રિસર્ચ કોમ્યુનિટી સાથે શેર કરવા માટે થઈ હતી. ભારતમાં, તે કંઈક વધુ બની રહ્યું છે, એટલે કે સંસ્થાઓ સાથેની ભાગીદારીનું એક વ્યવસ્થિત નેટવર્ક જે આગામી દાયકા માટે દેશની ફાર્માસ્યુટિકલ પ્રતિભાઓને નવો આકાર આપશે. રાયબરેલી અને હાજીપુર પછી, અમદાવાદ અને હૈદરાબાદ સાથે હસ્તાક્ષર કરવા એ એક મહત્વપૂર્ણ પ્રતિબદ્ધતા છે, અને અમે તેને ભારતના ફાર્માસ્યુટિકલ શૈક્ષણિક નેટવર્ક પ્રત્યેની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને મજબૂત કરવાની તક તરીકે જોઈએ છીએ. ખાસ કરીને અમદાવાદમાં, જ્યાં ગુજરાતનો વર્ષો જૂનો ફાર્મા ક્ષેત્રનો અનુભવ અને યુવા સંશોધકોનો ઉત્સાહ એકસાથે મળે છે, ત્યાં આ જોડાણને એક યોગ્ય સ્થાન મળ્યું છે."

opnMe® ના માધ્યમથી, જે દવાના અણુઓનો ઉપયોગ દુનિયાભરના વૈજ્ઞાનિકો બાયોલોજીના સંશોધન માટે કરે છે, તે હવે ગાંધીનગરના સંશોધકોને પણ મળશે. આ રીતે જ માત્ર દવાઓ બનાવતું રાજ્ય હવે નવી શોધ કરતું રાજ્ય બનશે. બાયોફાર્મા શક્તિ મિશને ભારતના ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના આગામી પ્રકરણમાં બાયોલોજિક્સને મુખ્ય કેન્દ્રમાં રાખ્યું છે, અને NIPER હૈદરાબાદ સાથેની આ ભાગીદારી બરાબર તે જ દિશામાં કામ કરશે.

# નવી અભ્યાસ દરરોજ બદામના સેવનને પ્રીડાયાબિટીસ ધરાવતા વયસ્કોમાં વધુ સારા મગજ અને મેટાબોલિક આરોગ્ય સાથે જોડે છે

જર્નલ ઓફ ન્યુટ્રિશન માં પ્રકાશિત નવી સંશોધન સૂચવે છે કે એક સરળ આહારીય ફેરફાર—દરરોજ થોડા બદામનું સેવન—મધ્યવયના એશિયન ઈન્ડિયન પ્રી-ડાયાબિટીસ ધરાવતા વયસ્કોમાં જ્ઞાનાત્મક કાર્યક્ષમતા, મેટાબોલિક આરોગ્ય તથા સોજા અને ઓક્સિડેટિવ સ્ટ્રેસના સૂચકાંકોમાં સુધારો કરી શકે છે. પ્રી-ડાયાબિટીસ વિશ્વભરમાં ૬૦૦ મિલિયનથી વધુ લોકોને અસર કરે છે અને તે માત્ર ટાઈપ ૨ ડાયાબિટીસના વધેલા જોખમ સાથે જ નહીં, પરંતુ મગજની કાર્યક્ષમતામાં ઘટાડા સાથે પણ સંકળાયેલ છે? જર્નલ ઓફ ન્યુટ્રિશન માં પ્રકાશિત ડૉ. અનુપ મિશ્રા અને ડૉ. સીમા ગુલાટી દ્વારા કરવામાં આવેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે ૨૪ અઠવાડિયા સુધી દરરોજ બદામના સેવનથી એક્ઝિક્યુટિવ ફંક્શન, બ્લડ સુગર લેવલ અને શરીરની રચનામાં સુધારો થયો છે.

નવી દિલ્હી ખાતે કરવામાં આવેલા ૨૪-અઠવાડિયાના અભ્યાસમાં, ૪૦થી ૬૦ વર્ષની ઉંમરના ૬૦ એશિયન ઈન્ડિયન પ્રી-ડાયાબિટીસ ધરાવતા પરંતુ કૉગ્નિટિવ ડિક્લાઈનના કોઈ સંકેતો વગરના વયસ્કોને રેન્ડમ રીતે કંટ્રોલ અથવા ઈન્ટરવેન્શન ગ્રુપમાં વિભાજિત કરવામાં આવ્યા. ભાગ લેનારાઓને એશિયન ઈન્ડિયન આહાર માર્ગદર્શિકાઓ અનુસાર સંતુલિત આહાર અનુસરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કંટ્રોલ ગ્રુપે પોતાની સામાન્ય આહાર પદ્ધતિ ચાલુ રાખી, જ્યારે ઈન્ટરવેન્શન ગ્રુપે કેલરી-મેચ્ડ આહાર અનુસર્યો જેમાં બદામનો સમાવેશ હતો, જેમાં બદામ દૈનિક કેલરીના ૨૦% જેટલા હતા, જે અંદાજે ૩૨—૪૨ ગ્રામ પ્રતિદિન જેટલું થાય છે. ભાગ લેનારાઓનું અઠવાડિયામાં બે વખત રિમોટ મોનિટરિંગ કરવામાં આવ્યું અને દર ચાર અઠવાડિયે ઈન-પર્સન મુલાકાતો યોજાઈ. સંશોધકોએ અભ્યાસની શરૂઆત અને અંતે કૉગ્નિટિવ પરફોર્મન્સ, બ્લડ ગ્લુકોઝ લેવલ, HbA1c, બ્લડ લિપિડ્સ, વજન, મૈં અને કમરની પરિમિતિનું મૂલ્યાંકન કર્યું? અભ્યાસના અંતે, બદામ ગ્રુપના ભાગ લેનારાઓમાં એક્ઝિક્યુટિવ ફંક્શન અને પ્રોસેસિંગ સ્પીડમાં સુધારો જોવા મળ્યો, જે કૉગ્નિટિવ પરફોર્મન્સના મુખ્ય માપદંડો છે. આ ગ્રુપમાં બ્લડ શુગર નિયંત્રણમાં પણ સુધારો નોંધાયો, જેમાં ફાસ્ટિંગ બ્લડ ગ્લુકોઝનું ઘટાડો, ભોજન પછી બે કલાકના બ્લડ ગ્લુકોઝ લેવલમાં ઘટાડો અને લાંબા ગાળાના બ્લડ શુગર નિયંત્રણના સૂચક HbA1cમાં સુધારો સામેલ હતો. વધારાના મેટાબોલિક લાભોમાં શરીરનું વજન, બોડી ફેટ, BMI, કમરની પરિમિતિ, ટોટલ કોલેસ્ટેરોલ અને LDL કોલેસ્ટેરોલમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. બદામનું સેવન કરનાર ભાગ લેનારાઓમાં સોજા અને ઓક્સિડેટિવ સ્ટ્રેસ સંબંધિત સૂચકાંકોમાં પણ સુધારો નોંધાયો?

આ જ સંશોધકો દ્વારા કરવામાં આવેલા અગાઉના અભ્યાસોમાં જોવા મળ્યું હતું કે બદામનું સેવન પ્રી-ડાયાબિટીસ અને ટાઈપ ૨ ડાયાબિટીસ ધરાવતા એશિયન ઈન્ડિયન્સમાં બ્લડ ગ્લુકોઝ નિયંત્રણ અને શરીરની રચનામાં સુધારો લાવવામાં મદદરૂપ બને છે. આ અભ્યાસ પ્રથમ એવો હતો જેમાં મધ્યવયના પ્રી-ડાયાબિટીસ ધરાવતા એશિયન ઈન્ડિયન વયસ્કોમાં કૉગ્નિટિવ પરફોર્મન્સ પર બદામના સંભવિત પ્રભાવનું મૂલ્યાંકન કરવામાં આવ્યું, જે વસ્તી મેટાબોલિક બીમારીઓ અને કૉગ્નિટિવ ઘટાડા બંને માટે ખાસ સંવેદનશીલ માનવામાં આવે છે?

ડૉ. અનૂપ મિશ્રા, સહ-અન્વેષક અને ચેરમેન, ફોર્ટિસ-CDOC સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ડાયાબિટીસ, મેટાબોલિક ડિસીઝિસ એન્ડ એન્ડોક્રિનોલોજી, નવી દિલ્હી, માને છે કે આ એક્સપ્લોરેટરી અભ્યાસના પરિણામો વિશ્વભરના લાખો લોકોમાં મગજના આરોગ્યને વધુ સારું બનાવવામાં મદદરૂપ થઈ શકે છે. "પ્રી-ડાયાબિટીસ ધરાવતા વયસ્કો કૉગ્નિટિવ કાર્યક્ષમતામાં ઘટાડા માટે સંવેદનશીલ હોય છે," તેઓ કહે છે. "અમારા અભ્યાસ સૂચવે છે કે માત્ર એક સરળ આહારીય બદલાવ—દૈનિક આહારમાં થોડી માત્રામાં બદામનો સમાવેશ—કેટલાક વસ્તી સમૂહોમાં મગજના આરોગ્યને સમર્થન આપી શકે છે અને કૉગ્નિટિવ પરફોર્મન્સમાં સુધારો લાવી શકે છે?"

પરંતુ બદામ અન્ય આરોગ્ય લાભો પણ પ્રદાન કરે છે. "અમારા અગાઉના સંશોધન મુજબ, અમે જોયું કે બદામથી સમૃદ્ધ આહાર બ્લડ શુગર નિયંત્રણ અને શરીર વજન જેવા મેટાબોલિક આરોગ્ય સૂચકાંકોમાં સુધારો લાવે છે," ડૉ. મિશ્રા પુષ્ટિ કરે છે. "આ તમામ ફેરફારો મળીને પ્રી-ડાયાબિટીસને ટાઈપ ૨ ડાયાબિટીસમાં આગળ વધવાનો જોખમ ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે, જે સ્થિતિ ડિમેન્શિયાના વધેલા જોખમ સાથે સંકળાયેલી છે?"

આ શોધોને લઈને ચર્ચા કરતાં રિતિકા સમદાર કહે છે, "પ્રી-ડાયાબિટીસ અને જીવનશૈલી સંબંધિત આરોગ્ય સમસ્યાઓમાં વધારા સાથે, એવા સંશોધનને જોવું ઉત્સાહજનક છે જે દર્શાવે છે કે બદામ જેવી સરળ આહારીય ઉમેરણ મેટાબોલિક તેમજ કૉગ્નિટિવ આરોગ્યને સમર્થન આપી શકે છે. કૉગ્નિટિવ કાર્યક્ષમતા, બ્લડ શુગર નિયંત્રણ, શરીર વજન અને કોલેસ્ટેરોલ સ્તરમાં સુધારા દર્શાવતા આ પરિણામો બદામને સુપરફૂડ તરીકેની ભૂમિકા વધુ મજબૂત બનાવે છે. તેની બહુમુખીતા અને સરળ ઉપયોગક્ષમતા તેને રોજિંદા આહારમાં સરળતાથી સામેલ કરી શકાય તેવી બનાવે છે, સાથે જ તે સમગ્ર સ્વાસ્થ્યને સમર્થન આપતા મહત્વપૂર્ણ પોષક તત્વો પણ પૂરા પાડે છે?"

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

# વ્યવસ્થિત, સંતુલિત, દીર્ઘકાલિનઃ માતાની સમજદારીથી પ્રેરીત મલ્ટિકેપનું રોકાણ

રોકાણના સૌથી મજબૂત અને લાંબાગાળાના નાણાકીય સિદ્ધાંતો આપણને સૌથી પહેલા બજારમાંથી નહીં, પરંતુ ઘરમાંથી જ શીખવા મળે છે. મોટાભાગના પરિવારોમાં નાણાંનું સંચાલન શાંતિપૂર્વક અને મજબૂત શિસ્ત દ્વારા સંતુલિત અભિગમથી કરવામાં આવે છે. એક માતાનું આયોજન, માત્ર કોઈ એક જરૂરિયાત કે એક ક્ષણ પૂરતું મર્યાદિત નથી હોતું, પરંતુ તે અનેક પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખીને આયોજન કરે છે. તેમાં એવા ખર્ચાઓ પણ સામેલ હોય છે જેના પર આજે ધ્યાન આપવું જરૂરી છે, એવા લક્ષ્યોને પણ આવરી લેવાય છે જે વર્ષો પછી ઉપયોગી બનવાના છે, અને એવી અનિશ્ચિતતાઓ માટેની જોગવાઈઓ પણ હોય છે જે કદાચ ક્યારેય ન સર્જાય, છતાં તેના માટે તૈયાર રહેવું જરૂરી છે.

તાકીદની જરૂરિયાતો અને લાંબા ગાળાના આયોજન, સાવચેતી સાથેની મહત્વાકાંક્ષા, તથા જવાબદારી અને ઈચ્છાઓ વચ્ચે સંતુલન રાખવાની આ આવડત રોકાણકારો માટે પણ અત્યંત ઉપયોગી પુરવાર થાય છે, ખાસ કરીને એવી યોજનાઓમાં કે જે સ્થિરતા, વૃદ્ધિ અને મજબૂતીનું મિશ્રણ પૂરું પાડે છે. સંપત્તિનું સર્જન માત્ર કોઈ એક તક પર નિર્ભર રહેવાથી કે બજારની દરેક હિલચાલ પર પ્રતિક્રિયા આપવાથી નથી થતું. તે તો યોગ્ય માળખા, ધીરજ અને સાતત્ય સાથે વિવિધ તકોમાં ભાગ લેવાથી જ શક્ય બને છે.

આવી સ્થિતિમાં મલ્ટી કેપ રોકાણ અત્યંત અર્થપૂર્ણ નિવડે છે. રોકાણની આ એક સરળ વિચાર પર આધારીત કેટેગરીઃ જેમાં રોકાણકારોએ મોટી, મધ્યમ અને નાની કંપનીઓને અલગ-અલગ તકો તરીકે પસંદ કરવાની જરૂર નથી. તેઓ એક જ વ્યવસ્થિત માળખા દ્વારા સમગ્ર માર્કેટ કેપિટલાઈઝેશનમાં ભાગ લઈ શકે છે. વર્તમાન સમયમાં જ્યાં લોકો ઘણી બધી પ્રોડક્ટ્સ ખરીદવાને જ વિવિધતા ગણી લેવાની ભૂલ કરે છે, ત્યાં મલ્ટી કેપ ફંડ્સ આ વિચારને તેના અસલી સ્વરૂપમાં પાછો લાવે છેઃ એટલે કે સમજી-વિચારીને કરવામાં આવેલું ડિસ્ટ્રિબ્યુશન, સુવ્યવસ્થિત ભાગીદારી અને લાંબા ગાળાનું સંતુલન.

રોકાણમાં વિવિધતા માટે યોગ્ય માળખું આવશ્યક છે, વધુ પ્રોડક્ટ્સ નહીં

રોકાણના સિદ્ધાંતોમાં 'ડાઈવર્સિફિકેશન' સૌથી વધુ જાણીતો શબ્દ છે, પરંતુ મોટાભાગે તેને સમજવામાં ભૂલ થતી હોવાને કારણે, તેને ખોટી રીતે લાગુ કરવાનું પ્રમાણ પણ ઘણું વધારે છે. ઘણા લોકો એવું માને છે કે માત્ર ફંડ્સની સંખ્યા વધારવાથી સારું વળતર મળશે, પણ હકીકત તેનાથી તદ્દન અલગ છે. જો તમે એક ડઝન જેટલી સ્કીમ્સમાં રોકાણ કર્યું હોય અને તે બધી જ સ્કીમ્સમાં જોખમ અને રોકાણની પદ્ધતિ એકસરખી હોય, તો તે પોર્ટફોલિયો માત્ર દેખાવ પૂરતો સંતુલિત લાગે છે, પણ વાસ્તવિક મુશ્કેલી સમયે તે જરાય અસરકારક સાબિત થતો નથી. સાચું ડાઈવર્સિફિકેશન વધુ પ્રોડક્ટ્સ ભેગી કરવામાં નહીં, પણ યોગ્ય માળખામાં રોકાણ વહેંચવામાં રહેલું છે.

સાચું વૈવિધ્યકરણ, તમારું રોકાણ બજારના અલગ-અલગ ભાગોમાં કેવી રીતે વહેંચાયેલું છે એ બાબત પર નિર્ભર કરે છે કે, નહીં કે તમારા સ્ટેટમેન્ટમાં કેટલી બધી સ્કીમ્સના નામ દેખાય છે તેના પર. બજારના અલગ-અલગ વિભાગો, જેમ કે લાર્જ, મિડ અને સ્મોલ કેપ, સમય જતાં અલગ-અલગ રીતે વર્તે છે અને બજારની સાઈકલના



**દિવ્યા મેનન**
હેડ - પ્રોડક્ટ્સ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

વિવિધ તબક્કે પોર્ટફોલિયોના પરિણામોમાં પોતપોતાની રીતે યોગદાન આપે છે.

મલ્ટી કેપ ફંડ્સ આ જ સ્પષ્ટતા સાથે તૈયાર કરવામાં આવ્યા છે. તે એક જ માળખા હેઠળ સમગ્ર માર્કેટ કેપિટલાઈઝેશનને આવરી લે છે, જેમાં લાર્જ, મિડ અને સ્મોલ કેપ ઈક્વિટી, એમ દરેકમાં ઓછામાં ઓછું ૨૫% રોકાણ ફરજિયાત હોય છે. આ એક એવું તૈયાર માળખું છે જેના પગલે રોકાણકારોએ જાતે અલગ-અલગ નિર્ણયો લેવાની કે તેનું સંચાલન કરવાની માથાકૂટ કર્યા વગર, તેમને સાચા અર્થમાં સંતુલિત અને વિવિધતા ધરાવતા રોકાણની તક મળી રહે છે.

બજારની વધ-ઘટ દરમિયાન રોકાણ જાળવી રાખવું

બજાર તબક્કાવાર રીતે આગળ વધે છે અને દરેક તબક્કે નેતૃત્વ બદલાતું રહે છે. જે સેગમેન્ટને લીધે ગયા વર્ષે તેજી આવી હોય, આ વર્ષે તે કદાચ પાછળ પણ રહી જાય. બજારના આવા બદલાતા પ્રવાહોને પકડવાના પ્રયાસોમાં લાભ કરતાં નુકસાન થવાની શક્યતા વધુ રહે છે. સંતુલિત અને મલ્ટી-સેગમેન્ટ રોકાણ રોકાણકારોને આ જાળમાં ફસાતા બચાવે છે.

બજારનું કયું સેગમેન્ટ અત્યારે સારું પ્રદર્શન કરી રહ્યું છે તેને અનુસરવાને બદલે, મલ્ટી કેપ રોકાણકારો સંપૂર્ણ બજાર સાથે જોડાયેલા રહે છે. આનાથી જ્યારે જે સેગમેન્ટ તેજીમાં આવે, ત્યારે તેઓ તેનો લાભ મેળવી શકે છે. આ પદ્ધતિ એવી જ છે જેવી રીતે કોઈ સમજદાર વ્યક્તિ લાંબા ગાળાના વિચાર સાથે ઘરનું સંચાલન કરે છે. ઘરના વહીવટનો હેતુ, માત્ર ટૂંકા ગાળાના ફાયદા જોવાનો નથી હોતો, પણ ગમે તેવા ઉતાર-ચઢાવમાં ઘરની આર્થિક મજબૂતી ટકાવી રાખવાનો હોય છે."

સરળતા જ સફળતાની સૌથી મોટી ચાવી

અલગ-અલગ ફંડ્સ ધરાવતા પોર્ટફોલિયોનું જાતે સંચાલન કરવું એ સાંભળવામાં લાગે છે, તેટલું સરળ નથી. અનેક ફંડ્સ પર નજર રાખવી, તેમની કામગીરી અને દેખાવ ચકાસવો, ક્યારે ફેરફાર કરવો તે નક્કી કરવું અને બજારના ઉતાર-ચઢાવમાં ટકી રહેવા જેવી બાબતો પૂરતો સમય અને ધ્યાન માંગી લે છે. મોટાભાગના રોકાણકારો, રોકાણને તેમની અનેક જવાબદારીઓ પૈકીની એક ગણે છે, તેઓ તેને મુખ્ય જવાદારી નથી ગણતાં.

એક સરળ અને વ્યવસ્થિત આયોજનનો પોતાનો એક અલગ ફાયદો છેઃ તેનું પાલન કરવું સરળ બને છે. મલ્ટી કેપ ફંડ્સમાં રોકાણની વહેંચણી ફંડની અંદર જ થયેલી હોય છે, જેથી રોકાણકારે વારંવાર તેમાં દખલ કરવાની જરૂર પડતી નથી. અહીં રોકાણકારનું કામ સતત દેખરેખ રાખવાનું નહીં, પણ માત્ર રોકાણ જાળવી રાખવાનું બની જાય છે.

માળખાકીય આયોજન કેવી રીતે રોકાણમાં સાતત્ય જાળવવામાં મદદ કરે છે

લાંબા ગાળાની સફળતાનો આધાર માત્ર તમારી પસંદગી પર નથી રહેલો, બલ્કે તમે તમારા નિર્ણય પર કેટલાં મક્કમ રહો છો તેની પર રહેલો છે. રોકાણ કરતી વખતે વારંવાર નિર્ણયો લેવાની સ્થિતિ ઉભી થાય ત્યારે રોકાણકાર વિચલિત થઈને ઉતાવળમાં ભૂલ કરી બેસે છે, જેનાથી ફાયદો થવાને બદલે નુકસાન થવાની શક્યતા વધી જાય છે. મલ્ટી કેપ ફંડ્સ રોકાણકારની આ મૂંઝવણ દૂર કરે છે અને વારંવાર નિર્ણયો લેવાની જરૂરિયાત ઘટાડે છે. બજારના તમામ પાસાઓને પહેલેથી જ આવરી લેવાયા હોવાથી, રોકાણમાં વારંવાર છેડછાડ કરવાનું કોઈ કારણ રહેતું નથી. આ ઉપરાંત લાલચ આધારિત રોકાણમાં ઘટાડો થાય છે. આ માળખાગત સરળતા રોકાણકારને શાંતિથી રોકાણ જાળવી રાખવામાં મદદ કરે છે, જે લાંબા ગાળે વ્યાપક સંપત્તિ સર્જનમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ઉપસંહાર

સૌથી સારા આર્થિક નિર્ણયો હંમેશા અઘરા કે જટિલ હોય તે જરૂરી નથી. ખરેખર તો, સાચા નિર્ણયો એ છે જે સ્પષ્ટ સમજણ અને મક્કમ વિશ્વાસ સાથે લેવાયેલા હોય. જ્યારે તમે લાંબા ગાળાનો વિચાર રાખીને ધીરજથી રોકાણ જાળવી રાખો છો, ત્યારે જ સમય જતાં તમને ચક્રવૃદ્ધિ વ્યાજનો સાચો અને મોટો લાભ મળે છે.

આ 'મધર્સ ડે' પર એ સ્વીકારવું જરૂરી છે કે રોકાણની આવી સમજણ કોઈ ફાઈનાન્સિયલ મોડેલમાંથી નથી આવી. આ સમજણ તો વર્ષો સુધી કોઈને (માતાને) કોઈપણ પ્રકારના દેખાડા કે ટૂંકા રસ્તા અપનાવ્યા વગર, શાંતિથી અને ધીરજપૂર્વક ભવિષ્યના નિર્ણયો લેતા જોઈને મળી છે. મલ્ટી કેપ રોકાણ પણ આ જ સ્વભાવને દર્શાવે છેઃ જે સુવ્યવસ્થિત છે, સંતુલિત છે અને ખાસ કરીને લાંબા ગાળા માટે બનાવવામાં આવ્યું છે.

# ત્યારે અને હવે - ભારતના સંપત્તિ વ્યવસ્થાપન ઉદ્યોગનું પરિવર્તન

હું છવ્વીસ વર્ષથી આ વ્યવસાયમાં છું. મને યાદ છે કે, ભારતમાં 'ખાનગી સંપત્તિ વ્યવસ્થાપન' ખરેખર એક ઉદ્યોગ નહોતો - તે એક સંબંધ હતો. બોમ્બે, દિલ્હી અને કલકત્તામાં થોડાક સો વ્યવસાયિક પરિવારો. સલાહ આપવાને બદલે ઉત્પાદનો વેચાતા હતા. બસ આટલું જ બધું હતું.

ત્યારથી જે બન્યું છે તે એક માળખાકીય પુનર્નિર્માણ છે. અને છતાં, સૌથી પ્રામાણિક વાત જે હું કહી શકું છું તે એ છે કેઃ આપણે ખૂબ આગળ આવ્યા છીએ, અને આપણે ભાગ્યે જ શરૂઆત કરી છે.

દેશ બદલાયો. રાજધાની પણ બદલાઈ

૨૦૧૦માં, GDP ૧.૬૭ ટ્રિલિયન ડોલર હતી. આજે તે ૪.૧૫ ટ્રિલિયન ડોલર છે. માથાદીઠ આવક રૂ. ૫૪,૦૦૦થી ચાર ગણી વધીને રૂ. ૨.૨ લાખ પ્રતિ વર્ષ થઈ ગઈ છે. આ એક આખી પેઢી છે, જે પહેલી વાર રોકાણપાત્ર સરપ્લસનો અનુભવ કરી રહી છે.

મને યાદ છે કે, જ્યારે બજારની ભાવના FIIs શું કરી રહ્યા હતા તેના પર નિર્ભર હતી. તે ગતિશીલતા બદલી ન શકાય તેવી રીતે બદલાઈ ગઈ છે. SIP ઇનફ્લો દર મહિને રૂ. ૧,૦૦૦ કરોડથી વધીને રૂ. ૩૦,૦૦૦ કરોડ થયો છે. ગયા વર્ષે, FIIs વેચાયા હોવા છતાં DIIs લગભગ રૂ. ૬.૬ લાખ કરોડના ચોખ્ખા ખરીદદારો હતા. ભારતના બજારો આખરે ભારતીયોના હાથમાં છે.

ક્લાયન્ટ પણ બદલાઈ ગયો

જ્યારે મેં શરૂઆત કરી, ત્યારે લાક્ષણિક HNI એક જૂના વ્યવસાયિક પરિવારમાંથી આવતો હતો - સંપત્તિ વારસામાં મળી, વિશ્વસનીય CA અને મૈત્રીપૂર્ણ બેંકર દ્વારા સંચાલિત. આજના સંપત્તિ સર્જકે છેલ્લા દાયકામાં એક વ્યવસાય



**ભાસ્કર હજારા**
જોઈન્ટ એમડી અને સીઈઓ, સિસ્ટમેટિક્સ પ્રાઈવેટ વેલ્થ

બનાવ્યો, અથવા એવા ESOP રાખ્યા જે મોટા પાયે નિહિત હતા. ભારતમાં ફક્ત ૨૦૨૪માં ૩૩,૦૦૦થી વધુ નવા કરોડપતિઓ ઉમેરાયા. HNI વસ્તી ૨૦૧૦માં ૧,૫૩,૦૦૦ થી વધીને આજે ૮,૫૦,૦૦૦ થી વધુ થઈ ગઈ છે.

આ એ જ ગ્રાહકો નથી જેમના પૈસા વધારે છે. તેઓ વધુ મુશ્કેલ પ્રશ્નો પૂછે છે. અને છતાં - આજે ઔપચારિક રીતે છમાંથી એક કરતા ઓછા ગ્રાહકોને સલાહ આપવામાં આવે છે. યુએસમાં, તે ત્રણમાંથી બેની નજીક છે. આપણે સંતૃપ્ત બજાર નથી. આપણે એક નવજાત ઉદ્યોગ છીએ જે એક વિશાળ, મોટાભાગે અપ્રાપ્ય તક સામે બેઠો છે.

પ્રેક્ટિસનો વિકાસ થયો

૨૦૧૦માં, સંપત્તિ વ્યવસ્થાપન પેઢીમાં પ્રવેશવાનો અર્થ મ્યુચ્યુઅલ ફંડ વિતરકમાં પ્રવેશવાનો હતો. સેબીના ૨૦૧૩ના રોકાણ સલાહકાર નિયમોએ વેચાણ અને સલાહ વચ્ચેની પ્રથમ રેખા દોરી હતી. તે રેખા મહત્વપૂર્ણ છે. ત્યારથી ઉત્પાદન બ્રહ્માંડ PMS, AIFs, ખાનગી ક્રેડિટ, REITs અને GIFT સિટી માળખા સુધી વિસ્તર્યું છે. જે એક સમયે મ્યુચ્યુઅલ ફંડ વાતચીત હતી તે હવે એક વાસ્તવિક પોર્ટફોલિયો વાતચીત છે - જેમાં કર, એસ્ટેટ અને ઉત્તરાધિકાર આયોજન એક સલાહકાર સંબંધ હેઠળ વધુને વધુ સંકલિત થાય છે.

અંતર એ તક છે

મેં છવીસ વર્ષ આ ઉદ્યોગના વિકાસને નિહાળ્યો છે. પ્રગતિ વાસ્તવિક છે. પરંતુ જે બન્યું છે તેના કરતાં જે બન્યું નથી તેનાથી હું વધુ ઉત્સાહિત છું.

૨૦૨૯ સુધીમાં ૨.૩ ટ્રિલિયન ડોલરની ખાનગી સંપત્તિ અને ૨૦૩૦ સુધીમાં દસ લાખ નવા HNIsની અપેક્ષા સાથે, પ્રશ્ન એ નથી કે, ભારતીય સંપત્તિ વ્યવસ્થાપન વધશે કે નહીં. પ્રશ્ન એ છે કે શું ઉદ્યોગ પૂરતો ઝડપથી અને પૂરતી પ્રામાણિકતા સાથે વિકાસ કરશે, જેથી જેમની સંપત્તિ દાવ પર છે તેમની સેવા કરી શકાય. આ દાયકાનું કાર્ય એ છે.

# ભારતીય હીટવેવમાં વીમાકંપનીઓએ વ્યવસ્થિત અભિગમ અપનાવવાની જરૂર છે

જ્યારે અતિશય ગરમીને કારણે કોઈ રોજમદાર કે મજૂરને હોસ્પિટલમાં સારવાર માટે ભરતી થવું પડે છે, ત્યારે તેને તબીબી કટોકટીની સરખામણીમાં આર્થિક નુકસાનની અસર વધારે સમય સુધી ભોગવવી પડે છે. કામ પર ફક્ત એક દિવસ ન જવાથી કોઈ કુટુંબને માસિક આવકમાં ૧૦થી ૧૫ ટકાનું નુકસાન થઈ શકે છે. તેમ છતાં ભારતમાં મોટા ભાગનું એ નુકસાન વીમારહિત જ રહે છે.

જેમ જેમ આપણે મે, ૨૦૨૬માં આગેકૂચ કરી રહ્યાં છીએ, તેમ તેમ અતિ ગરમી પડવાની ઘટના અસાધારણ રહી નથી. આ આર્થિક રીતે એવું સ્થાયી જોખમ બની રહી છે, જેણે અગાઉથી કુટુંબોની આવકને ઘટાડી દીધી છે અને વીમાકંપનીઓના હિસાબખાતામાં પોતાનું સ્થાન લઈ લીધું છે.

આ જોખમ કેટલી હદે બહોળું છે એ હવે વધારે સ્પષ્ટપણે દેખાય છે. ૨૦૨૫ના શરૂઆતના નવ મહિનામાં ભારતમાં હવામાનની આત્યંતિકતા સાથે સંબંધિત ઘટનાઓમાં ૪,૦૦૦થી વધારે લોકોનું મૃત્યુ થયું હતું. આ આંકડો છેલ્લાં ચાર વર્ષની સરખામણીમાં લગભગ ૪૮ ટકાનો વધારો દર્શાવે છે. છેલ્લાં ૧૨૪ વર્ષમાં ફેબ્રુઆરી, ૨૦૨૫નો મહિનો સૌથી વધારે ગરમ મહિનો રહ્યો હતો, તો રાજસ્થાનમાં કેટલાક ભાગોમાં તાપમાન લગભગ ૪૮ ડિગ્રી સેલ્સિયસથી વધી ગયું હતું. ભારતીય હવામાન વિભાગે અગાઉથી જ ચેતવણી જાહેર કરી હતી કે, ચાલુ વર્ષે ઉનાળામાં દેશના મોટા વિસ્તારમાં સાધારણથી વધારે ગરમી પડશે અને લાંબા સમય સુધી લૂ (હીટવેવ)નો પ્રકોપ જોવા મળશે.

તેમ છતાં આ આંકડા કદાચ વાસ્તવિક અસરથી ઓછી અસર રજૂ કરે છે, કારણ કે મૃત્યુનાં મુખ્ય કારણ તરીકે ગરમીને બદલે ઘણી વાર હૃદય, કિડની અને શ્વાસોશ્વાસ સાથે સંબંધિત જટિલતાઓને જવાબદાર ગણવામાં આવે છે. એન્વાયર્મેન્ટ ઈન્ટરનેશનલમાં પ્રકાશિત એકથી વધારે શહેરોના એક અભ્યાસમાં જાણકારી મળી હતી કે, ભારતના તમામ મોટાં શહેરોમાં લૂના દિવસોમાં રોજિંદા મૃત્યુમાં ૧૪.૭ ટકાનો વધારો થયો છે.

જો મૃત્યુઆંકના રિપોર્ટમાં ગરમીને કારણે મૃત્યુનો આંકડો ઓછો જણાવવામાં આવે છે, તો પણ આર્થિક નુકસાનથી ઈનકાર ન કરી શકાય. ધ લાન્સેટ કાઉન્ટડાઉનના અંદાજ મુજબ, ફક્ત ૨૦૨૪માં ભારતને અતિશય ગરમીને કારણે કામના ૨૪૭ અબજ કલાકોનું નુકસાન થયું હતું, જે વ્યક્તિદીઠ આશરે ૪૨૦ કલાકને સમકક્ષ છે. તેનો અર્થ એ હતો કે, આશરે ૧૯૪ અબજ ડોલરની આવકનું નુકસાન થયું હતું, જે GDPનો લગભગ ૫ ટકા હિસ્સો છે. આ નુકસાનમાં આશરે બે-તૃતિયાંશ નુકસાનનું વહન કૃષિ ક્ષેત્રને કરવું પડ્યું હતું અને ત્યાર બાદ સૌથી વધુ અસર કન્સ્ટ્રક્શન અને અનૌપચારિક શહેરી ક્ષેત્રોને થયું હતું. ચાલુ દાયકાના અંત સુધીમાં ગરમી ભારતમાં આર્થિક રીતે સૌથી વધુ નુકસાનકારક જોખમો તરીકે પૂર અને તોફાનોની બરોબરી કરી શકે છે.

**રાકેશ જૈન,**
CEO, ઈન્ડસઈન્ડ જનરલ ઈન્શ્યોરન્સ

ઘરગથ્થું સ્તરે ગરમી ધીમા પણ સાતત્યપૂર્ણ આર્થિક આંચકા તરીકે કામ કરે છે. એક કન્સ્ટ્રક્શન કામદારને સૌથી વધુ ગરમીના કલાકોમાં પોતાની રોજિંદી મજૂરીનો એક તૃતિયાંશ હિસ્સો ગુમાવવો પડે એવું બની શકે છે, તો રોડ પર ચીજવસ્તુઓ વેચતા ફેરિયાને ઘણી વાર કલાકો સુધી પોતાનો ધંધો બંધ રાખવો પડે છે. લાખો અનૌપચારિક મજૂરો માટે ગરમી સીધી તેમની રોજિંદી કમાણી ઘટાડે છે અને તેમની આર્થિક સ્થિતિને નબળી પાડે છે.

અહીં કવચનો અભાવ ઊડીને આંખે વળગે છે. ભારતમાં હવામાન સાથે સંબંધિત નુકસાનમાંથી આશરે ૯૩ ટકા નુકસાનને વીમાકવચ પ્રાપ્ત નથી. ગરમીના કિસ્સામાં આ ફરક ઘણો વધારે છે, કારણ કે આવકનું નુકસાનનો મોટા ભાગે વીમો હોતો નથી અને આ નુકસાન આર્થિક નુકસાનનો સૌથી મોટો હિસ્સો હોય છે.

સાથે સાથે, ઉદ્યોગની અંદરથી સંકેતો મળી રહ્યાં છે. હેલ્થ વીમાકંપનીઓ ઉનાળો ચરમસીમાએ હોય એ ગાળામાં ગરમીથી તણાવ (હીટ સ્ટ્રેસ) સાથે સંબંધિત દાવાઓમાં ૧૫થી ૨૦ ટકાનો સિઝનલ વધારો જોવા મળે છે.

તેનો અર્થ સ્પષ્ટ છે. હવે સવાલ એ નથી કે, ઉનાળા સાથે સંબંધિત જોખમ અસ્તિત્વમાં છે કે નહીં, પણ વીમાઉદ્યોગ તેનું સમાધાન આપવા સજ્જ છે કે નહીં એ સવાલ છે.

આ માટે ઉદ્યોગને પોતાના દ્રષ્ટિકોણમાં ફેરફાર કરવો પડશે. વીમાયોજનાઓમાં ગરમી સાથે સંબંધિત બીમારીઓને સ્પષ્ટપણે સામેલ કરવી જોઈએ અને કટોકટીની સ્થિતિમાં કોઈ પણ પ્રકારના અવરોધ વિના કેશલેસ સારવારની સુવિધા મળવી જોઈએ.

હેલ્થ વીમામાં ગરમી સાથે સંબંધિત હોસ્પિટલાઈઝેશન અને તાત્કાલિક સારવાર માટે વીમાકવચને સામેલ કરવું જોઈએ, તો તાપમાનની મર્યાદા સાથે સંબંધિત પેરામેટ્રિક વીમા મૉડલ દાવાની જટિલ પ્રક્રિયાઓ વિના ઝડપથી નાણાકીય રાહત પ્રદાન કરી શકે છે. અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત મજૂરો અને નાના વેપારીઓ માટે સાધારણ ચુકવણી પણ આવકને સ્થિર રાખવા અને સંકટ સમયે દેવું ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

જ્યારે તમામ રાજ્યોમાં ગરમીમાં કાર્યયોજનાઓનો વ્યાપ વધી રહ્યો છે, ત્યારે માળખગત સુવિધા જ આ મોટા આર્થિક આંચકાને સરભર ન કરી શકે.

વીમા ક્ષેત્ર આ સ્થિતિમાં આગળ આવીને મદદ કરવાની ક્ષમતા અને જવાબદારી બંને ધરાવે છે.

આની અસર વ્યક્તિગત કુટુંબ પૂરતી મર્યાદિત નથી. સતત આકરી ગરમીથી શ્રમ ઉત્પાદકતા, પુરવઠાની સાંકળ, ઉપભોગની રીતો અને છેવટે આર્થિક વૃદ્ધિ પર માઠી અસર વધશે. સમયની સાથે સ્ફ્ટ પર ઊડીને આંખે વળગે એવી નુકસાનકારક અસર જોવા મળી શકે છે.

વીમાકંપનીઓ માટે આ મહત્વપૂર્ણ વળાંક છે. આબોહવામાં પરિવર્તનનું જોખમ હવે દૂરની વાત નથી. આ વર્તમાન વીમાના અર્થતંત્રને નવી દિશા આપી રહ્યું છે.


વીમાને આપત્તિઓ પર પ્રતિક્રિયા આપવાથી તેની ધારણા કરવા તરફ આગેકૂચ કરવી જોઈએ. વધુને વધુ ગરમ ભારતમાં વિલંબથી દાવાઓમાં વૃદ્ધિ થવાની સાથે સમગ્ર અર્થતંત્રનો મજબૂત નાણાકીય પાયો સતત નબળો પડશે.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં વાળને તરોતાજા રાખવા માટે એક્સપર્ટે આપી આ ટિપ્સ

ભારતમાં ઉનાળો અત્યંત આકરો હોય છે. વધતા જતા તાપમાન, ભેજ, પરસેવો અને પ્રદૂષણ વચ્ચે તમારા વાળ પર એટલું દબાણ આવે છે કે જેનો તમને અંદાજ પણ નથી હોતો. મોટાભાગના લોકો જેને "ફ્રીઝ" અથવા "ચીકાશ" સમજે છે તે હકીકતમાં પર્યાવરના અસંતુલન સામે તમારા વાળની પ્રતિક્રિયા છે—જેમાં એક તરફ ભેજનું પ્રમાણ ઘટી જાય છે અને બીજી તરફ તેલનું પ્રમાણ વધી જાય છે.

ગોદરેજ પ્રોફેશનલના નેશનલના ટેકનિકલ હેડ શ્રી શૈલેષ મૂલ્યા પૂરાં ઉનાળા દરમિયાન તમારા વાળને ફ્રેશ રાખવા અંગે ચાવીરૂપ ટિપ્સ આપે છે અને વાળમાં સંતુલન જાળવવાની સમજ પૂરી પાડે છે.

૧. તમારી વાળ ધોવાની રીત(ક્લીન્ઝિંગ રૂટિન) વિશે ફરી વિચાર કરો



ઉનાળામાં તમારી સ્કેલ્પની ત્વચા વધુ પડતો પરસેવો અને તેલ પેદા કરે છે, પણ તેનો અર્થ એ નથી કે તમારે દરરોજ શેમ્પૂ કરવું જોઈએ. વારંવાર વાળ ધોવાથી કુદરતી તેલ દૂર થઈ જાય છે, જેના કારણે તેની ભરપાઈ કરવા તમારું ખોપરી વધુ તેલ પેદા કરવા લાગે છે. તેના બદલે અઠવાડિયામાં ૨ થી ૩ વાર કોઈ હળવા શેમ્પૂથી વાળ ધોવો અને વાળની લંબાઈને બદલે ખાસ કરીને સ્કેલ્પને સાફ કરવા પર ધ્યાન આપો.

૨. હાઈડ્રેશન એ તમારો સૌથી મોટો સાથી છે

ગરમી અને યુવી (UV) કિરણોના સંપર્કમાં આવવાથી વાળના અંદરના ભાગમાંથી ભેજ સુકાઈ જાય છે, જેના કારણે વાળ બરછટ અને નિસ્તેજ બની જાય છે. આ માટે હળવા અને હાઈડ્રેટિંગ એ ભેજ જાળવી રાખતા કન્ડિશનરનો ઉપયોગ શરૂ કરો અને અઠવાડિયામાં એકવાર 'ડીપ-કન્ડિશનિંગ માસ્ક' જરૂર લગાવો. વાળની ચીકણા કે ભારે બનાવ્યા વગર તેમની નરમાશ જાળવી રાખવા માટે 'લીવ-ઇન કન્ડિશનર' ખાસ કરીને અસરકારક સાબિત થાય છે.

૩. હિટને ઓછી કરો, કુદરતી ટેક્સચર વધારો

તમારા વાળ પહેલેથી જ બહારની ગરમીનો સામનો કરી રહ્યા છે, તેવામાં હીટિંગ સ્ટાઈલિંગ ટૂલ્સનો ઉપયોગ શુષ્કતા અને વાળ તૂટવાની સમસ્યામાં વધારો કરે છે. આ ઉનાળામાં વાળના કુદરતી ટેક્સચરને અપનાવો, વાળને કુદરતી રીતે સુકવવા દો અને ઓછી મેઈન્ટેનન્સવાળી હેરસ્ટાઈલ પસંદ કરો. તે તમારા વાળના સ્વાસ્થ્યને જાળવવા ઉપરાંત તમને ઉનાળામાં એક નેચરલ અને ફ્રેશ લુક પણ આપે છે.

૪. ભેજ એટલે કે હ્યુમિડિટી સામે સુરક્ષા કવચ બનાવો

હવામાં રહેલા ભેજને કારણે વાળના ક્યુટિકલ્સ (ઉપરનું પડ) ફૂલી જાય છે, જેના પરિણામે વાળ ફ્રિઝી એટલે કે રૂક્ષ થઈ જાય છે અને તેમનો કુદરતી આકાર ગુમાવે છે. ભેજને રોકવા માટે સહેજ ભીના વાળ પર એન્ટી-ફ્રિઝ સીરમ અથવા હળવા તેલનો ઉપયોગ કરો. તે વાળ પર એક સુરક્ષા કવચ બનાવે છે જે અંદરના ભેજને જાળવી રાખે છે અને બહારના વધારાના ભેજને વાળમાં પ્રવેશતા અટકાવે છે.

૫. સૂર્યપ્રકાશ અને બાહ્ય નુકસાનથી રક્ષણ મેળવો

જેમ તમારી ત્વચાને સુરક્ષાની જરૂર હોય છે તેમ તમારા વાળને પણ ફ કિરણોના સંપર્કથી બચાવવા જરૂરી છે. લાંબા સમય સુધી સૂર્યપ્રકાશમાં રહેવાથી વાળના તંતુઓ નબળા પડે છે અને તેનો કુદરતી રંગ ફિક્કો પડી જાય છે. જ્યારે પણ બહાર નીકળો ત્યારે તમારા વાળને ઢાંકીને રાખો અથવા વાળની ચમક અને મજબૂતી જાળવી રાખવા માટે યુવી ફિલ્ટર્સ ધરાવતા ઉત્પાદનોનો ઉપયોગ કરો.

૬. ફ્રેશનેસની શરૂઆત સ્કેલ્પથી થાય છે

સ્વચ્છ અને સંતુલિત સ્કેલ્પ એ ફ્રેશનેસ વાળનો પાયો છે. પરસેવો જમા થવાથી ખંજવાળ, ડેન્ડ્રફ એટલે કે ખોડો અને વાળના મૂળ બેસી જવાની સમસ્યા થઈ શકે છે. ક્યારેક ક્લેરિફાઈંગ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરો અને એકસાથે વધુ પડતી સ્ટાઈલિંગ પ્રોડક્ટ્સનો ઉપયોગ ટાળો. આ માટે તમે 'પ્રોબાયો હની મોઇશ્ચર લીવ-ઇન કન્ડિશનર સ્પ્રે' જેવી પ્રોડક્ટનો ઉપયોગ કરી શકાય છે, જે વાળ માટે હાઈડ્રેટિંગ મિસ્ટ તરીકે કામ કરે છે.

૭. સ્માર્ટ સ્ટાઈલ અપનાવો, મુશ્કેલ નહીં

વધારે ભેજ એટલે કે હ્યુમિડિટી વાળા દિવસોમાં તમારા વાળ સાથે ઝઝૂમવાને બદલે તેને અનુરૂપ સ્ટાઈલ પસંદ કરો. સ્લીક બન એટલે કે ચોટલો/અંબોડો, ગૂંથેલી ચોટલી અથવા ટેક્ષ્ચર્ડ પોનીટેલ જેવી હેરસ્ટાઈલ તમને એક વ્યવસ્થિત 'પોલિશ્ડ લુક' આપે છે અને સાથે જ વાળનો ગરમી તથા પરસેવા સાથેનો સંપર્ક પણ ઘટાડે છે. ઉનાળામાં વાળની સંભાળનો અર્થ વધુ પડતી માવજત કરવી એ નથી, પરંતુ જે યોગ્ય છે તે કરવું એ છે. જ્યારે તમે સ્કેલ્પનું સ્વાસ્થ્ય, હાઈડ્રેશન અને વાળના રક્ષણ પર ધ્યાન આપો છો ત્યારે તમારા વાળ અતિશય ગરમીમાં પણ કુદરતી રીતે વધુ ફ્રેશ, સ્વસ્થ અને મેનેજેબલ દેખાય છે. કારણ કે ઉનાળામાં સુંદર વાળ એ ફક્ત સ્ટાઈલનું જ નહીં પણ યોગ્ય માવજતનું આદર્શ પરિણામ છે.

# મહિલાઓ, ગૃહમાલિકી અને ઉત્થાન

ભારતમાં, ઘરમાલિકીનો અર્થ હંમેશા ભૌતિક માળખા કરતાં વધુ રહ્યો છે. તે આગમન, સ્થિરતા, ગૌરવ અને આત્મવિશ્વાસનો સંકેત આપે છે કે આવતીકાલનું આયોજન ફક્ત વ્યવસ્થાપિત જ નહીં, પણ ઈચ્છા મુજબ કરી શકાય છે. મોટાભાગના પરિવારો માટે, તે એક નિશ્ચિત બિંદુ છે, અન્યથા અનિશ્ચિત યાત્રામાં.

મહિલાઓ માટે, તે નિશ્ચિત બિંદુ સુધી પહોંચવું ઐતિહાસિક રીતે મુશ્કેલ રહ્યું છે. મિલકતની માલિકી લાંબા સમયથી સામાજિક ધોરણો, વારસાગત અંતર અને ઔપચારિક ધિરાણની મર્યાદિત પહોંચને પ્રતિબિંબિત કરે છે. છેલ્લા દાયકામાં, તે સમીકરણ બદલાવાનું શરૂ થયું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY)ની રચના એક મુખ્ય વળાંક રહી છે. ચોક્કસ લાભો મેળવવા માટે ઘર મહિલાની માલિકીનું અથવા સહ-માલિકીનું હોવું જરૂરી બનાવીને, નીતિ સસ્તા આવાસના સ્થાપત્યમાં લિંગ સમાવેશને સ્થાન આપે છે. તે શું કરે છે તે મહિલાઓને પરોક્ષ લાભાર્થી બનવાને બદલે હિસ્સેદારો બનાવે છે. તે એક ખૂબ જ મહત્વપૂર્ણ તફાવત છે. EWS અને LIG સેગમેન્ટમાં, હવે વધુને વધુ પ્રથમ વખત ઘરો મહિલાઓના નામે નોંધાઈ રહ્યા છે - ઘણીવાર સંયુક્ત રીતે, પ્રાથમિક માલિકો તરીકે. સંખ્યાઓ રાજ્ય અને અમલીકરણ તબક્કા દ્વારા બદલાય છે, પરંતુ પરિવર્તન સ્પષ્ટ છેઃ હાઉસિંગ નીતિ સંપત્તિ માલિકીના પેટર્નને આકાર આપી રહી છે. અને સંપત્તિ માલિકી શક્તિમાં ફેરફાર કરે છે. મોટાભાગના ઓછી અને મધ્યમ આવક ધરાવતા પરિવારો માટે, ઘર એ એકમાત્ર સૌથી મોટી સંપત્તિ છે જે તેઓ ક્યારેય મેળવશે. જ્યારે કોઈ મહિલાનું નામ તે દસ્તાવેજ પર હોય છે, ત્યારે ઘરની અંદર તેની સ્થિતિ મજબૂત બને છે. વિધવા, ત્યજી દેવા અથવા આવકના આંચકાના કિસ્સામાં - નબળાઈનો સામનો કરવામાં તેણીનો સંપર્ક ઘટે છે. નિર્ણય લેવાની ક્ષમતા વધુ સંતુલિત બને છે અને સુરક્ષા ઓછી શરતી બને છે.

ગયા વર્ષે હાથ ધરાયેલા અમારા પ્રભાવ અભ્યાસમાં, અમે ૧૦ શહેરોમાં ૨૮૦થી વધુ ઘરોની તપાસ કરી અને અમે આ ભૂમિકાને સૂક્ષ્મ રીતે જોઈ.

**ગૌરવ મોહતા**
ચીફ માર્કેટિંગ ઓફિસર, હોમફર્સ્ટ ફાઈનાન્સ

સંયુક્ત પરિવારોમાં સ્ત્રીઓ હંમેશા સૌથી વધુ દૃશ્યમાન નાણાકીય નિર્ણય લેતી નહોતી. છતાં તેઓ ઘણીવાર ભાવનાત્મક રીતે નિર્ણાયક ભૂમિકા ભજવતી હતી. એકલ અને મહિલાઓના નેતૃત્વ હેઠળના પરિવારોમાં, તેમની એજન્સી સ્પષ્ટ હતી - ઘર ક્યાં સ્થિત હતું, નાણાકીય વ્યવસ્થા કેવી હતી અને બાળકોના શિક્ષણને કેવી રીતે પ્રાથમિકતા આપવામાં આવી હતી તે પ્રભાવિત કરતી હતી. સર્વેમાં સામેલ લગભગ અડધા મહિલાઓએ ઘરમાલિક બન્યા પછી ભાવનાત્મક સુરક્ષાની વધુ મજબૂત ભાવના દર્શાવી. તે ભાવનાત્મક સુરક્ષાનું એક મુશ્કેલ માપદંડ છે, જે જોખમ લેવા, લાંબા ગાળાના આયોજન અને આત્મવિશ્વાસને આકાર આપે છે.

મકાનોની અસ્થિરતા - ભાડામાં વધારો, બળજબરીથી સ્થળાંતર, મકાનમાલિકોનો ઘર્ષણ - એ મહિલાઓ દ્વારા અપ્રમાણસર રીતે સંચાલિત દૈનિક તણાવ છે. જ્યારે તે અસ્થિરતા ઓછી થાય છે, ત્યારે આયોજનની ક્ષિતિજો વિસ્તરે છે. જ્યારે આવક વૃદ્ધિ સામાન્ય હતી ત્યારે પણ અમે બાળકોના શિક્ષણમાં સ્થિર રોકાણો જોયા. તે પસંદગીઓમાં મહિલાઓ કેન્દ્રસ્થાને હતી. મેક્રો સ્તરે, ભારતમાં મહિલા શ્રમબળની ભાગીદારી માળખાકીય રીતે અસમાન રહે છે, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં. આવા વાતાવરણમાં, સંપત્તિ-સમર્થિત સ્થિરતા આવકની અસ્થિરતા સામે પ્રતિ-ભાર તરીકે કાર્ય કરે છે. સ્ત્રીના નામે ઘર એ વાસ્તવિક સશક્તિકરણ છે. તેથી, PMAYની ડિઝાઇને સબસિડી-સંકળાયેલ માંગને ખોલવા કરતાં વધુ કાર્ય કર્યું છે. તેણે ઘરગથ્થુ સંપત્તિ નિર્માણમાં મહિલાઓની ભાગીદારીને સામાન્ય બનાવી છે. સમય જતાં, આ ક્રેડિટ ઈતિહાસ, નાણાકીય વર્તન અને સંપત્તિના આંતર-પેઢી ટ્રાન્સફરને પ્રભાવિત કરે છે.

રોજગારનો પ્રકાર એ બીજું પરિબળ છે જે ઘરમાલિકી પછીના નાણાકીય પરિણામોને આકાર આપે છે. અનૌપચારિક અને સ્વ-રોજગાર ધરાવતા પરિવારોને અલગ રીતે લાભ મળે છે. સ્ત્રીઓ માટે - જેમાંથી ઘણી સ્ત્રીઓ અનૌપચારિક અથવા ઘર-આધારિત આર્થિક ભૂમિકાઓમાં કાર્ય કરે છે - સરળ ક્રેડિટ પ્રક્રિયાઓ, નાણાકીય સાક્ષરતા અને અનુકૂલનશીલ લોન માળખાંની ઍક્સેસ મહત્વપૂર્ણ રહે છે.


ઘર માળખાકીય અસમાનતાઓને ભૂંસી શકતું નથી. જોકે, તે અર્થતંત્રમાં અને ઘરની અંદર સ્ત્રી જે આધારરેખા પરથી પોતાનું સ્થાન નક્કી કરે છે તેને ફરીથી સેટ કરે છે. કાનૂની માલિકીનો અર્થ જામીનગીરી, સાતત્ય અને વિશ્વસનીયતામાં થાય છે. તે મુશ્કેલ સમય માટે સલામતી જાળ પૂરી પાડે છે, અને આકાંક્ષા માટે જગ્યા બનાવે છે. તે પરિવર્તન એ છે જ્યાં વાસ્તવિક સશક્તિકરણ રહે છે.

# કાર્યસ્થળ પર અન્યાય સામે મહિલાઓનું ડિજિટલ હથિયાર એટલે SHe-Box પોર્ટલ

અમદાવાદ,તા.૨૪

આજે ભારતીય નારી આકાશ આંબી રહી છે. કોર્પોરેટ ઓફિસ હોય, સરકારી વિભાગો હોય કે સ્ટાર્ટ-અપ્સ, દરેક જગ્યાએ મહિલાઓ પોતાની ક્ષમતા સાબિત કરી રહી છે. પરંતુ આ પ્રગતિ પાછળ એક એવો અંધકાર પણ છુપાયેલો હોઈ શકે છે, જેના વિશે વાત કરતા આજે પણ ઘણી મહિલાઓ ખચકાય છે.“““કાર્યસ્થળ પર થતી જાતીય સતામણી એક એવી કડવી વાસ્તવિકતા છે જે મહિલાઓની પ્રગતિને રૂંધે છે.

ઘણીવાર નોકરી ગુમાવવાનો ડર, સામાજિક બદનામી કે સંસ્થામાં કોઈ યોગ્ય સુનાવણી ન થવાને કારણે મહિલાઓ ચૂપચાપ અન્યાય સહન કરી લે છે અથવા તો કંટાળીને નોકરી છોડી દે છે.“““પરંતુ હવે સમય બદલાયો છે, કારણ કે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે દેશની દરેક ’વર્કિંગ વુમન’ને એક એવું ડિજિટલ હથિયાર આપ્યું છે જે બંધ બારણે થતા અન્યાયનો પર્દાફાશ કરી શકે છે, જેનું નામ છે **SHe-Box** એટલે કે **’Sexual Harrasment electronic Box'**. “““આ સત્તાવાર ઓનલાઈન પોર્ટલ કોઈ સામાન્ય ડિજિટલ ફરિયાદ પેટી નથી, પરંતુ દેશના ઐતિહાસિક **POSH Act, ૨૦૧૩** (વર્કપ્લેસ પર મહિલાઓની જાતીય સતામણી નિવારણ કાયદો)ને જમીની સ્તરે મજબૂતીથી અમલમાં લાવવાનું એક સશક્ત માધ્યમ છે. આ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક




કાર્યરત મહિલાને સુરક્ષિત, ગરિમાપૂર્ણ અને સન્માનજનક વાતાવરણ પૂરું પાડવાનો છે.

“““આ વ્યવસ્થાની સૌથી મોટી વિશેષતા એ છે કે પોર્ટલ પર ફરિયાદ કરનાર મહિલાની ઓળખ અને માહિતીને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે, જેથી તે કોઈપણ ભય કે સંકોચ વગર ન્યાય માટે અવાજ ઉઠાવી શકે છે.

મોટાભાગના લોકો એવું માને છે કે આવા સરકારી પોર્ટલ માત્ર સરકારી કર્મચારીઓ માટે જ હોય છે, પણ કાયદા મુજબ આ પોર્ટલની સીમા અત્યંત વ્યાપક છે. “““દેશની કોઈપણ સરકારી, અર્ધ-સરકારી કે સંપૂર્ણપણે ખાનગી કંપનીમાં કામ કરતી મહિલા આનો લાભ લઈ શકે છે. તેમાં પણ હોદ્દા કે કામના પ્રકારનો કોઈ ભેદભાવ નથી, પછી ભલે તે મહિલા કાયમી કર્મચારી હોય, કોન્ટ્રાક્ટ પર હોય, હંગામી સ્ટાફ હોય, ટ્રેઈની, ઈન્ટર્ન કે ઘરકામ કરતી મહિલા હોય, તે ન્યાય મેળવી શકે છે. એટલું જ નહીં, જો કોઈ મહિલા ઓફિસમાં માત્ર ઈન્ટરવ્યુ કે બિઝનેસ મુલાકાત માટે ગઈ હોય અને ત્યાં તેની સાથે કોઈ અયોગ્ય વર્તન થાય, તો તે મુલાકાતી મહિલા પણ આ પોર્ટલ પર કાયદેસરની ફરિયાદ કરવા હકદાર બને છે.“““ડિજિટલ ન્યાયની આ પ્રક્રિયાને અત્યંત સરળ અને પારદર્શક બનાવવામાં આવી છે.

પીડિત મહિલાએ માત્ર મંત્રાલયના સત્તાવાર પોર્ટલ પર જઈને પોતાની અને સંબંધિત સંસ્થાની જરૂરી વિગતો ઓનલાઈન ફોર્મમાં ભરવાની રહે છે. બનેલી ઘટનાની વિગતવાર માહિતી આપવાની સાથે જો કોઈ ચેટ, ઈમેઈલ કે ઓડિયો-વિડિયો જેવા પુરાવા હોય તો તે દસ્તાવેજો પણ ત્યાં જ અપલોડ કરી શકાય છે. ફરિયાદ સબમિટ થતાં જ સેન્ટ્રલાઈઝ્ડ સિસ્ટમ દ્વારા તેને સંબંધિત કંપનીની ઈન્ટરનલ કમિટી અથવા જિલ્લા સ્તરની લોકલ કમિટી પાસે કાનૂની કાર્યવાહી માટે ઓટોમેટિક મોકલી આપવામાં આવે છે.“““આ પોર્ટલ માત્ર ફરિયાદ સ્વીકારીને અટકી જતું નથી, પરંતુ સમયમર્યાદા સાથે તેનું કડક ફોલોઅપ પણ લે છે. કાયદા અનુસાર, ફરિયાદ મળ્યાના માત્ર નેવું દિવસની અંદર જ સમગ્ર મામલાની તપાસ પૂર્ણ કરી અહેવાલ સોંપવો અનિવાર્ય છે. પીડિત મહિલા પોતાના યુઝર આઈડીથી ઓનલાઈન ચેક કરી શકે છે કે તેની ફરિયાદ પર અત્યાર સુધી શું એક્શન લેવાયા છે, અને મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ પણ ડિજિટલ ડેશબોર્ડ દ્વારા આ પ્રક્રિયાનું સીધું મોનીટરીંગ કરે છે, જેથી કોઈ સંસ્થા તપાસમાં વિલંબ ન કરી શકે.“““આ નવો નિયમ દેશની તમામ નાની-મોટી કંપનીઓ અને સંસ્થાઓ માટે એક મોટી લાલબત્તી સમાન છે.

કાયદા અનુસાર, જે પણ સંસ્થામાં દસ અથવા તેથી વધુ કર્મચારીઓ કામ કરતા હોય, તેમણે ફરજિયાતપણે પોતાની આંતરિક સમિતિ એટલે કે ઈન્ટરનલ કમિટીની રચના ફરજિયાત કરવી અને હવે આ સમિતિની વિગતોને જીઑી-ર્મ્ટ પોર્ટલ પર અપડેટ કરવી પણ અનિવાર્ય છે. નિયમોનું પાલન ન કરનારી કે બેદરકારી દાખવનારી કંપનીઓ સામે સરકાર દ્વારા કડક કાનૂની કાર્યવાહી અને ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે.“““તેથી, જો તમારી સાથે અથવા તમારી આસપાસ કોઈ મહિલા સાથે કાર્યસ્થળ પર માનસિક કે શારીરિક રીતે કોઈ પણ પ્રકારની અયોગ્ય ચેષ્ટા કે જાતીય સતામણી થઈ રહી હોય, તો ચૂપ રહીને ગુનેગારના મનોબળને વધારશો નહીં. લેપટોપ કે મોબાઈલમાં, **SHe-Box** પોર્ટલ ( **shebox.wcd.gov.in/** )નો ઉપયોગ કરી ગરિમાપૂર્ણ જીવન જીવવાના તમારા બંધારણીય અધિકારને સુરક્ષિત કરો, કારણ કે જ્યારે મહિલાઓ અન્યાય સામે અવાજ ઉઠાવશે, ત્યારે જ સમાજ અને કાર્યસ્થળમાં સાચો બદલાવ આવશે.

**(તસવીર - આલેખન :- શ્રધ્ધા ટીકેશ, અમદાવાદ માહિતી ખાતા દ્વારા)**

### ત્રણેય આરોપીઓનો ગુનાઈત ઈતિહાસ

## સુરતમાં ભાજપ નેતાનું ઢીમ ઢાળી દેનાર આરોપીઓ ઝડપાયા

સુરત, તા.૨૪

સુરત શહેરના ઉધના વિસ્તારમાં થયેલી હત્યાની ઘટનામાં પોલીસને મોટી સફળતા મળી છે. ઉધના પોલીસ સ્ટેશન અને સર્વેલન્સ ટીમે ઝડપી કાર્યવાહી કરતાં હત્યા કેસમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને મહારાષ્ટ્રમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ હવે અન્ય ફરાર આરોપીઓની શોધખોળમાં લાગી ગઈ છે.પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ઘટના ૧૮ મે, ૨૦૨૬ની મધરાતે લગભગ સાડા બાર વાગ્યાની આસપાસ બની હતી. ઉધના રોડ નંબર-૬ વિસ્તારમાં ભંગારની દુકાન પાસે ફરિયાદીના પુત્ર પોતાના મિત્રો સાથે ઉભા હતા. ત્યારે જૂના ઝઘડાની અદાવત રાખી આરોપીઓ ત્યાં પહોંચી ગયા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે લગભગ ત્રણ મહિના અગાઉ થયેલી બોલાચાલી અને ઝઘડાને લઈને આરોપીઓમાં રોષ હતો. આ અદાવતના કારણે આરોપીઓએ ફરીયાદીના પુત્ર સાથે તકરાર શરૂ કરી હતી અને ત્યારબાદ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો.

હુમલામાં યુવકને પેટના ભાગે, કાન પાસે, ગાલ પર તેમજ બંને જાંઘમાં ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. ગંભીર હાલતમાં સારવાર માટે લઈ જવામાં આવેલા યુવકનું મોત નિપજ્યું હતું. ઘટના દરમિયાન યુવકના મિત્રો બચાવવા વચ્ચે પડ્યા ત્યારે તેમને પણ જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. આ મામલે ઉધના પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમો હેઠળ હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ઘટના બાદ આરોપીઓ સુરત છોડીને ભાગી ગયા હતા. ઉધના પોલીસ અને સર્વેલન્સ સ્ટાફે અલગ-અલગ ટીમો બનાવી ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન ઈનપુટ અને સ્થળ આધારિત માહિતીના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ત્રણ આરોપીઓ મહારાષ્ટ્ર તરફ ભાગ્યાની માહિતી મળતા પોલીસ ટીમે ત્યાં રવાના થઈ ઓપરેશન હાથ ધર્યું અને મીલીંદ નવલ કોળી (ઉંમર ૩૦ વર્ષ) – મૂળ જલગાંવ જિલ્લાનો રહેવાસી, શુભમ જ્ઞાનેશ્વર પાટીલ (ઉંમર ૨૫ વર્ષ) – મૂળ પીપાળખેડ-જલગાંવ, રોહિત ગૌતમ સોનવણે (ઉંમર ૨૩ વર્ષ)ને ઝડપી પાડ્યા. ત્રણેય આરોપીઓ સુરતના ડીંડોલી વિસ્તારમાં રહેતા હોવાનું સામે આવ્યું છે.

હત્યાની ઘટનામાં મીલીંદ નવલ કોળીએ સક્રિય ભૂમિકા ભજવી હતી. જ્યારે શુભમ પાટીલ અને રોહિત સોનવણેએ તેને મદદ કરી ગુનામાં સહભાગી બન્યા હતા. હજુ પણ કેસના અન્ય સહઆરોપીઓ ફરાર હોવાનું જણાવાયું છે અને તેમની શોધખોળ ચાલુ છે.તપાસ દરમિયાન આરોપીઓના ગુનાહિત રેકોર્ડ પણ સામે આવ્યા છે. તેમાં સૌથી વધુ ચોંકાવનારો ઈતિહાસ કિશન સોમાભાઈ પરમારનો હોવાનું સામે આવ્યું છે. કિશન પરમાર સામે હત્યાના પ્રયાસ, લૂંટ, મારામારી, દારૂના ગુના, જુગારધારા તેમજ જાહેર શાંતિ ભંગ સંબંધિત અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ રેકોર્ડ દર્શાવે છે. તેની સામે ઉધના, ડીંડોલી અને મહેસાણા સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં અનેક કેસ નોંધાયેલા છે.મીલીંદ કોળી સામે પણ અગાઉ હત્યાના પ્રયાસ સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. શુભમ પાટીલ સામે મારામારી અને ધમકી સંબંધિત કેસ નોંધાયેલા છે, જ્યારે રોહિત સોનવણે સામે પણ અગાઉ ગુનાનો રેકોર્ડ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. શહેરમાં ગેંગ અદાવત અને યુવાનોમાં વધતી હિંસક પ્રવૃત્તિ ચિંતાજનક આ ઘટના ફરી એક વખત દર્શાવે છે કે નાના ઝઘડા અને જૂની અદાવત ક્યારેક જીવલેણ સ્વરૂપ ધારણ કરી રહી છે. માત્ર બોલાચાલીથી શરૂ થયેલો વિવાદ અંતે હત્યા સુધી પહોંચ્યો છે.

## ગોધરામાં ઉંદર પકડવાની પ્રતિબંધિત ગ્લુ ટ્રેપ વેચતા ત્રણ વેપારીઓ ઝડપાયા

ગોધરા, તા.૨૪

ગોધરા શહેરમાં પ્રતિબંધિત “ગ્લુ ટ્રેપ” એટલે કે ઉંદર પકડવાની ગુંદરવાળી જાળનું (ગ્લુ બોર્ડ) ગેરકાયદેસર વેચાણ કરતા તત્વો સામે એસ.ઓ.જી પોલીસે લાલ આંખ કરી છે. જિલ્લામાં આ ગ્લુ બોર્ડના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં તેનું વેચાણ કરતા ત્રણ વેપારીઓને પોલીસે રંગેહાથ ઝડપી પાડી તેમની સામે ગુનો નોંધ્યો છે.ગોધરા એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે અલગ-અલગ દુકાનોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. દરોડા દરમિયાન દુકાનોમાંથી પ્રતિબંધિત ગ્લુ બોર્ડના કુલ ૩૩૬ નંગ કબ્જે કરવામાં આવ્યા છે. પકડાયેલા આ તમામ ગ્લુ બોર્ડની કુલ કિંમત રૂપિયા ૪૧,૨૦૦ આંકવામાં આવી છે. જાહેરનામાના ભંગ બદલ ત્રણેય વેપારીઓ સામે ગોધરા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ત્રણ અલગ-અલગ ગુના નોંધી વધુ તપાસ શરૂ કરાઈ છે. ઉંદરો કે અન્ય નાના જીવોને પકડવા માટે વપરાતી આ ગુંદરવાળી જાળમાં જીવ અતિશય ક્રૂરતાપૂર્વક તરફડીને મૃત્યુ પામે છે. જેના કારણે પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણ અધિનિયમ અંતર્ગત તેના પર લાંબા સમયથી પ્રતિબંધ મૂકવામાં આવેલો છે. ગોધરામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ ગ્લુ બોર્ડના વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ ફરમાવતું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ જાહેરનામાના ધજાગરા ઉડાવીને ગુપ્ત રીતે વેચાણ કરતા વેપારીઓ પર પોલીસે ત્રાટકીને કાયદેસરનો સપાટો બોલાવ્યો છે.

સરકારી સત્તાવાળાઓ અથવા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો અનાદર કરવા બદલ પોલીસે કડક વલણ અપનાવ્યું છે. પકડાયેલા ત્રણેય વેપારીઓ સામે ભારતીય ન્યાય સંહિતા **(BNS)** ની કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધીને એ ડિવિઝન પોલીસે આગળની કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ચૂંટાયેલા સભ્યોને ઉઠાવી ગયાનો AAPનો દાવો

## છોટાઉદેપુર તાલુકા પંચાયતની પ્રમુખની ચૂંટણીમાં હાઈવોલ્ટેજ ડ્રામા

છોટાઉદેપુર, તા.૨૪

છોટાઉદેપુર તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણીમાં હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો છે. આમ આદમી પાર્ટીના ત્રણ સભ્યો ગાયબ થયા હોવાની ચર્ચાએ રાજકીય માહોલ ગરમાવ્યો છે. છોટાઉદેપુર તાલુકા પંચાયતની સત્તા માટે ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી રહી છે. તાલુકા પંચાયતમાં ભાજપ અને છઆઁના ૧૩-૧૩ સભ્યો ચૂંટાતા સત્તા માટે ટાઈની સ્થિતિ સર્જાઈ છે. આ દરમિયાન આમ આદમી પાર્ટીના ત્રણ ચૂંટાયેલા સભ્યો અચાનક ગાયબ થયા હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં તેજ બની છે. **AAP**ના આગેવાનોનો દાવો છે કે ત્રણ બુકાનીધારી ચૂંટાયેલા સભ્યોને અજાણ્યા લોકો ઉઠાવી ગયા છે., આ દાવાના કારણે રાજકારણ ગરમાયું છે. આ ઘટનાને લઈને તાલુકા પંચાયત કચેરી બહાર **AAP**ના કાર્યકરો અને સમર્થકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. આમ આદમી પાર્ટીના એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર કીને કાર્યકરોએ વિરોધ નોંધાવ્યો હતો. આમ આદમી પાર્ટી હવે આ સમગ્ર મામલે તપાસ કરવાની માંગ ઉઠાવી રહી છે. ચૂંટણીમાં સર્જાયેલા આ રાજકીય ડ્રામાને લઈને જિલ્લામાં રાજકીય ગરમાવો વધ્યો છે. હવે ગાયબ સભ્યો અંગે શું હકીકત સામે આવે છે અને પ્રમુખપદની ચૂંટણીમાં કોણ બાજી મારી શકે છે તે પર સૌની નજર છે. છોટાઉદેપુર તાલુકા પંચાયતની ચૂંટણીમાં સર્જાયેલા આ ઘટનાક્રમે રાજકીય માહોલ વધુ ગરમાવ્યો છે.

ઉલ્લેખનિય છે કે, આજે રાજ્યમાં ૧૭ જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય સભા તથા પ્રમુખ-ઉપપ્રમુખની વરણી માટેની ચૂંટણી પ્રક્રિયાઓ યોજાઈ રહી છે?આ સાથે માંડલ સહિતની વિવિધ તાલુકા પંચાયતોમાં હોદ્દેદારોની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

માંડલ તાલુકા પંચાયતમાં સોમવારે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપની ભવ્ય જીત બાદ અમદાવાદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં પદાધિકારીઓની વરણીની ગતિવિધિઓ તેજ બની છે.અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના વિવિધ પદાધિકારીઓના નામો શુક્રવારે જાહેર કરાયા બાદ હવે તાલુકા પંચાયતોમાં પણ નામોની સત્તાવાર જાહેરાત અને ચૂંટણી પ્રક્રિયા ૨૫મી સોમવારે યોજાશે. જિલ્લા વિકાસ અધિકારીના ચૂંટણી જાહેરનામા અંતર્ગત આ પ્રક્રિયા થશે.માંડલ તાલુકા પંચાયતમાં ભાજપે ૧૬માંથી ૧૦ બેઠકો પર વિજય મેળવી સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે, જેથી ભાજપ સરકાર રચશે. પંચાયતી અધિનિયમ મુજબ, કુલ પાંચ વર્ષ માટે અઢી-અઢી વર્ષની બે ટર્મમાં અલગ-અલગ હોદ્દેદારોની નિમણૂક થાય છે. પ્રથમ અઢી વર્ષ માટેના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટેની ચૂંટણી પ્રક્રિયા સોમવારે બપોરે તાલુકા પંચાયતના મીટિંગ હોલમાં યોજાશે.

### પોલીસે ડીજેના બે વાહન કર્યા ડિટેઈન

## મોરવા હડફના કુવાઝર ગામે ડીજે હરીફાઈ પર તંત્રની તવાઈ

મોરવા હડફ,તા.૨૪

સુપ્રીમ કોર્ટ દ્વારા ધ્વનિ પ્રદૂષણને ડામવા માટે કડક આદેશો આપવામાં આવ્યા હોવા છતાં, પંચમહાલ સહિત આસપાસના જિલ્લાઓમાં DJ સંચાલકો દ્વારા ઉંચા અવાજે ડીજે વગાડીને નિયમોના ધજાગરા ઉડાડવામાં આવતા હોવાની ફરિયાદો સતત વધી રહી છે. પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લામાં અવારનવાર DJ સંચાલકો વચ્ચે હરીફાઈ યોજાતી હોવાની વ્યાપક ફરિયાદોને પગલે વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. ત્યારે મોરવા હડફ તાલુકાના કુવાઝર ગામે મોટા પાયે ઉંચા અવાજે DJ વગાડીને હરીફાઈ કરવાની તૈયારીઓ ચાલી રહી હોવાની માહિતી મળતા પોલીસે કડક કાર્યવાહી હતી. મળતી માહિતી અનુસાર, મામલતદાર તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા અને તેઓ પોતે જ કાફલા સાથે કુવાઝર ગામે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ સાથે જ તેમણે તાત્કાલિક સ્થાનિક પોલીસને પણ આ અંગે વાકેફ કરી સ્થળ પર બોલાવી લીધી હતી. મોરવા હડફ પોલીસની ટીમ ઘટનાસ્થળે ધસી ગઈ હતી અને આયોજન સ્ટેજ પર ચઢે અથવા હરીફાઈમાં ઉતરે તે પહેલાં જ બંને આધુનિક DJ વાહનોને રાઉન્ડઅપ કરી લીધા હતા. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને બંને DJ સિસ્ટમને ડિટેઈન કરી પોલીસ મથકે લાવી દીધી હતી અને સંચાલકો સામે દંડનીય કાર્યવાહીની પ્રક્રિયા હાથ ધરી હતી.

મોરવા હડફ પોલીસ દ્વારા DJ વાહનો ડિટેઈન કર્યા બાદ આરટીઓ (RTO) વિભાગને પણ આ મામલે જાણ કરવામાં આવી હતી. RTO અધિકારીઓ દ્વારા આ વાહનો અને જરૂરી કાગળોની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી હતી, જેમાં ક્ષતિઓ જણાતા એક DJ સંચાલકને ૪૦,૫૦૦ રૂપિયાનો તોતિંગ દંડ ફટકારવામાં આવ્યો હતો. આ DJના માલિકે તાબડતોબ નિયમોનુસાર દંડની રકમ ભરપાઈ કરી દીધી હોવાથી તેનું DJ વાહન મુક્ત કરવામાં આવ્યું હતું. દંડ ભરીને મુક્ત થયેલા DJ માલિકને પોલીસે કડક શબ્દોમાં તાકીદ કરી છે કે, જો ભવિષ્યમાં ફરીથી આ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિ કે નિયમોનું ઉલ્લંઘન કરતા પકડાશે, તો તેમના વિરૂદ્ધ વધુ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

વહીવટી તંત્રની આ રેડ દરમિયાન ડિટેઈન કરાયેલું બીજું DJ વાહન હજુ પણ મોરવા હડફ પોલીસ મથક ખાતે જમા છે. આ વાહનને પણ આરટીઓ દ્વારા મેમો આપવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યાનુસાર, આ DJના માલિક દ્વારા જ્યારે નિયત કરાયેલા RTO મેમોની રકમ સત્તાવાર રીતે ભરપાઈ કરવામાં આવશે, ત્યાર બાદ જ આ બીજા DJને પોલીસ સ્ટેશનમાંથી મુક્ત કરવામાં આવશે. તંત્રની આ આકરી અને ત્વરિત કાર્યવાહીના પગલે પંચમહાલ જિલ્લાના અન્ય DJ સંચાલકો અને ગેરકાયદે હરીફાઈઓનું આયોજન કરનારા તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## વસ્તી ગણતરી એ રાષ્ટ્રીય ફરજ છે, દરેક નાગરિકે તેમાં સંપૂર્ણ સહકાર આપવો જોઈએ : પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ



સુરેન્દ્રનગર,તા.૨૪

દેશના વિકાસ અને ભવિષ્યની યોજનાઓ માટે વસ્તી ગણતરી એ અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. આ રાષ્ટ્રીય કાર્યમાં પ્રત્યેક નાગરિકની ભાગીદારી અનિવાર્ય છે, તેવો સંદેશ આપતા સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે પોતાના પરિવારની વસ્તી ગણતરીની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. પોતાની રાષ્ટ્રીય ફરજ નિભાવીને તેમણે સમાજ સમક્ષ એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને તમામ નાગરિકોને આ પ્રક્રિયામાં વહીવટી તંત્રને પૂરતો સહકાર આપવા માટે નમ્ર અપીલ કરી છે.

નાગરિકોને પ્રેરણા આપતા શાહબુદ્દીનભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, ભારત એક બિનસાંપ્રદાયિક, લોકશાહી અને પ્રજાસત્તાક રાષ્ટ્ર છે, જ્યાં સરકાર દ્વારા જનકલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અને કાર્યો કરવામાં આવે છે. રાષ્ટ્રના હિતમાં થતા આ પ્રકારના તમામ લોકઉપયોગી કાર્યોમાં સરકારને સહાય કરવી, એ દેશના પ્રત્યેક નાગરિકની પરમ પવિત્ર અને નૈતિક ફરજ છે. તેમણે ભારપૂર્વક ઉમેર્યું હતું કે, આગામી સમયમાં શરૂ થઈ રહેલી વસ્તી ગણતરીની કામગીરી એ એક ખૂબ જ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મહાયજ્ઞ છે. આ પ્રક્રિયાને સુગમ બનાવવા અને સમયનો બગાડ અટકાવવા માટે નાગરિકોએ અગાઉથી જ સજ્જ રહેવું પડશે. જ્યારે પણ વસ્તી ગણતરીના અધિકારી ઘરની મુલાકાત લે, ત્યારે પરિવારના વડા અથવા અન્ય જવાબદાર સભ્યોએ પોતાના પરિવારની સચોટ માહિતી આપવા માટે પૂર્વ તૈયારીઓ કરી રાખવી અનિવાર્ય છે.શાહબુદ્દીનભાઈએ નાગરિકોને એક ખૂબ જ વ્યવહારુ સૂચન કરતાં જણાવ્યું કે, અત્યારે નાગરિકો ઘરે બેઠા ઓનલાઈન પોર્ટલ પર આગામી તા. ૩૧ મે સુધી જાતે જ પોતાનું ફોર્મ ભરી શકે છે. દરેક નાગરિકે આ ફોર્મ વહેલી તકે ભરી દેવું જોઈએ. ઑનલાઇન ફોર્મ ભર્યા બાદ જે ’સેલ્ફ આઈડી’ (SE ID) મળે, તેની ખાસ નોંધ રાખવી. વસ્તી ગણતરી માટે નિયુક્ત સરકારી અધિકારી જ્યારે ઘરે આવે, ત્યારે તેમને માત્ર આ **SE ID** આપવાનો રહેશે, જેના આધારે તેઓ સરળતાથી તમામ વિગતો મેળવી શકશે. આ ડિજિટલ પ્રક્રિયા અપનાવવાથી સમયની મોટી બચત થશે અને કોઈ પણ પક્ષે વિલંબ નહીં થાય.

તેમણે ગૌરવપૂર્વક જણાવ્યું કે, હું પોતે પણ આ પ્રક્રિયામાંથી પસાર થયો છું અને મેં મારા પરિવારની તમામ વિગતો અગાઉથી જ સંપૂર્ણ રીતે તૈયાર રાખી હતી. તેમણે તમામ નાગરિકોને રાષ્ટ્રના આ અત્યંત મહત્વપૂર્ણ કાર્યમાં પોતાનો સક્રિય તથા સંપૂર્ણ સહકાર આપીને, એક સનિષ્ઠ નાગરિક તરીકેની રાષ્ટ્રીય ફરજ અચૂક નિભાવવા માટે હાર્દિક અનુરોધ કર્યો છે.



હિંમતનગર તાલુકાના રાયગઢ ખાતે આવેલ અગ્નિહોત્રી આશ્રમમાં પુરૂષોત્તમ માસ નિમિત્તે બે દિવસીય મહા વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શનિવારે સવારે વૈદિકમંત્રોચ્ચાર સાથે મહા વિષ્ણુયાગનો સવારે ૯ કલાકે પ્રારંભ થયો હતો. આ પ્રસંગે વિવિધ સમાજના અગ્રણીઓએ દર્શનનો લાભ લીધો હતો. રાયગઢ ખાતે આયોજીત મહા વિષ્ણુયાગમાં અગ્નિહોત્રી આગ્નેય યોગેન્દ્રભાઈ, અદિતી આગ્નેય અગ્નિહોત્રી, ડૉ.યોગેન્દ્ર ઋષિરાજ અગ્નિહોત્રી, મુક્તા યોગેન્દ્ર અગ્નિહોત્રી સહિત પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ. રવિવારે સાંજે ૪ કલાકે પૂર્ણાહૂતિ તથા મહાપ્રસાદનું આયોજન કરાયું છે. આ પ્રસંગે હિંમતનગર બ્રહ્મ સમાજના પ્રમુખ સર્વાનંદભાઈ ભટ્ટ સહિત મોટી સંખ્યામાં ભુદેવો ઉપસ્થિત રહ્યા હતા.

# નેટફ્લિક્સે રિલીઝ કર્યું 'મા બહેન'નું ટ્રેલર : 'મા બહેન'માં દેખાશે એક ભયાનક કાંડ અને ઘમાસાણ કલેશ

એજન્સી દ્વારા

ધ્યાનથી જુઓપ આજે થયો છે એક ભયાનક કાંડનો ખુલાસો! વાત કરી રહ્યા છીએ આદર્શ કોલોનીની પ્રખ્યાત રેખા, જયા અને સુષ્માના કારનામાઓની! હવે આ કાંડની આખી પોલ ખોલતા, નેટફ્લિક્સે પોતાની નવી ફિલ્મ 'મા બહેન'નું ટ્રેલર રિલીઝ કરી દીધુ છે. જે એક ધમાલભરી ક્રાઈમ-કોમેડી છે, જ્યાં જુઠ્ઠાણાં પર જુઠ્ઠાણાં બોલાઈ રહ્યાં છે, શંકાઓ ચારે તરફ ફેલાઈ જાય છે અને આ ગડબડભર્યું મા-દીકરીનો પરિવાર પોતાના અત્યાર સુધીના સૌથી મોટા કાંડથી બચવાનો પ્રયાસ કરે છે. શું છે આ કાંડ અને કોણે કર્યો આ કાંડ – આ બધું જ જાણવા મળશે ૪ જૂને માત્ર નેટફ્લિક્સ પર.




અબન્ડેન્શિયા એન્ટરટેઈનમેન્ટ દ્વારા ઓપનિંગ ઈમેજ ફિલ્મ્સના સહયોગમાં બનેલી આ ફિલ્મનું નિર્દેશન સુરેશ ત્રિવેણીએ કર્યું છે. આ કહાની એક એવી ગૂંચવાયેલી માં-દીકરીઓની ત્રિપુટીની છે, જે એક લાશને છૂપાવવાની કોશિશ કરે છે. આ દરમિયાન તેમને વિચિત્ર સંજોગો, પરાણે આવી જતા પાડોશી અને પોતાના જ અનોખા પરિવારની ગૂંચવણોનો સામનો કરવો પડે છે. ફિલ્મમાં રેખાના પાત્રમાં માધુરી દીક્ષિત, જયાના પાત્રમાં તૃપ્તિ ડિમરી, સુષ્માના પાત્રમાં ધારણા દુર્ગા, ગુપ્તાજીના રોલમાં રવિ કિશન, ગુપ્તાઈનના પાત્રમાં ગીતાંજલી કુલકર્ણી, મહેશ્વરીના રોલમાં અરૂણોદય સિંહ અને માનસના પાત્રમાં શાર્દુલ ભારદ્વાજ જોવા મળશે.

ટ્રેલરમાં રેખા, જયા અને સુષ્માની જિંદગીમાં ફેલાયેલી અફરાતફરી દેખાડવામાં આવી છે, જે પહેલાથી જ એક-બીજાને સહન કરવાને લઈને પરેશાન છે અને ત્યાં જ તેમની જિંદગીમાં સૌથી ખરાબ ઘટના ઘટે છે. રેખાજીના ઘરમાં છે એક ડેડ બોડી! આખરે શું થયું હતુ તે રાત્રે? ત્યારબાદ શરૂ થાય છે, ગભરાટ, રહસ્ય છૂપાવવાની કવાયત, ઈમોશનલ ડ્રામા અને અનેક રસપ્રદ પરંતુ વિચિત્ર નિર્ણયોનું રોલરકોસ્ટર. ફૂલ તબાહી... પરંતુ ચાની ચૂસ્કી સાથે!

ફિલ્મના ડાયરેક્ટર અને પ્રોડ્યુસર સુરેશ ત્રિવેણીએ જણાવ્યું, "મા-બહેન સાથે, અમે એવી વાર્તા કહેવા માગતા હતા, જે પોતાના મૂળ સાથે જોડાયેલી હોય, સાથેસાથે દર્શકોને ભરપૂર મનોરંજન પણ પીરસતી હોય અને કલાકારોનું પરફોર્મસ પણ કમાલનું હોય. આ ફિલ્મ એક એવા ગૂંચવાયેલા પરિવારની કહાણી છે, જેમાં મા રેખા અને તેમની બે દીકરીઓ જયા અને સુષ્મા હંમેશા અંદરોઅંદર ઝગડતી રહે છે. પરંતુ અચાનક તેમની જિંદગીમાં એક એવી ઘટના ઘટે છે, જેના કારણે સંજોગો તમામ રીતે વિપરીત બની જાય છે અને તેમને અનેક વિચિત્ર, રસપંરદ અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હોય છે. હવે તેમને આ સમગ્ર બાબતને છૂપાવવા અને સંભાળવાનો પ્રયત્ન કરવો પડે છે. ફિલ્મનું દરેક પાત્ર પોતાની અલગ ઉર્જા લઈને આવે છે, જેનાથી તેમના સબંધો વધુ ગૂંચવાયેલા, અનિશ્ચિત અને માણસાઈથી ભરેલા લાગે છે. નેટફ્લિક્સ અને અબન્ડેન્શિયા એન્ટરટેઈનમેન્ટ સાથે મળીને આ વિશેષ પ્રોજેક્ટ પર કામ કરવાનું ખૂબ જ રોમાંચક રહ્યું. તો માધુરી, તૃપ્તિ, ધારણા, રવિ, ગીતાંજલિ, અરૂણોદય અને શાર્દુલ જેવા કલાકારોએ આ કહાનીને વધુ ખાસ બનાવી દીધી. ટ્રેલર તો માત્ર એક ઝલક છે, ખરો હંગામો તો ૪ જૂનથી શરૂ થશે."

માધુરી દીક્ષિતે જણાવ્યું, "રેખા કોઈ સામાન્ય હિન્દી સિનેમાની મા નથી અને એ જ વાત આ પાત્રને મારા માટે ખૂબ જ ખાસ બનાવે છે। એક કલાકાર તરીકે આવા પાત્રો ભજવવા ખૂબ જ સારૂં લાગે છે, જે અલગ હોય અને દર્શકોના વિચારને બદલી દે. રેખા કદાચ એક આદર્શ માં નથી, પરંતુ દરેક માંની જેમ જ તે પણ પોતાની દીકરીઓનું સારૂં ઇચ્છે છે અને આ સમગ્ર હંગામાં દરમિયાન પોતાના પરિવારને સંભાળવાની કોશિશ કરે છે. સુરેશ ત્રિવેણી જેવા ક્રિએટર્સ અને નેટફ્લિક્સ અને અબન્ડેન્શિયા એન્ટરટેઈનમેન્ટ જેવા પાર્ટનર્સના કારણે મને દર્શકોની સામે આ અનોખી કહાણી અને પાત્ર રજૂ કરવાની તક મળી. 'મા બહેન' એક એવી એન્ટરટેનર ફિલ્મ છે, જેની સૌથી વધુ મઝા સમગ્ર પરિવાર – માં, બહેન, ભાઈ અને મિત્રો સાથે બેસીને જોવામાં આવશે."

તૃપ્તિ ડિમરીએ ઉમેર્યું, "જયા ઘરની સુશીલ દીકરી છે, પરંતુ તેને સાચાઅને ખોટાની સાચી સમજ પણ છે. તે સતત આસપાસના હંગામાને સંભાળવાનો પ્રયાસ કરે છે, પરંતુ પોતે જ તેમાં વધુ ફસાતી જાય છે. બે બહેનો વચ્ચેની નોકઝોક અને પાગલપન મારા મનપસંદ ભાગોમાંથી એક છે. માધુરી દીક્ષિત જેવી દિગ્ગજ અભિનેત્રી કે જેમણે આખી પેઢીને સિનેમા પ્રેમ કરાવ્યો તેમની સાથે સ્ક્રીન શેર કરવી, તે ખરેખર અદ્ભુત અનુભવ છે. મારા માટે આ ફરીથી ઘરે આવવા જેવું લાગે છે. મારા કેટલાક સૌથી પ્રિય પ્રોજેક્ટ્સ નેટફ્લિક્સ સાથે રહ્યાં છે અને તેમની સાથે જ મારૂં સ્ટ્રીમિંગ ડેબ્યુ થયું હોવાથી આ સફર વધુ ખાસ બની ગઈ છે. હું નેટફ્લિક્સ અને અબન્ડેન્શિયા એન્ટરટેઈનમેન્ટની આભારી છું કે તેમણે મને 'મા બહેન' અને એવું પાત્ર આપ્યું જે દર્શકોને ચોક્કસ આશ્ચર્યચકિત કરશે."



# કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની ક્લોઝિંગ સેરેમનીમાં ઐશ્વર્યા રાય બચ્ચનની ધમાકેદાર એન્ટ્રી

એજન્સી દ્વારા

મુંબઈ,તા.૨૪

૭૯માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની ક્લોઝિંગ સેરેમની ઐશ્વર્યા રાય-બચ્ચનના ફેન્સ માટે ખૂબ જ ખાસ રહી હતી, કારણ કે આજે એટલે કે ૨૩મી મેના રોજ ઐશ્વર્યાનો કાન રેડ કાર્પેટ લૂક સામે આવ્યો છે. સોશિયલ મીડિયા પર ઐશ્વર્યાની રોયલ એન્ટ્રી અને સ્ટનિંગ લૂકના ફોટો તેમ જ વીડિયો સોશિયલ મીડિયા પર તૂફાન વાઈરલ થઈ રહ્યા છે. ચાલો જોઈએ આ વખતે ઐશ્વર્યાના લૂકમાં શું હતું ખાસ અને તે કેમ આટલું ચર્ચાનું કારણ બની છે.૧૨મી મેથી શરૂ થયેલાં આ ૭૯માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની ક્લોઝિંગ સેરેમનીમાં જ્યારે ઐશ્વર્યાએ રાય-બચ્ચને ધમાલ મચાવી હતી. ઐશ્વર્યાએ છેલ્લે સુધી સસ્પેન્સ રાખ્યા બાદ ક્લોઝિંગ સેરેમનીમાં રેડ કાર્પેટ પર પગ મૂકતાની સાથે જ આખા સોશિયલ મીડિયા પર ધમાકો મચાવી દીધો હતો. ઐશ્વર્યાના આ સુંદર લૂકના ફોટો વાઈરલ થઈ રહ્યા છે. ઐશ્વર્યા રાયે આ વર્ષે કાન્સના રેડ કાર્પેટ પર કોઈ વિદેશી બ્રાન્ડને બદલે ભારતીય ફેશન ડિઝાઈનિંગની તાકાત દુનિયા સમક્ષ રજૂ કરી છે. રેડ કાર્પેટ પરથી સામે આવેલા તેના અદભુત ફોટોઝ ઈન્ટરનેશનલ મીડિયામાં ટ્રેન્ડ થઈ રહ્યા છે. ઐશ્વર્યા રાય બચ્ચને કાન ૨૦૨૬ના પ્લેટફોર્મ પર ડીપ બ્લ્યુ શિમરી મર્મેઈડ ગાઉન પહેરીને દમદાર એન્ટ્રી લીધી હતી.ઐશ્વર્યાનો આ અદભુત આઉટફિટ ભારતના પ્રખ્યાત ડિઝાઈનર અમિત અગ્રવાલ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે, જ્યારે જાણીતા સેલિબ્રિટી સ્ટાઈલિશ મોહિત રાય દ્વારા ઐશ્વર્યાને સ્ટાઈલ કરવામાં આવી છે. આ આખા ગાઉનની સૌથી ખાસ અને ક્રેઝી બાબત તેના શોલ્ડરની ડિઝાઈન હતી. જેને સુંદર ફૂલની પાંખડીઓ જેવા અનોખા સ્ટ્રક્ચરમાં બનાવવામાં આવ્યા હતા, જેણે ઐશ્વર્યાના લુકને હાઈ-ફેશન અને ડ્રામેટિક ટચ આપ્યો હતો.

ઈન્ટ્રિકેટ બીડ વર્ક ટેક્ષ્ચર્ડ પેટર્ન સાથે આ બોડી-હગિંગ ડિઝાઈન કરવામાં આવ્યું હતું. જેને કારણે ઐશ્વર્યાનું ફિગરને ફૂબ જ સુંદર રીતે હાઈલાઈટ થઈ રહ્યું હતું. ગાઉનની સાથે લાંબી ફ્લોઈ ટ્રેલે ઐશ્વર્યાના લૂકમાં ચાર ચાંદ લગાવ્યા હતા. ઐશ્વર્યાએ પોતાની આ સુંદરતાને વધુ નિખારવા માટે હેવી જ્વેલરી ટાળીને ગળામાં માત્ર એક આકર્ષક ડાયમંડ ચોકર નેકલેસ અને હાથમાં મેચિંગ રિંગ્સ પહેરી હતી.

હેર સ્ટાઈલની વાત કરીએ આ સુંદર આઉટફિટ અને એસેસરીઝ સાથે ઐશ્વર્યાએ પોતાના વાળને સાઈડ-પાર્ટેડ રાખ્યા હતા અને સોફ્ટ વેવ્સ લુક આપ્યો હતો જે તેના ચહેરાની ફ્રેમ પર એકદમ ક્લાસિક લાગી રહ્યો હતો. આ રોયલ લૂક સાથે ઐશ્વર્યાએ મિનિમલ મેકઅપ રાખ્યો છે. ડ્યુઈ બેઝ, સોફ્ટ પિંક બ્લશ અને ન્યૂડ-પિંક લિપ શેડના કારણે તેના ચહેરા પર કુદરતી ચમક સ્પષ્ટ દેખાઈ રહી હતી.

રેડ કાર્પેટ પર ઐશ્વર્યા રાય-બચ્ચને ગ્રેસ અને કોન્ફિડન્સથી ફેન્સ અને હાજર વિદેશી મીડિયાને ઘાયલ કર્યા હતા. ઈન્ટરનેશનલ ફોટોગ્રાફર્સ સામે એકથી એક ચડિયાતા કિલર અને ગ્લેમરસ પોઝ આપ્યા હતા. સોશિયલ મીડિયા પર ફેન્સ તેની આ સુંદરતા જોઈને તેના દિવાના બની ગયા હતા અને કમેન્ટ્સમાં લખી રહ્યા છે કે ૫૨ વર્ષની ઉંમરે પણ કાનના રેડ કાર્પેટ પર ઐશ્વર્યા રાયનો જાદુ કાયમ છે.



# 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' ફિલ્મમાં મૌની રોય બનશે વરૂણ ધવનની માતા

મુંબઈ,તા.૨૪

હૈ જવાની તો ઈશ્ક હોના હૈ ફિલ્મનું ટ્રેલર શનિવારે મુંબઈમાં લોન્ચ કરવામાં આવ્યું. ટ્રેલરને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ મળી છે, પરંતુ તે એક ચોક્કસ કારણસર સૌથી વધુ ચર્ચામાં છે અને તે છે મૌની રોય.

'નાગિન' ફેમ મૌની રોય, જે ૪૦ વર્ષની છે, તે ફિલ્મમાં વરુણ ધવનની નકલી માતાની ભૂમિકા ભજવતી જોવા મળશે. આ કાસ્ટિંગ પસંદગીથી ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. રસપ્રદ વાત એ છે કે, વરુણ આ વર્ષે ૩૯ વર્ષનો થયો. બંને વચ્ચે માત્ર એક વર્ષનો તફાવત હોવાથી, મૌનીને વરુણની માતા તરીકે લેવાનો નિર્ણય દર્શકો માટે પચાવવો મુશ્કેલ બની રહ્યો છે, જેના કારણે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા થઈ રહી છે.

જોકે મૌની ફિલ્મમાં વરુણની જૈવિક માતાની ભૂમિકા ભજવી નથી – તેના બદલે જુઠ્ઠાણાને કારણે "ભાડે રાખેલી" માતા બની છે – વપરાશકર્તાઓ કાસ્ટિંગથી પ્રભાવિત નથી. એક યુઝરે ટ્વીટ કર્યું, "વરુણ ધવનની માતાની ભૂમિકામાં મૌની રોય? શું મજાક છે!" બીજાએ લખ્યું, "મૌની રોય તેની નકલી માતાની ભૂમિકા ભજવે છે તે વિશ્વાસપાત્ર નથી લાગતું."


બીજા યુઝરે ફિલ્મ પર કટાક્ષ કરતા લખ્યું, "તેઓએ મૌની રોયને માતા બનાવી? અન્ય ફિલ્મોમાં આના કરતાં વધુ સારી સ્ટોરી છે."

જોકે, ટ્રેલર જોઈને સ્પષ્ટ થાય છે કે મૌનીનું "નકલી માતા" પાત્ર ફિલ્મમાં હાસ્ય તત્વ તરીકે સેવા આપવાનો છે. તેમ છતાં, તે હાલમાં સોશિયલ મીડિયા પર ચર્ચાનો સૌથી ગરમ વિષય છે.

થોડા દિવસો પહેલા, મૌની અને તેના અલગ થયેલા પતિ, સૂરજ નામ્બિયારે, સોશિયલ મીડિયા પર તેમના અલગ થવાની જાહેરાત કરી હતી અને લોકોને તેમની ગોપનીયતાનો આદર કરવાની અપીલ કરી હતી.

ડેવિડ ધવન દ્વારા દિગ્દર્શિત, હૈ જવાની તો ઈશ્ક હોના હૈમાં વરુણ ધવન સાથે મૃણાલ ઠાકુર અને પૂજા હેગડે મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ મૂળ ૫ જૂન, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની હતી. બાદમાં, ટોક્સિક સાથે ટક્કર ટાળવા માટે, તેની રિલીઝ તારીખ ૨૨ મે, ૨૦૨૬ કરવામાં આવી હતી. જોકે, જ્યારે ટોક્સિકમુલતવી રાખવામાં આવી, ત્યારે ફિલ્મને તેની મૂળ રિલીઝ તારીખ ૫ જૂન, ૨૦૨૬ પર પાછી ખસેડી દેવામાં આવી.

# ટીવી અભિનેત્રી અવિકા ગોર પતિ સાથે બેંગકોક શિફ્ટ થઈ ગઈ



મુંબઈ,તા.૨૪

"બાલિકા વધુ" થી ઘર-ઘરમાં જાણીતી બનેલી અવિકા ગોર કાયમ માટે દેશ છોડીને બેંગકોક ગઈ છે. અવિકાએ એ પણ સમજાવ્યું કે તેણે તેની કારકિર્દીના શિખર પર આ નિર્ણય કેમ લીધો. હાલમાં, તેની પાસે દક્ષિણ ભારતીય ફિલ્મો અને "ખતરોં કે ખિલાડી" ની નવી સીઝન છે.

"બાલિકા વધુ" અભિનેત્રી અવિકા ગોર દેશ છોડીને તેના પતિ મિલિંદ ચંદવાની સાથે કાયમ માટે બેંગકોક શિફ્ટ થઈ ગઈ છે. આ સમાચાર ચાહકોને ચોક્કસ આઘાત પહોંચાડશે. દક્ષિણ ભારતીય અને હિન્દી ટીવી શોમાં કામ કરતી અવિકા ગોર આશ્ચર્યજનક છે. અવિકા ગોરે એક ઈન્ટરવ્યુમાં આ વિશે વાત કરી હતી, જેમાં તેણે બેંગકોક જવાનું નક્કી કર્યું તે સમજાવ્યું હતું.

અવિકા ગોરે બેંગકોકમાં એક ઘર પણ ખરીદ્યું છે અને હવે તે તેને પોતાની પસંદ મુજબ સજાવવામાં વ્યસ્ત છે. અવિકાએ જણાવ્યું હતું કે તે કાયમ માટે બેંગકોક ગઈ છે, પરંતુ તે કામ કરવાનું અને ભારતની મુસાફરી કરવાનું ચાલુ રાખશે. અવિકાએ સપ્ટેમ્બર ૨૦૨૫ માં મિલિંદ ચંદવાની સાથે લગ્ન કર્યા હતા. તે પહેલાં તેઓ સાત વર્ષ સુધી ડેટ કરતા હતા.

અવિકા ગોરે બેંગકોક જવા વિશે કહ્યું, "હા, મિલિંદ અને હું બેંગકોક ગયા છીએ." અમે ત્યાં એક ઘર પણ ખરીદ્યું છે, જેને હું મારી પસંદ મુજબ સજાવી રહી છું. મિલિંદ અને મને લાગ્યું કે ત્યાં તેના માટે વધુ સારી કામની તકો છે. અને સાચું કહું તો, મને તે રોમાંચક પણ લાગ્યું. મને હંમેશા એવું લાગતું હતું કે હું ત્યાં વેકેશન પર છું, તો શા માટે ન જાઉં? અમે હંમેશા એકબીજાની પ્રગતિને ટેકો આપ્યો છે. જ્યારે અમે સાત વર્ષથી ડેટ કરી રહ્યા હતા ત્યારે પણ. જો મને એવો પ્રોજેક્ટ મળે કે જેના માટે મને મહિનાઓ સુધી ઘરથી દૂર રહેવું પડે, તો તે મને સંપૂર્ણ ટેકો આપે છે. તેવી જ રીતે, મને નથી લાગતું કે મારે તેની પ્રગતિમાં અવરોધ લાવવો જોઈએ.

મિલિંદને ત્યાં વધુ સારી નોકરીની તકો મળે છે. અમે હંમેશા એકબીજાની પ્રગતિમાં ટેકો આપ્યો છે. જો મને એવો પ્રોજેક્ટ મળે કે જેના માટે મને મહિનાઓ સુધી ઘરથી દૂર રહેવું પડે, તો તે મને સંપૂર્ણ ટેકો આપે છે. તેવી જ રીતે, મને નથી લાગતું કે મારે તેની પ્રગતિમાં અવરોધ લાવવો જોઈએ. અવિકા ગૌર

અવિકા ગૌરે કહ્યું કે તે હવે બેંગકોકમાં રહેશે, પરંતુ તેની કારકિર્દી પર કોઈ અસર થશે નહીં અને તે ભારતમાં કામ કરવાનું ચાલુ રાખશે. તેણીએ કહ્યું, "જ્યારે હું મુંબઈમાં હતી, ત્યારે પણ હું હૈદરાબાદ, રાજમુન્દ્રી અથવા વિશાખાપટ્ટનમમાં શૂટિંગ કરતી હતી. મને સમજાયું કે મુંબઈ મારું સ્થાન હોવું જરૂરી નથી. હું ફક્ત એક મહિના માટે મુંબઈમાં છું અને હું મોટાભાગે કામ માટે હૈદરાબાદ અથવા મુંબઈમાં છું.

# સોનમ કપુરે પુત્રનું નામ રુદ્રલોખ રાખ્યું

મુંબઈ,તા.૨૪

પાવર કપલ સોનમ કપૂર અને આનંદ આહુજાએ તેમના પુત્રનું નામ રુદ્રલોક કપૂર આહુજા રાખ્યું છે. અભિનેત્રી સોનમે ઈન્સ્ટાગ્રામ પર તેના નાના રાજકુમાર સાથેનો પહેલો કૌટુંબિક ફોટો શેર કર્યો અને તેના બીજા પુત્રના નામનો અર્થ પણ જાહેર કર્યો. આ દંપતીએ કેટલાક સુંદર કૌટુંબિક ફોટા પણ શેર કર્યા અને ચાહકોને તેમના બીજા પુત્રની ઝલક આપી. સોનમ કપૂરે તેના બીજા પુત્રનું નામ જાહેર કરતાં જ, સોશિયલ મીડિયા



યુઝર્સ અને બોલિવૂડ સેલિબ્રિટીઓએ તેની પોસ્ટ પર પ્રેમનો વરસાદ વરસાવ્યો. ચાલો જાણીએ કે સોનમ અને આનંદના પુત્રના નામનો અર્થ શું છે.

કેપ્શનમાં, સોનમ કપૂરે લખ્યું, "એ દૈવી શક્તિની ભાવનામાં જેણે ફરી એકવાર આપણું જીવન બદલી નાખ્યું છે. ભગવાન વિષ્ણુની કૃપાથી એકાદશીના પવિત્ર દિવસે જન્મેલા અમારા બીજા પુત્ર, એક નિશાની, કર્મ જોડાણ, તેના ભાઈ સાથે દૈવી જોડી અને આશીર્વાદ જેવો અનુભવ થાય છે, જેનો અમે હૃદયપૂર્વક સન્માન કરીએ છીએ. પ્રેમ અને કૃતજ્ઞતા સાથે, અમે 'રુદ્રલોક


## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

વિવિધ એન્જીનિયરીંગ કામ

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૩૨-૨૦૨૬-૨૭ | આસિસ્ટન્ટ ડિવિઝિનલ એન્જિનિયર-ધોળા અધિકારક્ષેત્ર-ધોળા ખાતે સબવે/LHS, સ્ટેશન પ્લેટફોર્મ સબવે અને આસપાસના વિસ્તાર ખાતે વરસાદી પાણી ઉલેચવાનું/ કાઢવાનું કામ. | ૩૧,૧૧,૩૭૨.૦૦ | ૬૨,૨૦૦.૦૦ |
| ૦૨ | ૩૩-૨૦૨૬-૨૭ | અમરેલી-ધારી સેક્શન (MG) - કિ.મી. ૧૯/૬-૮ ખાતે મુખ્ય બ્રિજ નં. ૩૨ અને કિ.મી. ૨૬/૯-૨૭/૨ ખાતે બ્રિજ નં. ૪૨ નું પુનર્વસન કરવાનું કામ. | ૪,૨૧,૪૫,૧૩૬.૩૪ | ૮,૪૨,૯૦૦.૦૦ |
| ૦૩ | ૩૪-૨૦૨૬-૨૭ | ઢસા-મહુવા સેક્શન - પાંચ સ્ટેશનો ખાતે ટ્રેક મશીન સાઈડિંગ માટે સાઈડિંગ સુવિધાઓની સ્થાપનાના મંજૂર થયેલા કામની સામે સહાયક સિવિલ અને આનુષંગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામ. | ૪,૯૬,૬૯,૫૮૪.૩૭ | ૯,૯૩,૪૦૦.૦૦ |
| ૦૪ | ૩૫-૨૦૨૬-૨૭ | સિનિ. DEN (C) અધિકારક્ષેત્ર - ભાવનગર ડિવિઝન - ટ્રેકમેન માટે (૮૧ નંગ) ટૂલ રૂમ સહ વિશ્રામ રૂમની જોગવાઈ કરવાના મંજૂર થયેલા કામની સામે ટ્રેકમેન માટે (૩૭ નંગ) ટૂલ રૂમ સહ વિશ્રામ રૂમની જોગવાઈ કરવાનું કામ. | ૪,૪૯,૬૪,૫૪૨.૩૨ | ૮,૯૯,૩૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૦૧-૦૬-૨૦૨૬ અને બિડિંગ બંધ થવાની તારીખઃ ૧૫-૦૬-૨૦૨૬ વેબસાઈટ વિગતઃ www.ireps.gov.in

BVP-042

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# ક્વોલિફાયર-1ની બંને ટીમો પર લાગી મહોર, જાણો ક્યારે-ક્યાં રમાશે પ્લેઓફની પહેલી મેચ

ઈન્ડિયન પ્રીમિયર લીગની 19મી સીઝન (IPL 2026) પોતાના પ્લેઓફ રાઉન્ડ તરફ આગળ વધી રહી છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદે પ્લેઓફમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. હવે ચોથા સ્થાન માટે પંજાબ કિંગ્સ, રાજસ્થાન રોયલ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ અને દિલ્હી કેપિટલ્સની આશાઓ જીવંત છે. ક્વોલિફાયર-1માં કઈ 2 ટીમો રમશે તે નક્કી થઈ ગયું છે. સનરાઈઝર્સ હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 55 રનથી હરાવ્યું. આ મેચ પછી સાફ થઈ ગયું કે ક્વોલિફાયર-1 કઈ ટીમો વચ્ચે રમાશે. લીગ સ્ટેજ ખતમ થયા પછી ટોપ-4 ટીમો પ્લેઓફ રાઉન્ડમાં પ્રવેશ કરે છે અને બાકીની 6 ટીમોની સફર ખતમ થઈ જાય છે. ક્વોલિફાયર-1માં એ ટીમો રમે છે, જે પોઈન્ટ્સ ટેબલમાં પહેલા અને બીજા સ્થાન પર હોય. ત્રીજા અને ચોથા સ્થાનની ટીમો વચ્ચે એલિમિનેટર મેચ રમાય છે. ક્વોલિફાયર-1 હારનારી અને એલિમિનેટર મેચ જીતનારી ટીમ વચ્ચે ક્વોલિફાયર-2 રમાય છે.



ક્વોલિફાયર-1માં પહોંચનારી ટીમને ફાઈનલમાં જવા માટે 2 તક મળશે, હારનારી ટીમની સફર ખતમ નહીં થાય, જાણો આ મેચ ક્યારે, ક્યાં અને કઈ ટીમો વચ્ચે રમાશે

**કઈ ટીમો વચ્ચે થશે ક્વોલિફાયર-1?**

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, ગુજરાત ટાઈટન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદના 18-18 પોઈન્ટ્સ છે. નેટ રન રેટના આધારે RCB (+0.783) પહેલા અને GT (+0.695) બીજા સ્થાન પર રહી. SRH (+0.524) ત્રીજા સ્થાન પર રહી. આથી, IPL 2026માં ક્વોલિફાયર-1 રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાશે.

**કઈ તારીખે રમાશે ક્વોલિફાયર-1?**

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વર્સેસ ગુજરાત ટાઈટન્સ ક્વોલિફાયર-1 મેચ મંગળવાર, 26 મેના રોજ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. ટોસ સાંજે 7:00 વાગ્યે થશે.

RCB vs GT ક્વોલિફાયર-1 મેચ ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રમાશે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સમાંથી જે ટીમ ક્વોલિફાયર-1 જીતશે, તે IPL 2026ની પહેલી ફાઈનલિસ્ટ ટીમ બની જશે. હારનારી ટીમ બહાર નહીં થાય, તેમને ક્વોલિફાયર-2માં ફાઈનલ સુધી પહોંચવાની વધુ એક તક મળશે. આ પહેલાં એલિમિનેટર મેચ રમાશે, જેમાં જીતનારી ટીમ ક્વોલિફાયર-2માં પહોંચશે અને હારનારી ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ જશે.



# પંજાબ રાજ્યસભાની સીટ કેટલામાં વહેંચી હતી? ગદ્દાર કહેવા મુદ્દે ભડક્યા હરભજન સિંહ

પૂર્વ ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહ તાજેતરમાં આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા છે. ભાજપમાં જોડાયા બાદ રાજ્યસભા સાંસદ હરભજન સિંહ પર આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા સતત શાબ્દિક હુમલા કરવામાં આવી રહ્યા છે જેમાં હરભજનને સોશિયલ મીડિયા પર ગદ્દાર ગણાવી રહ્યા છે. જેમાં હવે હરભજન સિંહે સોશિયલ મીડિયા પોસ્ટમાં ગદ્દાર કહેવા પર તીખી પ્રતિક્રિયા આપી છે. જેમાં પોતાની પોસ્ટમાં હરભજન સિંહે કહ્યું કે સમય આવશે ત્યારે તેઓ બધા આરોપોનો જવાબ આપશે.

હરભજન સિંહે લખ્યું કે, તેમને કોઈ નેતાનું અપમાન કર્યું નથી કેમ તેમને કોઈને ગાળ આપીને પોતાનું મોઢું ગંદુ કરવું જોઈએ ? તેમને કહ્યું કે જે લોકો તેમને ગદ્દાર કહે છે તેઓ પહેલા તેમને પૂછે કે પંજાબ રાજ્યસભા બેઠક કેટલામાં વેચાઈ હતી. તેમને આગળ લખ્યું કે જો તેઓ નહીં જણાવે તો તેઓ જાહેર કરશે કે કોને અને કોના વતી કેટલી ઓફર કરવામાં આવી હતી.

તેમને પૂછ્યું કે, કેવી રીતે અને કોને મંત્રી અને સંત્રી બનાવવામાં આવ્યા હતા. પંજાબને લૂંટવા અને લાલાને માલ પહોંચાડવા માટે શું કરવામાં આવ્યું હતું? તેમને આગળ કહ્યું કે પંજાબને લુંટીને ખાઈ ગયા. બીજી પોસ્ટનો જવાબ આપતાં તેમને X પર લખ્યું કે, "એક રાજકીય પક્ષે મારા ઘરની બહાર પૂતળું બાળ્યું અને મને ગદ્દાર ગણાવ્યો. સામાન્ય લોકો આવા કામો કરતા નથી."

હરભજન સિંહે પૂછ્યું કે, "પક્ષને સામાન્ય લોકો સાથે આ બધું કરવાની સૂચના કોને આપી? આ દેશે તેમને ખૂબ પ્રેમ આપ્યો છે. તેમને મેદાનમાં 20 વર્ષ સુધી દેશનું નામ વધાર્યું. અને તમારા લોકો વિચારે છે કે તેઓ કોઈ ટેગ આપશે અને ચોંટી જશે. આ માત્ર તેમની કમજોર વિચારસરણી જણાવે છે."

તેમણે આગળ લખ્યું, "આ દેશના લોકોને નક્કી કરવા દો કે તેઓ મને કેવી રીતે યાદ રાખશે. મને કોઈ વાંધો નથી કે અમુક પેઈડ ટ્રોલ મારા વિશે બકવાસ લખે છે. કેમ કે તેમાંના મોટાભાગના તેમના નામ વગર સોશિયલ મીડિયા પર પૈસા ચૂકવવામાં આવે છે."

સોશિયલ મીડિયા પર બીજી પોસ્ટનો જવાબ આપતાં તેમને લખ્યું, "તમારા ફેકત ચેક કરો. જુઓ કે મેં રાજ્યસભામાં પંજાબ માટે કેટલા મુદ્દાઓ ઉઠાવ્યા છે. આ રેકોર્ડ પર છે અને મને રાજ્યસભામાં પંજાબ સરકાર દ્વારા આપવામાં આવતી સુવિધાઓ પસંદ નથી."ભગવાને મને ક્રિકેટ રમવાનાં મોકા આપ્યા છે કે હું ખરેખર તે સુવિધાઓનો માલિક બની શકું છું. તમારા લોકો સાથે સમસ્યા એ છે કે જો કોઈ મુદ્દો ઉઠાવે તો કેમ ઉઠાવે છે ? જો તેઓ મુદ્દો ઉઠાવતા નથી તો તમે કમાલના છો?"

## ટીમ ઈન્ડિયાના શ્રીલંકા પ્રવાસ અંગે એક મોટી અપડેટ, જાણો ટેસ્ટ શ્રેણી ક્યારે શરૂ થશે

ભારતીય ક્રિકેટ ટીમના શ્રીલંકા પ્રવાસ અંગે મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. લાંબા સમયથી પ્રવાસના સમયપત્રકની રાહ જોઈ રહેલા ચાહકોને રાહત થઈ છે કે ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ઓગસ્ટના બીજા ભાગમાં રમાશે. આ શ્રેણી ચાલી રહેલી ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ચક્રનો ભાગ હશે અને બંને ટીમો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અહેવાલો અનુસાર, શ્રીલંકા ક્રિકેટ (SLC) અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ટેસ્ટ શ્રેણી માટે 15 ઓગસ્ટથી 27 ઓગસ્ટ વચ્ચે એક વિન્ડોને અંતિમ સ્વરૂપ આપ્યું છે. જ્યારે બે ટેસ્ટ મેચની ચોક્કસ તારીખો હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી, એવું અહેવાલ છે કે આ કામચલાઉ સમયપત્રક ભારતીય ટીમ સહિત તમામ હિસ્સેદારોને જાણ કરવામાં આવ્યું છે. ક્રિકબઝના મતે, લંકા પ્રીમિયર લીગ (LPL) ના સમાપન પછી તરત જ ટેસ્ટ શ્રેણી શરૂ થશે. LPL ફાઈનલ 9 ઓગસ્ટના રોજ યોજાવાની છે, ત્યારબાદ શ્રીલંકા બોર્ડ ટેસ્ટ મેચોનું આયોજન કરશે. જોકે, પ્રવાસ માટે પ્રસ્તાવિત ત્રણ T20I મેચોની સ્થિતિ અસ્પષ્ટ છે. આ મેચો શરૂઆતમાં ગયા વર્ષે ચક્રવાત દેતાવાના પીડિતો માટે ભંડોળ એકત્ર કરવા માટે આયોજન કરવામાં આવી હતી, પરંતુ સપ્ટેમ્બરમાં ભારતીય ટીમના વ્યસ્ત શેડ્યૂલને કારણે, આ મેચો માટે સમય કાઢવો પડકારજનક બની શકે છે. ભારત સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનું છે, જ્યાં ટીમ ત્રણ ODI અને ત્રણ T20I રમશે. આ પ્રવાસ ગયા વર્ષે બંને દેશો વચ્ચેના તણાવને કારણે મુલતવી રાખવામાં આવેલી શ્રેણીનો એક ભાગ છે. હવે, રાજદ્વારી સંબંધોમાં સુધારાના સંકેતો સાથે, આ શ્રેણી ફરીથી યોજાવાની આશાઓ વધી ગઈ છે. વધુમાં, ભારતીય ટીમ સપ્ટેમ્બરમાં વેસ્ટ ઈન્ડીઝ સામે ઘરઆંગણે શ્રેણી રમવાની છે અને નાગોયા એશિયન ગેમ્સમાં ભાગ લેવાની છે. પરિણામે, ભારતીય ક્રિકેટ કેલેન્ડર અત્યંત વ્યસ્ત હોય તેવું લાગે છે. દરમિયાન, BCCI સચિવ દેવજીત સૈકિયા હાલમાં ICC પ્રતિનિધિમંડળ સાથે શ્રીલંકાના પ્રવાસે છે.

## તિલક વર્મા બાદ હવે અર્શદીપે આ પ્લેયરની ઉડાવી મજાક, વીડિયો વાયરલ થતા માહોલ ગરમાયો

અર્શદીપ સિંહ ફરી એકવાર વિવાદમાં ફસાયો છે. IPL 2026 માં પંજાબ કિંગ્સ તરફથી રમતા આ ફાસ્ટ બોલરની મુંબઈ ઈન્ડિયન્સના બેટ્સમેન તિલક વર્માને "અંધેરા" કહેવા બદલ ભારે ટીકા થઈ હતી. હવે અર્શદીપ બીજા પ્લેયરની મજાક ઉડાવતો જોવા મળ્યો હતો, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયો સામે આવતાની સાથે જ વિવાદ વધી ગયો છે. આ વખતે, અર્શદીપે પોતાની જ ટીમના યુવા ઓપનર પ્રિયાંશ આર્યની મજાક ઉડાવી હતી. આ વીડિયોમાં પ્રિયાંશ ટીમ બસમાં હરપ્રીત બ્રાર સાથે બેઠો જોવા મળે છે. જેમાં અર્શદીપ મજાકમાં પ્રિયાંશને હસવા અને દાંત બતાવવા કહે છે. જેમાં અર્શદીપે પ્રિયાંશને કહ્યું, "સ્માઈલ કરને દાંત બતાવ દાંત" આટલું કહીને તે હસી પડ્યો હતો. અર્શદીપે ફરી એકવાર પ્રિયાંશને સ્માઈલ કરવા કહ્યું, પરંતુ પ્રિયાંશ ચૂપચાપ બેસી રહે છે. પ્રિયાંશ અનકંફર્ટેબલ જોવા મળ્યો હતો. આ વીડિયોએ ફરી એકવાર અર્શદીપને લઈ મહિલા ગરમ થયો છે. નેટિઝન્સે આ વીડિયો શેર કરવાનું શરૂ કર્યું હતું. જેમાં અમુકે BCCI ને અર્શદીપ ને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી દૂર કરવાની માંગ કરી હતી જ્યારે અમુકે આલોચનાત્મક કૉમેન્ટ્સ કરી હતી.





અર્શદીપ આખી સીઝન દરમિયાન વિવાદમાં રહ્યો છે. તિલક વર્માને "અંધેરા" કહેવા બદલ તેની ભારે આલોચના પણ થઈ હતી. આ સિવાય તે સીઝન દરમિયાન તેની ગર્લફ્રેન્ડ સમરીન કૌર સાથે જોવા મળ્યો હતો જેના કારણે ફેન્સ તરફથી મિક્સ રીએક્શન આવ્યું હતું. હવે, પ્રિયાંશ આર્ય વિવાદ સામે આવ્યો છે

અર્શદીપના સીઝન દરમિયાન પ્રદર્શન વિશે વાત કરીએ તો તેને 13 મેચોમાં 13 ઈનિંગ્સમાં 14 વિકેટ લીધી છે, જેમાં તેનો બેસ્ટ સ્કોર 3/22 અને ઈકોનોમી રેટ 9.78 રહી છે.

## ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો: WTC પોઈન્ટ ટેબલમાં બાંગ્લાદેશે ભારતને પછાડ્યું, છઠ્ઠા સ્થાને સરકી ગઈ ભારતીય ટીમ'

આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ની રેસમાં ભારતીય ટીમ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. પાકિસ્તાન સામે રમાયેલી ટેસ્ટ શ્રેણીમાં સતત બીજી જીત મેળવીને બાંગ્લાદેશે પોઈન્ટ ટેબલમાં ભારતને પાછળ છોડી દીધું છે. બાંગ્લાદેશ હવે પાંચમા સ્થાને પહોંચી ગયું છે, જ્યારે ભારતીય ટીમ સરકીને છઠ્ઠા સ્થાને આવી ગઈ છે. WTC ની પ્રથમ બંને સિઝનની ફાઈનલમાં પહોંચેલી ભારતીય ટીમ માટે આ વર્તમાન રેન્કિંગ મોટો આંચકો માનવામાં આવે છે.

**ખરાબ ફોર્મ અને ઘરઆંગણે હાર નડી:** ભારતીય ટીમની રેન્કિંગ ઘટવાનું મુખ્ય કારણ તાજેતરનું નબળું પ્રદર્શન રહ્યું છે. ટીમે આ વર્ષે હજુ સુધી એક પણ ટેસ્ટ મેચ રમી નથી. ટીમ ઈન્ડિયા છેલ્લે નવેમ્બર 2025 માં ગુવાહાટી ખાતે સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ મેચ રમી હતી, જ્યાં તેને 408 રનના મોટા અંતરથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો અને હોમ સિરીઝમાં 0-2 થી વ્હાઈટવોશ થયો હતો. આ સિવાય ઇંગ્લેન્ડ પ્રવાસ પર પણ શુભમન ગિલની કેપ્ટનશિપ હેઠળ પાંચ મેચની શ્રેણી 2-2 થી ડ્રો રહી હતી, જેના કારણે ભારતની જીતની ટકાવારી ગગડી ગઈ છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ટોપ પરલેટેસ્ટ રેન્કિંગ પર નજર કરીએ તો ઓસ્ટ્રેલિયા 8 ટેસ્ટમાં 7 જીત સાથે ખૂબ જ મજબૂત સ્થિતિમાં ટોચ પર યથાવત છે. જ્યારે ન્યુઝીલેન્ડ 3 ટેસ્ટમાં બે જીત અને એક ડ્રો સાથે બીજા સ્થાને છે. ત્રીજા સ્થાને સાઉથ આફ્રિકા અને ચોથા સ્થાને શ્રીલંકા કાબિજ છે.


**અફઘાનિસ્તાન સામે મેચ, પણ પોઈન્ટ્સ નહીં મળે:** ભારતીય ટીમ આગામી 6 જૂનથી અફઘાનિસ્તાન સામે એકમાત્ર ટેસ્ટ મેચ રમવાની છે, પરંતુ આ મુકાબલો વર્તમાન WTC સાયકલનો ભાગ ન હોવાથી તેના પરિણામની રેન્કિંગ પર કોઈ અસર થશે નહીં. ફાઈનલની રેસમાં ફરી જીવંત થવા માટે ભારતે આ વર્ષના અંતમાં શ્રીલંકા અને ન્યુઝીલેન્ડના પ્રવાસે રમાનારી બે-બે ટેસ્ટ મેચની શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરવું પડશે. ત્યારબાદ 2027 માં ભારત ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ શ્રેણી રમશે.

# પિતા શિક્ષક, પાકિસ્તાનની બોર્ડ પાસે ઘર ભારતીય ટીમમાં ડેબ્યુ કરવા જઈ રહેલા માનવ સુથારનો પરિવાર

માનવ સુથારના પિતા જગદીશ સુથાર અને માતા સુશીલા ખૂબ ખુશ છે કે તેના દીકરાને ભારતીય ટીમમાં તક મળી. માનવ સુથારનો પરિવાર જુઓ.

માનવ સુથાર એક ભારતીય ક્રિકેટર છે. જેની તાજેતરમાં અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ સીરિઝ માટે ભારતીય ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ડાબા હાથનો સ્પિન ઓલરાઉન્ડર, માનવ સ્થાનિક ક્રિકેટમાં રાજસ્થાન માટે અને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગુજરાત ટાઈટન્સ માટે રમે છે.

માનવ જગદુષકુમાર સુથારનો જન્મ 3 ઓગસ્ટ 2002માં થયો છે. તે એક ભારતીય ક્રિકેટર છે જે ડોમેસ્ટિકમાં રાજસ્થાન અને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગુજરાત ટાઈટન્સ માટે રમે છે. તેણે 17 ફેબ્રુઆરી 2022ના રોજ 2021-22 રણજી ટ્રોફીમાં આંધ્રપ્રદેશ સામે ફર્સ્ટ-ક્લાસ ડેબ્યૂ કર્યું હતું. તેણે 11 ઓક્ટોબર 2022ના રોજ 2022-23 સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મધ્યપ્રદેશ સામે ટી20 ડેબ્યૂ કર્યું હતું.





જુલાઈ 2023માં તેમને 2023 ACC ઈમર્જિંગ ટીમ્સ એશિયા કપ માટે ઈન્ડિયા A ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતુ. તેમણે ACC ઈમર્જિંગ ટીમ્સ એશિયા કપમાં UAE A સામે ઈન્ડિયા A માટે લિસ્ટ A ડેબ્યૂ કર્યું હતુ. તે 2024 ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગુજરાત ટાઈટન્સ માટે પણ રમ્યો છે. સપ્ટેમ્બર 2024માં તેમને 2024-25 દુલીપ ટ્રોફી માટે ઈન્ડિયા C ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતુ. તેમણે ઈન્ડિયા B સામે 82 રનની ઈનિંગ રમી. તેમણે ટુર્નામેન્ટમાં ઈન્ડિયા D સામે એક ઈનિંગમાં 7 વિકેટ પણ લીધી હતી. માનવ છેલ્લા 12 વર્ષમાં ભારતીય ટેસ્ટ ટીમમાં પસંદગી પામેલો રાજસ્થાનનો પ્રથમ ખેલાડી છે. તેણે 29 ફર્સ્ટ-ક્લાસ મેચોમાં 945 રન બનાવ્યા છે અને 129 વિકેટ લીધી છે. તેમના પિતા જગદીશ સુથાર એક શિક્ષક છે, જેમણે પોતે ક્રિકેટર બનવાનું સ્વપ્ન જોયું હતું, જે તેમના પુત્રએ હવે પૂર્ણ કર્યું છે. માનવ સુથારનો તમામ ફોર્મેટમાં પ્રભાવશાળી સ્થાનિક ક્રિકેટ રેકોર્ડ છે. લિસ્ટ એ ક્રિકેટમાં તેણે 25 મેચોમાં 350 રન બનાવ્યા છે અને 34 વિકેટ લીધી છે. આ ઉપરાંત, તેણે 29 ટી20 મેચોમાં 25 વિકેટ લીધી છે. તેના સતત પ્રદર્શનને કારણે તેને ભારતીય ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે.

## IND vs AFG: ટીમ ઈન્ડિયાની ટીમની જાહેરાત, ભારત vs અફઘાનિસ્તાન ટેસ્ટ મેચ ક્યારે શરૂ થશે?

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની આગામી શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. BCCI પસંદગી સમિતિએ એક લાંબી બેઠક યોજી હતી અને ત્યારબાદ આ શ્રેણીનો ભાગ બનનારા ખેલાડીઓના નામ જાહેર કર્યા હતા. તમે કદાચ ટીમ જોઈ હશે, પરંતુ તમને ખબર નહીં હોય કે આ ટેસ્ટ મેચ ક્યારે અને ક્યાં રમાશે, તેથી અમે તમને તેના વિશે પણ જણાવીશું. હવે, જ્યારે ટીમ ઈન્ડિયા આંતરરાષ્ટ્રીય મેચ માટે મેદાનમાં ઉતરશે, ત્યારે તે સીધી ટેસ્ટ મેચ રમશે. જોકે, આ એક જ ટેસ્ટ હશે, ત્યારબાદ વનડે મેચ રમાશે. અફઘાનિસ્તાનની ટીમ ભારત પ્રવાસ માટે આવી રહી છે. આ એક જ ટેસ્ટ હશે, જે ન્યૂ ચંદીગઢમાં રમાશે. મેચની તારીખોની વાત કરીએ તો, તે 6 જૂનથી શરૂ થશે. જો મેચ પૂર્ણ પાંચ દિવસ ચાલે છે, તો તે 10 જૂન સુધી લંબાઈ શકે છે. જોકે, આ શક્યતા ઓછી છે. આ સમયગાળા દરમિયાન ફક્ત એક જ મેચ રમાશે, અને મહત્વપૂર્ણ વાત એ છે કે તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ રહેશે નહીં, કારણ કે તેમાં ફક્ત ટોચની નવ ટીમોનો સમાવેશ થાય છે. તેથી, આ મેચમાં જીત કે હારનો WTC પોઈન્ટ ટેબલ પર કોઈ પ્રભાવ પડશે નહીં. આ પછી, ત્રણ મેચની ODI શ્રેણી રમાશે.



શુભમન ગિલને ફરી એકવાર શ્રેણી માટે કેપ્ટન બનાવવામાં આવ્યો છે. જોકે, મોટો ફેરફાર એ છે કે ઋષભ પંતને કેપ્ટનશીપ પરથી દૂર કરવામાં આવ્યો છે અને તેમની જગ્યાએ કેએલ રાહુલને લેવામાં આવ્યો છે. ટીમમાં માનવ સુથાર, ગુરનુર બ્રાર અને હર્ષ દુબે જેવા યુવા ખેલાડીઓનો સમાવેશ થાય છે, જેઓ ઘરેલુ ક્રિકેટમાં સારું પ્રદર્શન કરી રહ્યા છે. જસપ્રીત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાને આરામ આપવામાં આવ્યો છે. ભારતીય ટીમ આશાસ્પદ દેખાઈ રહી છે, પરંતુ તેને અફઘાનિસ્તાન સામે મુશ્કેલ મેચનો સામનો કરવો પડશે. અફઘાનિસ્તાને હજુ સુધી તેમની ટીમની જાહેરાત કરી નથી, જેની જાહેરાત ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે.

# ફિફા વર્લ્ડ કપ પહેલા રોનાલ્ડોનો રડવાનો વીડિયો વાયરલ, ત્રણ વર્ષની મહેનત રંગ લાવી

રમતગમતના ચાહકો 12 જૂનથી શરૂ થઈ રહેલા ફિફા વર્લ્ડ કપ 2026ની શરૂઆતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, ત્યારે 41 વર્ષીય મહાન ફૂટબોલ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો રડવાનો એક વીડિયો સામે આવ્યો છે. વર્લ્ડ કપ પહેલા, સાઉદી પ્રો લીગમાં અલ-નાસર ક્લબ તરફથી રમતા રોનાલ્ડોએ 22 મેના રોજ ટીમને તેમનો પહેલો ખિતાબ અપાવ્યો હતો. વિજય પછી મેદાન પર રોનાલ્ડો ભાવુક દેખાયો, પોતાની લાગણીઓને કાબૂમાં રાખી શક્યો નહીં અને રડવા લાગ્યો. રોનાલ્ડો 2023 માં ક્લબમાં જોડાયો, જ્યાં ટીમ સતત ટાઈટલ જીતવાનું ચૂકી ગઈ હતી. હવે, ત્રણ વર્ષની રાહ જોયા પછી, રોનાલ્ડોએ સફળતાપૂર્વક પોતાની ટીમને વિજય તરફ દોરી છે.

સાઉદી પ્રો લીગમાં, ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની માલિકીની ક્લબ અલ નાસરે 22 મેના રોજ રિયાધના



અલ અવલ પાર્ક ખાતે દમાકનો સામનો કર્યો હતો. સાદિયો માનેએ 33મી મિનિટે અલ નાસરે પહેલો ગોલ કર્યો હતો, જ્યારે કિંગ્સલી કોમાને 51મી મિનિટે બીજો ગોલ કરીને અલ નાસરે 2-0ની લીડ મેળવી હતી. દમાકનો પહેલો ગોલ 57મી મિનિટે મોર્લી સ્લિયાહ દ્વારા કરવામાં આવ્યો હતો, જેનાથી સ્કોર 2-1 થયો હતો. ત્યાંથી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો જાદુ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો, તેણે મેચને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, 62મી અને 80મી મિનિટમાં ગોલ કરીને અલ નાસરે 4-1થી વિજય મેળવ્યો હતો. આ જીત સાથે, અલ નાસરે 34 મેચોમાં 86 પોઈન્ટ સાથે સાઉદી પ્રો લીગમાં પ્રથમ સ્થાન મેળવ્યું, અને અલ-હિલાલ પર બે પોઈન્ટની લીડ મેળવી, જે આ સિઝનમાં અજેય છે. ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આ સિઝનમાં 29 ગોલ કર્યા છે. અલ નાસરને પ્રથમ સાઉદી ટાઈટલ અપાવ્યા બાદ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ખૂબ જ ભાવુક દેખાયો હતો, પરંતુ હવે બધાની નજર આગામી ફૂટબોલ વર્લ્ડ કપ પર છે કે શું તે પોર્ટુગલને પહેલી વાર ચેમ્પિયન બનાવી શકશે કે નહીં. પોર્ટુગલને ફિફા વર્લ્ડ કપ 2026 માં ગ્રુપ K માં રાખવામાં આવ્યું છે, જ્યાં તે 17 જૂને તેનો પહેલો મેચ રમશે. ક્રિસ્ટિયાનો રોનાલ્ડો હાલમાં ફૂટબોલની દુનિયામાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી છે, તેના નામે કુલ 974 ગોલ છે.

# ભારતની એ આઠ ઐતિહાસિક ઈમારતો, જેમની કોતરણીની કોપી આજ સુધી કોઈ કરી શક્યું નથી!




**તાજમહેલ :** ભારતની ઐતિહાસિક ઈમારતોમાંની એક, તાજમહેલ તેની સ્થાપત્ય માટે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. સફેદ આરસપહાણથી બનેલી આ ઈમારત વિશ્વની 7 અજાયબીઓમાં શામેલ છે. આજ સુધી હૂબહુ કોપી કોઈ કરી શક્યું નથી.



**કુતુબ મિનાર :** આજ સુધી કોઈ પણ ઈંટોથી બનેલી વિશ્વની સૌથી ઊંચી ઈમારત, કુતુબ મિનારની પણ કોપી કરી શક્યું નથી. આ ટાવર દિલ્હીના મહરૌલીમાં સ્થિત છે.

**દિલ્હીનો લાલ કિલ્લો :** દેશની રાજધાનીના મુખ્ય પર્યટન સ્થળોમાંનો એક લાલ કિલ્લો પણ આ યાદીમાં સામેલ છે. આ ઐતિહાસિક ઈમારત મુઘલ સમ્રાટ શાહજહાં દ્વારા 1638માં બનાવવામાં આવી હતી. તે લાલ રેતીના પથ્થરથી બનેલી છે.



**હવા મહેલ:** રાજસ્થાનના જયપુરમાં સ્થિત હવા મહેલ લાલ અને ગુલાબી રેતીના પથ્થરોથી બનેલો છે, તેની રચના હજુ પણ લોકોને આશ્ચર્યચકિત કરે છે.





**મૈસુર પેલેસ :** દેશમાં સૌથી વધુ મુલાકાત લેવાયેલા સ્થળ તાજમહેલ પછી મૈસુર પેલેસ પણ આ યાદીમાં સામેલ છે. તેને બા વિલાસ પેલેસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મહેલ ગ્રે ગ્રેનાઈટથી બનેલો છે.



**સાંચી સ્તૂપ :** સાંચી સ્તૂપ ભારતનું એક પ્રાચીન બૌદ્ધ સ્મારક છે. આ સ્તૂપને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સમાં સામેલ કરવામાં આવ્યો છે. તે સુંદર કોતરેલા પથ્થરોથી બનેલો છે.

**ગેટવે ઓફ ઈન્ડિયા :** તે ભારતની પ્રખ્યાત ઐતિહાસિક ઈમારતોમાંની એક છે. આ પ્રખ્યાત ઈમારત 1924માં પૂર્ણ થઈ હતી. તે ચૂનાના પથ્થર અને કોંક્રિટથી બનેલી છે.





# ગુજરાતના આ સ્થળે ફરવાનો પ્લાન બનાવશો તો પૈસા વસુલ થશે, ટ્રિપ પણ યાદગાર બનશે

*ગુજરાતના ડાંગ જિલ્લામાં આવેલા એકમાત્ર હિલ સ્ટેશન એવા સાપુતારા ખાતે પ્રવાસનની સાથેસાથે સ્થાનિક રોજગારીને વધુને વધુ પ્રોત્સાહન આપવાનાઉદ્દેશ્યથી'સાપુતારા મેઘ મલ્હાર પર્વ'નું આયોજન દર વર્ષે કરવામાં આવે છે.*

જો ચામાસામાં ક્યાંય ફરવાની વાત આવે તો લોકો સૌથી પહેલા સાપુતારાનું નામ લે છે. તેમાં પણ ખાસ કરીને લોકો સાપુતારામાં થતાં મોન્સૂન ફેસ્ટિવલની આતુરતાથી રાહ જોતા હોય છે. સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ શરુ થતાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ફેસ્ટિવલની તૈયારીઓ પણ શરુ થઈ ચૂકી છે. આ સાથે પ્રવાસીઓ પણ પોતાના વીકએન્ડ લીસ્ટમાં સાપુતારાનું નામ એડ કરી રહ્યા છે.દર વર્ષે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આ મોન્સૂન ફેસ્ટિવલનો આનંદ માણતા હોય છે. સાપુતારા તળાવ, બોટ હાઉસ ગ્રાઉન્ડની આસપાસ આવેલું છે, પ્રવાસીઓને સ્થાનિક લોક પ્રદર્શનના તાલ પર નૃત્ય જોવા મળશે, આ સાથે સ્વાદિષ્ટ પ્રાદેશિક ભોજનનો આનંદ માણી શકો છો, ટુંકમાં તમે ગુજરાતના સમૃદ્ધ વારસાને સંપૂર્ણ જોઈ શકશો.



જો આપણે મુખ્ય આકર્ષણની વાત કરીએ તો, સાંસ્કૃતિક કાર્યક્રમથી શરુ થશે. રેન રન મેરેથોન, આર્ટ ગેલેરીડોમ ખાતે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ (દર શુક્રવાર, શનિવાર-રવિવાર અને જાહેર રજાઓ)માં જોવા મળશે. સ્થાનિક કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રદર્શન કરવામાં આવશે. સાપુતારાની આસપાસના મનોહર આકર્ષણોનું અન્વેષણ કરો, જેમાં મનોહર ડોન હિલ સ્ટેશન, ગીરા ધોધ, ગિરમાલ ધોધ, વાઘાઈ બોટનિકલ ગાર્ડન અને અન્ય મનોહર સ્થળોનો સમાવેશ થાય છે.

તમને જણાવી દઈએ કે, ગુજરાતમાં વર્ષ 2009થી યોજાતા મોન્સૂન ફેસ્ટિવલમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે. ત્યારે સ્થાનિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. સાપુતારા ફેસ્ટિવલમાં પ્રવાસીઓના આગમનના પરિણામે ડાંગ અને તેના આસપાસના વિસ્તારોમાં રોજગારીની સાથે આવકના સ્ત્રોત વધ્યા છે જેથી જીવન સ્તરમાં સુધારો થયો છે.

તો તમે પણ પરિવાર, મિત્રો સાથે સાપુતારા ફરવા જવાનો પ્લાન બનાવી લો.,સાપુતારા અમદાવાદથી 420 કિ.મી., ભાવનગરથી 589 કિ.મી., રાજકોટથી 603 કિ.મી., સુરતથી 172 કિ.મી., વઘઈથી 49 કિ.મી., બીલીમોરાથી 110 કિ.મી., નાસિકથી 80 કિ.મી., મુંબઈથી 185 કિ.મી.ના અંતરે આવેલું છે.

# બે મોં અને ત્રણ આંખોવાળું વાછરડું જન્મ્યું, લોકો એની પૂજા કરવા માટે ઊમટી પડ્યા

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના ટિકરી કસબામાં એક ગાયે અજીબ દેખાવવાળા વાછરડાને જન્મ આપ્યો છે. આ વાછરડાને બે મોં છે અને ત્રણ આંખો છે. આવા વાછરડાના જન્મની વાત જેવી ગામમાં ફેલાઈ કે તરત જ લોકો એને જોવા માટે ભારે માત્રામાં ઊમટી પડ્યા હતા. પશુપાલકને ત્યાં જન્મેલા આ બચ્ચાને લોકો ચમત્કાર અને કુદરતનો કરિશ્મા ગણી રહ્યા છે. ભલે દેખાવમાં વાછરડું અજીબ હોય, પરંતુ જન્મદાતા ગાય અને વાછરડાનું સ્વાસ્થ્ય સારું છે. જ્યારે પણ આવું વિશિષ્ટ દેખાવવાળું બચ્ચું જન્મે ત્યારે સ્થાનિક લોકો એની પૂજા કરવા માટે લાઈનો લગાવી દેતા હોય છે અને ટિકરી ગામમાં પણ એવું જ બન્યું છે. એ ભગવાનનો અવતાર છે એમ માનીને લોકો એના પર ફૂલ-માળા ચડાવીને આરતી કરે છે.



# ફક્ત 5 રૂપિયામાં તૈયાર થશે આ હર્બલ ચા, સવારે ખાલી પેટ પીવાથી પેટનો ગેસ અને કબજિયાત થશે દૂર

ભારતમાં મોટાભાગના લોકો સવારે ઉઠતાની સાથે જ ખાલી પેટ ચા પીવે છે. તેઓ ખાંડ, પાંદડા, આદુ અને પુષ્કળ દૂધ ઉમેરીને ચા ઉકાળે છે અને પછી ખાલી પેટ આ ચા પીવે છે. આ ચા તમને સ્વાદિષ્ટ લાગી શકે છે, પરંતુ તે સ્વાસ્થ્ય માટે ઝેર જેવી છે. ખાલી પેટ ચા કે કોફી પીવી સ્વાસ્થ્ય માટે સારી નથી. તેનાથી ગેસ, એસિડિટી અને પેટનું ફૂલવું થઈ શકે છે. જો તમને ચા પીવાની ઈચ્છા હોય, તો સવારે હર્બલ ચા પીવાની આદત બનાવો. અમે તમને જણાવી રહ્યા છીએ કે આવી હર્બલ ચા કેવી રીતે બનાવવી જે તમારા પેટ અને ખિસ્સા બંનેને ફાયદો કરશે. આ ચા ફક્ત 5 રૂપિયામાં તૈયાર થઈ જશે. ઘરે હર્બલ ચા કેવી રીતે બનાવવી અને તેમાં શું શું જાય છે તે જાણો. હર્બલ ચા કેવી રીતે બનાવવી પહેલું પગલું- તમારે એક પેનમાં ૧ ગ્લાસ પાણી નાખવું પડશે. પાણીમાં ૧ ચમચી લીલી વરિયાળી નાખો. હવે ૧૫-૨૦ તુલસીના પાન વાટીને મિક્સ કરો. ૪-૫ લવિંગ ઉમેરો. ૨ લીલી એલચી અને ૧ ટુકડો ગોળ ઉમેરો અને લગભગ ૧૦ મિનિટ સુધી રાંધો. બીજું પગલું- જ્યારે પાણીની માત્રા ઓછી થઈ જાય, ત્યારે ગેસ



બંધ કરો અને તેને ગાળી લો. તમારી હર્બલ ટી તૈયાર છે, તેને પીવાથી ગેસ, એસિડિટી, હાર્ટબર્ન, ખાટા ફોલ્લાઓની સમસ્યા દૂર થશે. આ હર્બલ ટી પેટ માટે વરદાનથી ઓછી નથી. ત્રીજું પગલું- સૌથી મહત્વની વાત એ છે કે આ ચા પીવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. શરદી અને ખાંસીની અસર ઓછી થાય છે. જેમને સવારે પેટનું ફૂલવું અને ગેસ બનવાની સમસ્યા હોય છે, તેમને આ ચા પીવાથી આ બધી સમસ્યાઓમાંથી રાહત મળશે. જો તમે ઈચ્છો તો, તમે તેમાં મસાલા બદલી શકો છો. તમે તેમાં તજનો ઉપયોગ કરી શકો છો. તમે લવિંગને બદલે કાળા મરીનો પણ ઉપયોગ કરી શકો છો. ક્યારેક વરિયાળીને બદલે જીરું અથવા અજમાનો પણ ઉપયોગ કરી શકાય છે. વરસાદની ઋતુમાં આ ચા પીવાથી ઘણા પ્રકારના ચેપ પણ અટકી શકે છે. આ ચા શરદી અને ખાંસી મટાડવામાં ખૂબ અસરકારક સાબિત થાય છે.

# ભારતમાં ૭૦ ટકા વૃદ્ધો આર્થિક રીતે બીજા પર નિર્ભર છે

નીતિ આયોગના તાજેતરમાં બહાર પડેલા એક રિપોર્ટ પ્રમાણે ભારતમાં ૭૦ ટકાથી વધારે વળદ્ધો આર્થિક રીતે બીજા પર નિર્ભર છે એટલું જ નહીં, એમાંથી ઘણા વળદ્ધોએ નિવળત્તિની ઉંમર પછી પણ જીવનનિર્વાહ માટે નોકરી કરવી પડે છે. આ રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે મોટી સંખ્યામાં વળદ્ધો ખાવાનું ઓછું કરી દે છે. ઓડિશા અને ઉત્તર પ્રદેશમાં અનુક્રમે ૩૭.૧ ટકા અને ૩૬ ટકા સાથે સૌથી વધુ સંખ્યામાં ઓછું વજન ધરાવતા વળદ્ધો નોંધાયા છે.વળદ્ધોમાં મેદસ્વિતામાં પંજાબ ૨૮ ટકા સાથે સૌથી ટોચ પર છે. ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા વળદ્ધોમાં હૃદય સંબંધિત બીમારીઓનું પ્રમાણ ૩૫.૬ ટકા, હાઈપરટેન્શનનું પ્રમાણ ૩૨ ટકા અને ડાયાબિટીઝનું પ્રમાણ ૧૩.૨ ટકા જોવા મળ્યું છે. ઘૂંટણના દુખાવાની ફરિયાદ ૧૯ ટકા વળદ્ધોમાં જોવા મળી છે. 30 ટકાથી વધુ વળદ્ધો સતત ઉદાસીનતા અનુભવી રહ્યા છે. વળદ્ધોમાં ૧૮.૭ ટકા જેટલી મહિલાઓ અને ૫.૧ ટકા જેટલા પુરુષો એકલાં રહે છે.



# વૉટ્સઍપ પરથી હવે બિટકૉઈનની લેવડદેવડ પણ થઈ શકશે

વૉટ્સઍપ પરથી UPI મારફત નાણાં મોકલવાનું ભારતમાં શરૂ થયું છે, પણ હવે આંતરરાષ્ટ્રીય ધોરણે આ સોશ્યલ મીડિયા પરથી બિટકૉઈનની પણ લેતીદેતી થઈ શકશે. ફેલિપ સર્વિન નામની વ્યક્તિએ નિર્માણ કરેલા 'સતી' નામના ટૂલના માધ્યમથી વૉટ્સઍપનો ઉપયોગ બિટકૉઈનની લેવડદેવડ માટે થઈ શકશે. 'સતી'નૉન કસ્ટોડિયલ વૉલેટ છે જેનો અર્થ એવો થયો કે ક્રિપ્ટોકરન્સી યુઝરના પોતાના હસ્તક જ રહેશે. 'સતી'નો ઉપયોગ કરવા માટે યુઝરે વૉટ્સઍપ બોટને મેસેજ મોકલવાનો રહેશે અને પિન-નંબર નિશ્ચિત કરવાનો રહેશે. આટલી પ્રક્રિયા બાદ સતીનો પ્રોગ્રામ પિન નંબરને યુઝરના ફોન સાથે એક સ્પેશ્યલ કોડથી સાંકળશે. બિટકૉઈન સાચવતા વૉલેટ પરની તમામ માહિતી યુઝરના ડિવાઈસ પર જ રહેશે એવી માહિતી પ્રાપ્ત થઈ છે.



# તમે કાનુડાની પદ્માસનમાં બેઠેલી પ્રતિમા જોઈ છે?

પુરીમાં જગન્નાથજીના બેસણાથી પોણાબે કિલોમીટરના અંતરે ટોટા ગોપીનાથજી બિરાજે છે. અહીં કૃષ્ણ ભગવાન સીટિંગ પોઝિશનમાં છે. યશોદાનંદનની આવી પ્રતિમા તો વિશ્વમાં એકમાત્ર છે. એ ઉપરાંત ભક્તની અપ્રતિમ ભક્તિથી પોતાનું સ્વરૂપ બદલનાર કનૈયો પણ ફક્ત અહીં જ છે. કાનુડાની એક ખાસિયત છે કે ભક્ત તેને જે રીતે પૂજે, અર્ચન કરે એ રીત તેને મંજૂર છે. ક્યારેક એ રસમ ખોટી હોય કે ખામીભરી હોય તોય ઠાકોરજીને ભક્તની ભૂલ કબૂલ રહે છે. ઍક્ચ્યુઅલી, કિશનજીને ભક્તની રીત કે પદ્ધતિથી મતલબ જ નથી. તેને તો ભાવિકના ભાવથી મતલબ છે.

ભક્ત અને ભગવાન વચ્ચેના અપ્રતિમ ભાવ, પ્રેમ અને સ્નેહનું અદ્વિતીય ઉદાહરણ છે ઓડિશાના જગન્નાથ મંદિરની નજીક આવેલું ટોટા ગોપીનાથ મંદિર. જૂન મહિનાની ૨૭ તારીખે અષાઢી બીજ છે અને એ દિવસે પુરીમાં નીકળનારી જગન્નાથયાત્રાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કેટલાક તીર્થપ્રેમીઓએ આ ઐતિહાસિક યાત્રામાં સહભાગી થવા પુરીની ટિકિટ કઢાવી લીધી હશે, તો કેટલાક પુણ્યશાળીઓએ ભારતના મુખ્ય ચારધામના પૂર્વીય ધામ પુરીની યાત્રા પૂર્વે કરી હશે અને એ વખતે ટોટા ગોપીનાથનાં દર્શન પણ કર્યાં હશે. પૂરીમાં ચટક પર્વતની બાજુમાં યમેશ્વર મહાદેવનું મંદિર છે અને આ મંદિરની બાજુમાં જ અનેક વૃક્ષોથી આચ્છાદિત એક નાનકડી વાડી છે (હા એ મંદિર છે, પણ એનો મુખ્ય દરવાજો સામાન્ય ઈમારતનો હોય એવો છે). એ વાડીમાં નાનું પણ સુંદર કૃષ્ણાલય છે જેનાં દ્વારની કમાન પર બે મોરલાની મૂર્તિ છે. સાવ સામાન્ય વાસ્તુકલા ધરાવતા આ મંદિરના ગર્ભગૃહમાં જ ટોટા ગોપીનાથજી છે અને તેમની એક બાજુ રાધા અને બીજી બાજુ લલિતા છે. જોકે મંદિર ભલે સામાન્ય છે, પણ પદ્માસનમાં બેઠેલા ગોપીનાથની વાંસળી વગાડતી શ્યામલ મૂર્તિ બહુ પ્રભાવશાળી છે અને એવી જ રોચક એની કથા છે. કહેવાય છે કે સેંકડો વર્ષો પૂર્વે ગદાધર નામે પંડિત દરરોજ અહીં બેસીને ચૈતન્ય મહાપ્રભુને ભાગવતકથા સંભળાવતા. કથા સાંભળતાં-સાંભળતાં બેઉ કાન્હાજીની લીલામાં ઓતપ્રોત થઈ જતા અને મનોમન વ્રજમાં પહોંચી જતા. અહીં આવેલો ચટક પર્વત તેમને ગોવર્ધન લાગતો અને બંગાળના ઉપસાગરનાં ઊછળતાં પાણી યમુનાજી હોવાનો ભાસ કરાવતાં. દરરોજ આ જ પ્રકારે ભાગવતમનું શ્રવણ થતું. એવામાં એક દિવસ ચૈતન્ય મહાપ્રભુ જગન્નાથજીનાં દર્શન કરવા ગયા. ત્યાં તેમને જગન્નાથજીના રૂપમાં શ્યામસુંદરજીનું સ્વરૂપ દેખાયું. એ પૂર્વે એવું ક્યારેય બન્યું નહોતું. તો આજે જગન્નાથે કેમ એ સ્વરૂપે દર્શન દીધાં અને એની પાછળ પ્રભુનો શું આશય હશે એ વિચાર કરતાં-કરતાં મહાપ્રભુજી પોતાના સ્થાને પાછા આવ્યા અને પંડિતજી એ ભાગવતનું કથન શરૂ કર્યું. કથા સાંભળતાં-સાંભળતાં ફરી બેઉનાં મનમાં એ જ વ્રજ, એ જ વૃંદાવન ઘૂમવા લાગ્યું. મનમાં આ જ ભાવ રાખીને એ બેઉ જ્યાં બેઠા હતા એ બગીચામાં એક જગ્યાએ ખોદવાનું શરૂ કર્યું અને થોડું ખોદતાં જ તેમને બાંકેબિહારીની શ્યામ મૂર્તિ મળી. મહાપ્રભુજી તો રાજીના રેડ થઈ ગયા, સાથે ગદાધર પંડિતની ખુશી પણ ચરમસીમાએ પહોંચી ગઈ. નૅચરલી, તમે જેને બેહિસાબ ચાહતા હો તે અચાનક તમને મળી જાય તો એનો આનંદ પ્રચંડ જ હોય.



# ભારતીય વિજ્ઞાનીઓએ કરી કમાલ, પાણીથી ગ્રીન હાઈડ્રોજન બનાવતું ઉપકરણ વિકસાવ્યું

સતત ગરમ થતી ધરતીને બચાવવા માટે ભારત માત્ર વ્યર્થ વાતો કરતું નથી, પરંતુ તેના કાર્યો દ્વારા સાબિત પણ કરે છે કે ભારતીયો ધરતીને કેમ માતા માને છે. ભારતે આગળ વધીને 2070 સુધીમાં શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય તો રાખ્યું જ છે પરંતુ આ સાથે જ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે અનેક પગલાં પણ ઉઠાવી રહ્યું છે. આ સંદર્ભમાં ભારતીય વિજ્ઞાનીઓએ એક એવું ઉપકરણ બનાવ્યું છે જેનાથી સૌર ઉર્જાનો ઉપયોગ કરીને પાણીમાંથી ગ્રીન હાઈડ્રોજન બનાવી શકાશે.

તમને જણાવી દઈએ કે, ગ્રીન હાઈડ્રોજન સૌથી સ્વચ્છ ઈંધણમાંથી એક છે, જે ઉદ્યોગોને કાર્બન ઉત્સર્જનથી મુક્ત કરવા, વાહનો ચલાવવા અને અક્ષય ઉર્જા સંગ્રહિત કરવામાં સક્ષમ છે, પરંતુ ગ્રીન હાઈડ્રોજન બનાવવા માટે ઘણા ફંડની જરૂર પડે છે. અત્યાર સુધી ગ્રીન હાઈડ્રોજન બનાવવા માટે કોઈ આર્થિક ઉપકરણ કે પદ્ધતિ નહોતી. આ ઉપકરણ વિકસાવીને ભારતીય વિજ્ઞાનીઓએ ફરી એક વખત પોતાની પ્રતિભા સાબિત કરી છે. એ સાબિત કરી બતાવ્યું છે કે ફંડના અભાવે પણ ભારતીયો ઉત્તમ પરિણામો આપી શકે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની સ્વાયત્ત સંસ્થા છે સેન્ટર ફોર નેનો એન્ડ સોફ્ટ મેટર સાયન્સિસ (CeNS), બેંગલુરુના વિજ્ઞાનીઓની એક ટીમે આ આગામી પેઢીનું ઉપકરણ વિકસાવ્યું છે જે અશ્મિભૂત ઈંધણ અથવા ખર્ચાળ સંસાધનો પર આધાર રાખ્યા વિના માત્ર સૌર ઉર્જા



અને પૃથ્વી પર વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને પાણીના અણુઓમાંથી ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરે છે. આ ઉપકરણે અસાધારણ લાંબા ગાળાની સ્થિરતાનું પ્રદર્શન કર્યું, આલ્કલાઈન પરિસ્થિતિઓમાં 10 કલાકથી વધુ સમય સુધી સતત કામ કર્યું અને પ્રદર્શનમાં માત્ર 4 ટકાનો ઘટાડો થયો, જે એસઆઈ-આધારિત ફોટોઈલેક્ટ્રોકેમિકલ સિસ્ટમ્સમાં એક દુર્લભ સિદ્ધિ છે. આ સંશોધનનું નેતૃત્વ કરનારા CeNSના ડૉ. આશુતોષ કે. સિંહે જણાવ્યું કે,'સ્માર્ટ મટિરિયલ્સ પસંદ કરીને અને તેને હેટરોસ્ટ્રક્ચર્સમાં સંયોજિત કરીને અમે એક એવું ઉપકરણ બનાવ્યું છે જે ન માત્ર પ્રદર્શન વધારે છે, પરંતુ તેનાથી મોટા પાયે ગ્રીન હાઈડ્રોજન પણ ઉત્પન્ન કરી શકાય છે. આ સાથે જ અમે મોટા પાયે સૌર ઊર્જાથી હાઈડ્રોજન ઊર્જા પ્રણાલીઓની વધુ નજીક પહોંચી ગયા છીએ. આ સંશોધનને જર્નલ ઓફ મટિરિયલ કેમિસ્ટ્રી A માં પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ એક પ્રયોગશાળામાં મળેલી સફળતા કરતાં વધુ છે. આ ઉપકરણે 600 mVનો ઉત્કૃષ્ટ ફોટોવોલ્ટેજ હાંસલ કર્યો, જે આ સૌર ઉર્જા હેઠળ હાઈડ્રોજન ઉત્પન્ન કરવામાં ખૂબ અસરકારક બન્યો છે. આ ઉપકરણ ઘણા કારણોસર આકર્ષક છે, જેમાં ઉચ્ચ કાર્યક્ષમતા, ઓછી ઉર્જા ઈનપુટ, મજબૂત ટકાઉપણું અને સસ્તી સામગ્રી સામેલ, આ બધા એક પેકેજમાં સામેલ છે. તેણે મોટા પાયે સફળ પ્રદર્શન દેખાડ્યું જેમાં 25-સેમી ચોરસ ફોટોએનોડ સાથે પાણીમાંથી ગ્રાન હાઈડ્રોજન ઉત્પન્ન કરવામાં ઉત્તમ પરિણામો આપ્યા. સંશોધકોનું માનવું છે કે આ તો માત્ર શરૂઆત છે. ભવિષ્યમાં આ ટેકનોલોજી ઘરોથી લઈને ફેક્ટરીઓ સુધી, હાઈડ્રોજન આધારિત ઉર્જા પ્રણાલીઓને ઈંધણ આપી શકે છે, જે સંપૂર્ણપણે સૂર્ય પર નિર્ભર હશે.

### મોડસ ઓપરેન્ડી જાણી પોલીસ પણ ચોંકી

# ગુજરાત-મુંબઈના વેપારીઓને ટાર્ગેટ કરી છેતરતી ગેંગ પકડાઈ

અમદાવાદ,તા.૨૪

ગુજરાત અને મુંબઈના વેપારીઓને ટાર્ગેટ કરીને છેલ્લા સાત વર્ષથી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતી એક શાતિર જોડીની કાગડાપીઠ પોલીસે ધરપકડ કરી છે. આ આરોપીઓ આંગડિયા પેઢીમાંથી બોલતા હોવાનો સ્વાંગ રચીને વેપારીઓને વિશ્વાસમાં લેતા અને પછી ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરાવીને લાખો રૂપિયાની ઠગાઈ કરતા હતા.

અમદાવાદ શહેરમાં વેપારીઓને નિશાન બનાવી અલગ અલગ વસ્તુઓની ખરીદીના નામે ઓનલાઈન છેતરપિંડી આચરતી ટોળકી સામે કાગડાપીઠ પોલીસ સ્ટેશનની ટીમ છેલ્લા ઘણા સમયથી તપાસ ચલાવી રહી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે કચ્છના ભુજ ખાતેથી બે રીઢા આરોપીઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં જગદીશભાઈ રસીકલાલ મણીલાલ ઠક્કર (ઉંમર ૩૯ વર્ષ) અને મુકેશ પરસોત્તમભાઈ ચેલારામ સોરઠિયા (ઉંમર ૩૭ વર્ષ) નો સમાવેશ થાય છે. બંને આરોપીઓ ભુજ ખાતે રહે છે અને છેલ્લા સાત વર્ષથી ગુજરાત તેમજ મુંબઈના વેપારીઓને નિશાન બનાવી રહ્યા હતા.

આ આરોપીઓની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બંને ઠગ સૌપ્રથમ ગૂગલ અને યુટ્યુબ પરથી જથ્થાબંધ વેપારીઓના મોબાઇલ નંબર મેળવતા હતા. ત્યારબાદ વેપારી બનીને માલના ફોટોગ્રાફ્સ અને બિલ મંગાવતા. બિલ તૈયાર થયા બાદ આરોપીઓ પૈકીનો એક ઇસમ અવાજ બદલીને વેપારીને ફોન કરતો અને પોતે આંગડિયા પેઢીમાંથી બોલતો હોવાનો દાવો કરતો. ફોન પર વેપારીને કહેવામાં આવતું કે, "તમારું પેમેન્ટ આવી ગયું છે અને તમારો ટોકન નંબર આ છે." થોડીવાર બાદ ફરી ફોન કરીને કહેવામાં આવતું કે, "ભૂલથી આંગડિયામાં ૧૦ થી ૧૫ હજાર રૂપિયા વધારે ચૂકવાઈ ગયા છે. આ રકમ બીજા વેપારીને મોકલવાની છે. જેથી તમે આ ઉંઈ કોડ સ્કેન કરીને રૂપિયા ટ્રાન્સફર કરી દો."

આરોપીઓએ માત્ર અમદાવાદ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત અને મુંબઈમાં વેપારીઓને પોતાના શિકાર બનાવ્યા છે. મોબાઇલ એસેસરીઝ, કાજુ-બદામ, ઘડિયાળ, કટલેરી, કપડાં તેમજ નટ-બોલ્ટ જેવા વેપારીઓ સાથે તેઓએ લાખો રૂપિયાની ઠગાઈ આચરી છે. મુંબઈમાં જ અંદાજે એક કરોડ રૂપિયાનો માલસામાન ઠગાઈથી મેળવ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે હાલ આરોપીઓ પાસેથી મોબાઈલ એસેસરીઝ અને રૂપિયા ૨૭ હજાર ૨૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. સાથે જ અન્ય ગુનાઓમાં પણ તેમની સંડોવણી અંગે તપાસ શરૂ કરવામાં

## અમદાવાદમાં આરબીઆઈના ૮.૭૦ કરોડની ચોરીના કેસમાં ભંગાર વેચવાનો કહીને રોકડ બહાર કાઢી હતી

અમદાવાદ,તા.૨૪

અમદાવાદના ગાંધી રોડ સ્થિત બેંક ઓફ બરોડામાં આવેલી આરબીઆઈની કરન્સી ચેસ્ટમાંથી રૂપિયા ૮.૭૦ કરોડની ચોરીના કેસમાં બેંકના જ કસ્ટોડિયન હરસિદ્ધ કડિયાએ આ ગુનાને અંજામ આપ્યો હોવાનો ખુલાસો થયો છે. સમગ્ર મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. તાજેતરમાં સામે આવેલા સીસીટીવી ફૂટેજમાં બેંકનો કસ્ટોડિયન ભંગારના ખોખામાં આડમાં કરોડો રૂપિયાની રકમ બેંકની બહાર લઈ જતો સ્પષ્ટપણે જોવા મળે છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ની રાત્રે આરોપીએ સુલતાન અને ઝુલ્ફીકાર નામના બે સાગરીતોની મદદથી આરોપીએ કાવતરું પાર પાડ્યું હતું. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે, આરોપીએ સિક્યુરિટી સ્ટાફને 'ભંગાર વેચવાનો છે' તેવું બહાનું આપીને ગેરમાર્ગે દોર્યા હતા અને ચલણી નોટોથી ભરેલા ખોખા બેંકની બહાર કાઢ્યા હતા. આ ફૂટેજના આધારે પોલીસે કસ્ટોડિયનને મદદ કરનાર બંને સાથીઓની પણ અટકાયત કરી લીધી છે અને તેમની સઘન પૂછપરછ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે આરબીઆઈના રૂ.૮.૭૦ કરોડની માતબર ચોરીમાંથી પોલીસે મુખ્ય આરોપી પાસેથી રૂ.૨.૨૦ કરોડ અને અન્ય બે આરોપીઓ પાસેથી આશરે ૪૦ થી ૫૦ લાખ રૂપિયાની રોકડ જપ્ત કરી છે. હરસિદ્ધે ચોરીની રકમમાંથી ૨ કરોડનો બંગલો, રૂ.૧.૪૦ કરોડની દુકાન અને ૧૫ લાખનો છોટા હાથી ટેમ્પો ખરીદ્યો હતો. આટલું જ નહીં, તેણે પોતાની સહકર્મી વૈશાલીને મકાન માટે ૨૩ લાખ રૂપિયા આપ્યા હતા અને ૧ કરોડથી વધુનું રોકાણ ક્રિપ્ટો કરન્સીમાં પણ કર્યું હતું. આ કૌભાંડમાં બેંકના અન્ય કોઈ કર્મચારીઓની સંડોવણી છે કે કેમ, તે જાણવા પોલીસે વધુ તપાસ

# હવે, અમદાવાદ, ગાંધીનગર, સુરતની ૨૦-૩૦ કિમીની ત્રિજ્યામાં 'સેમિ-અર્બન હબ' શક્ય

અમદાવાદ,તા.૨૪

ગુજરાતમાં આગામી વર્ષોમાં ઓલમ્પીક અને કોમન વેલ્થ ગેમ્સ માટે વૈશ્વિક કક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર-માળખાકીય સુવિધાઓ સહિતના ક્ષેત્રમાં ભારેખમ આયોજન થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે, તેની ભરપૂર તૈયારીઓ આરંભી દીધી છે. આ વિષય વસ્તુને ધ્યાને મહેસુલ વિભાગના પરામર્શ રહીને શહેરી વિકાસ વિભાગ, મેગા સિટીઝમાં એકતરફી વધી રહેલા શહેરીકરણ અને તેના કારણે ઉભા થઈ રહેલા પડકારો, શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આવી રહેલા ભારણને રોકવા માટે એક દીર્ઘકાલીન નીતિ પર કામ કરી રહ્યો છે. જે મુજબ, શહેરી વિકાસ વિભાગ અત્યારે ગુજરાત પેરી-અર્બન ડેવલપમેન્ટ-રુર્બન ઈન્ટીગ્રેશન પોલીસી (**Gujarat Peri-Urban Development-Rurban Integration Policy**) અર્થાત રૂર્બન ક્લસ્ટર (શહેરો જેવી સુવિધા ધરાવતા વિકસિત ગામડાઓનો સમુહ) ગ્રોથના ડ્રાફ્ટને આખરી ઓપ આપી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે અર્થાત મુખ્ય શહેરોની નજીકની ત્રિજ્યામાં 'સેમિ-અર્બન હબ' આકાર માપે તે દિશામાં કામ કરાઈ રહ્યું છે.

પ્રાપ્ત જાણકારી મુજબ, પરંપરાગત રીતે સેટેલાઈટ ટાઉન્સ માત્ર 'બેડરૂમ ટાઉન્સ' બનીને રહી જતા હોય છે કે, જ્યાં લોકો માત્ર રાત્રે સૂવા જાય છે અને રોજગારી માટે મુખ્ય શહેરમાં જ આવે છે પરંતુ આ વખતે રાજ્ય સરકારના આ સંભવિત નવા પ્લાનિંગ હેઠળ ૨૦થી ૩૦ કિલોમીટર દૂર આવેલા મોટા ગામડાઓનું ક્લસ્ટર (ગમડાઓનું વિકસિત સમુહ) બનાવી ત્યાં જ રોજગારીનું નિર્માણ કરવાનું આયોજન કરાઈ રહ્યું છે. આ ક્લસ્ટર્સમાં અલ્ટ્રા-મોડર્ન 'પ્લગ એન્ડ પ્લે' મિની આઈટી ટાવર્સ અને સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ સ્થાપવાની બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જેથી સ્થાનિક યુવાનોને પોતાના વિસ્તારમાં જ વૈશ્વિક સ્તરની નોકરીઓ મળી રહે.

પ્રારંભિક જાણકારી મુજબ, હાલને તબક્કે પ્રારંભિક તબક્કે અમદાવાદ, ગાંધીનગર, સુરત સહિતના કેટલાક મહાનગરોમાં મુખ્ય હાઈવે અને બેલ્ટ નજીક આવેલા મોટા ગ્રામ્ય વિસ્તારોને શોર્ટલિસ્ટ કરવામાં આવી રહ્યા છે. જેમાં (૧) અમદાવાદ-ગાંધીનગર બેલ્ટના કલોલ-કડી વચ્ચેના વિસ્તારો અથવા ગિફ્ટ સિટીના એક્સપાન્શનને સપોર્ટ કરવા માટે દહેગામ તરફનો પટ્ટો (૨) નવા તૈયાર થઈ રહેલા અમદાવાદ-સાણંદ-બાવળા કોરિડોર હેઠળ ઓટોમોબાઈલ અને લોજિસ્ટિક્સ હબની આસપાસ મિની વેન્ડર પાર્ક્સ બનાવી શકાય તે માટે અને (૩) સુરત પેરિફેરી વિસાતરના ઓલપાડ, કામરેજ અને સચિનથી આગળના પટ્ટા, જ્યાં ભવિષ્યમાં મેટ્રો કનેક્ટિવિટી લંબાવી શકાય તેમ હોય તેવા વિસ્તારોનો સમાવેશ કરાય તેવી શક્યતા છે.

## આણંદ જિલ્લા પંચાયતમાં સત્તા કોંગ્રેસ પાસે ગઈ

આણંદ,તા.૨૪

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદની ચૂંટણીને લઈને મોટો રાજકીય વળાંક આવ્યો છે. ભાજપના ઉમેદવારનું ઉમેદવારી ફોર્મ રદ થતા કોંગ્રેસ માટે જીતનો રસ્તો સાફ થયો છે. ફોર્મ ચકાસણી દરમિયાન જાતિ પ્રમાણપત્ર મુદ્દે વિવાદ ઊભો થયો હતો. અને હવે કોંગ્રેસના ઉમેદવાર બિનહરીફ વિજેતા બનશે.

આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ પદ માટે ભાજપના ઉમેદવાર મયુરી પટેલ દ્વારા મહારાષ્ટ્ર સરકારનું અનામત જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આ મુદ્દે કોંગ્રેસ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ફોર્મ ચકાસણી દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીએ બંને પક્ષોના વકીલોની દલીલો સાંભળી હતી. ત્યારબાદ ગુજરાત સરકારના નિયમો મુજબ અન્ય રાજયનું અનામત જાતિ પ્રમાણપત્ર માન્ય ન ગણાતા ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું.

બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર ગૌરીબેન તડવીનું ફોર્મ માન્ય રાખવામાં આવતા હવે કોંગ્રેસના ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવશે. ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ થતાં કોંગ્રેસની છાવણીમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો અને કાર્યકરોમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

## રાષ્ટ્રીય સરેરાશ કરતાં ગુજરાતમાં ગુનાખોરીનો ખૂબ ઓછો દર

અમદાવાદ,તા.૨૪

ગુજરાત રાજ્ય તેમજ ભારતના અન્ય રાજયોના ગુનાહિત આંકડાઓનું તુલનાત્મક વિશ્લેષણ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ સત્તાવાર આંકડાઓ સ્પષ્ટ કરે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત સુદ્રઢ અને સુરક્ષિત છે. વર્ષ ૨૦૨૪માં સમગ્ર ભારતનો સરેરાશ ક્રાઈમ રેટ ૨૫૨.૩ છે, જેની સરખામણીએ ગુજરાતનો ક્રાઈમ રેટ માત્ર ૨૨૭.૭ છે. દેશના કુલ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત ૧૨મા ક્રમે આવે છે. ગુજરાત રાજ્યમાં દારૂબંધી અમલમાં હોવાથી ગુજરાત પોલીસ દ્વારા ગુના નિવારણના ભાગરૂપે પ્રોહિબિશન એક્ટ હેઠળ ખૂબ જ કડક હાથે કામગીરી કરવામાં આવે છે. રાજ્યમાં દારૂ ગાળવા, વેચવા, હેરફેર કરવા કે પીવા સંબંધિત ગુનાઓમાં પોલીસ દ્વારા સ્વતઃ સંજ્ઞાન લઈને દર વર્ષે લાખોની સંખ્યામાં કેસો દાખલ કરવામાં આવે છે.

એનસીઆરબીના ડેટામાં જ્યારે કુલ ગુનાઓની ગણતરી થાય છે, ત્યારે આ પ્રોહિબિશન (દારૂબંધી) હેઠળ નોંધાયેલા સ્પેશિયલ એન્ડ લોકલ લોઝના કેસો પણ તેમાં ઉમેરાય છે. ગુજરાત પોલીસની આ સક્રિય અને કડક ડ્રાઈવના કારણે ગુના નોંધણીની સંખ્યા ઊંચી દેખાય છે, જે વાસ્તવમાં રાજ્યની સલામતી અને પોલીસની સજાગતા દર્શાવે છે. જો આ દારૂબંધીના કેસોને અલગ રાખવામાં આવે, તો ગુજરાતનો વાસ્તવિક પરંપરાગત આઈ.પી.સી./બી.એન.એસ. ગુનાઓનો રેટ રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણો વધારે નીચો છે.

બીજી બાજુ મહિલા સુરક્ષા બાબતે ગુજરાત દેશના સૌથી સુરક્ષિત રાજ્યોમાં મોખરે છે. રાષ્ટ્રીય સ્તરે મહિલાઓ વિરૂદ્ધના ગુનાનો દર ૬૪.૬ છે, જ્યારે ગુજરાતમાં આ દર માત્ર ૨૨.૦ છે. આ કેટેગરીમાં ગુજરાત દેશમાં ૩૩મા સ્થાને (ખૂબ નીચો ગુનાખોરી દર) છે.

જ્યારે બાળકો વિરૂદ્ધ થતા ગુનાઓમાં રાષ્ટ્રીય સરેરાશ ૪૨.૩ સામે ગુજરાતનો ક્રાઈમ રેટ ૨૫.૮ છે અને ગુજરાત દેશમાં ૨૯મા ક્રમે છે. વધુમાં જોઈએ તો હિસાત્મક ગુનાઓમાં રાષ્ટ્રીય સરેરાશ ૫૨.૯ સામે ગુજરાતનો ક્રાઈમ રેટ ૧૭.૫ નોંધાયો છે. શરીર વિરુદ્ધના ગુનામાં રાષ્ટ્રીય ક્રાઈમ રેટ ૬૨.૧ સામે ગુજરાતનો દર ૨૪.૭, મિલકત વિરુદ્ધના ગુનામા રાષ્ટ્રીય ક્રાઈમ રેટ ૫૭.૯ સામે ગુજરાતનો દર ૩૦.૪ છે. ખૂનના ગુનાનો રાષ્ટ્રીય સરેરાશ ક્રાઈમ રેટ ૧.૯ છે, જેની સામે ગુજરાતનો ક્રાઈમ રેટ માત્ર ૧.૩, વર્ષ ૨૦૨૪ માં બળાત્કારના ગુનાઓનો ઓલ ઈન્ડિયા ક્રાઈમ રેટ ૪.૩ છે, જેની સરખામણીએ ગુજરાતમાં આ ક્રાઈમ રેટ ઘણો ઓછો એટલે કે ૧.૯ દર, અપહરણ અને અપનયનમાં ગુજરાતનો દર રાષ્ટ્ર્ય સરેરાશ ૬.૮ સામે ફક્ત ૧.૭ અને ઘરફોડ ગુનાઓનો ગુજરાતમાં રાષ્ટ્રીય સરેરાશ ૭.૭ ટકા સામે ગુજરાતનો દર ૪.૧ દર નોંધાયો છે.

## CM ભૂપેન્દ્ર પટેલ સામાન્ય મુસાફરો સાથે વંદે ભારતમાં મુસાફરી કરી

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાદગીપૂર્ણ જીવનશૈલી અને સામાન્ય લોકો સાથે જોડાયેલા રહેવાના કારણે ચર્ચામાં રહ્યા છે. ત્યારે ફરી એકવાર મુખ્યમંત્રીની સાદગીભરી જીવનશૈલીએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. પેટ્રોલ અને ડીઝલ બચત અંગે વડાપ્રધાને કરેલી અપીલ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્તિગત કાર્યક્રમમાં હાજરી આપવા માટે વંદે ભારત ટ્રેન મારફતે ગાંધીનગરથી સુરતની મુસાફરી કરી હતી. સાંજે તેઓ તેજસ એક્સપ્રેસ મારફતે પરત ગાંધીનગર ફરવાના હતા.

સામાન્ય રીતે મુખ્યમંત્રીના પ્રવાસ દરમિયાન મોટો સરકારી કાફલો અને સુરક્ષા વ્યવસ્થા જોવા મળતી હોય છે, પરંતુ આ વખતે મુખ્યમંત્રીએ સામાન્ય મુસાફરોની વચ્ચે રહી ટ્રેનમાં મુસાફરી કરવાનું પસંદ કર્યું છે. આ નિર્ણયને માત્ર એક પ્રવાસ તરીકે નહીં પરંતુ ઈંધણ બચત અને જાહેર પરિવહન પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. તાજેતરમાં દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં સંયમ રાખવા વડાપ્રધાન દ્વારા અપીલ કરવામાં આવી હતી. ખાસ કરીને વૈશ્વિક પરિસ્થિતિ અને ઈંધણના વધતા ખર્ચ વચ્ચે જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ટ્રેન મુસાફરીને પ્રતીકાત્મક અને સંદેશાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે. મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી સુરતમાં વ્યક્તિગત કાર્યક્રમમાં હાજરી આપશે અને ત્યારબાદ સાંજે તેજસ એક્સપ્રેસ મારફતે પરત ફરશે. સીએમની મુસાફરી દરમિયાન સામાન્ય મુસાફરોમાં પણ ઉત્સુકતા જોવા મળી હતી. અનેક મુસાફરો માટે મુખ્યમંત્રી સાથે એક જ ટ્રેનમાં મુસાફરી કરવાનો અનુભવ વિશેષ બની રહ્યો હતો.

રાજકીય વર્તુળોમાં પણ મુખ્યમંત્રીના આ નિર્ણયને લઈને ચર્ચા ચાલી રહી છે. એક તરફ સરકાર સતત ઈંધણ બચત અને પર્યાવરણ જાળવણી અંગે સંદેશ આપી રહી છે ત્યારે બીજી તરફ મુખ્યમંત્રી દ્વારા ટ્રેનમાં મુસાફરી કરીને એ સંદેશને વ્યવહારિક રૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

## બ્રાન્ડેડ કંપનીઓના નામે નકલી સામાન પધરાવતું રેકેટ ઝડપાયું

અમદાવાદ, તા. ૨૪:

અમદાવાદમાં જાણીતી કંપનીઓના પેકિંગ અને લોગોની આબેહૂબ નકલ કરી ગ્રાહકોને નકલી સામાન પધરાવી આર્થિક લાભ ખાટતી ટોળકીને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પકડી પાડી છે. પોલીસે એસ. જી. હાઈવે પર આવેલા સોલા ભાગવત ગેટ નજીકથી નકલી સિગારેટ, ઘી, ચા અને મસાલા સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરતા ૩ શખસોને ઝડપી પાડ્યા છે. કોપીરાઈટ એક્ટના ભંગ બદલ પોલીસે આ ત્રણેય સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર બેંગ્લોર સ્થિત એક ઓથોરાઈઝ્ડ એજન્સીના અધિકારીને અમદાવાદમાં બ્રાન્ડેડ કંપનીની નકલી સિગારેટ વેચાતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે એજન્સીના અધિકારીએ ડમી ગ્રાહક બનીને નકલી સામાન વેચતા શખસનો સંપર્ક કર્યો હતો અને મોટા જથ્થામાં માલ ખરીદવાના બહાને તેને સોલા ભાગવત ગેટ પાસે બોલાવ્યો હતો. આ દરમિયાન ક્રાઈમ બ્રાંચની ટીમે ઘટનાસ્થળે વોચ ગોઠવી દીધી હતી.

ત્યાં કાર લઈને પહોંચેલા ત્રણ શખસો અરુણકુમાર ગુપ્તા, સચિન ગુપ્તા અને સુજીત પોદ્દારને પોલીસે ઘેરી લીધા હતા. કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારમાંથી માત્ર નકલી સિગારેટ જ નહીં, પરંતુ રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી અનેક જાણીતી બ્રાન્ડ્સનો નકલી જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે આરોપીઓ પાસેથી સિગારેટના ૪૪ મોટા પેકેટ, અમૂલ ઘીના ૧૫ પાઉચ, ચાના ૧૨ પેકેટ, ડીટર્જન્ટના ૧૪ પેકેટ અને મસાલાના ૬૦ પેકેટ, બીડીના ૧૫ પેકેટ સહિત કુલ મુદ્દામાલ ૩,૦૯,૧૯૭ રૂપિયાનો સામન જપ્ત કર્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં મુખ્ય સૂત્રધાર સુજીત પોદ્દારે કબૂલાત કરી હતી કે, તે અલગ-અલગ સ્થાનો પરથી સસ્તા ભાવે આ ડુપ્લિકેટ માલ ખરીદી લાવતો હતો. ત્યારબાદ અરુણ અને સચિન મારફતે આ સામાન બજારમાં છૂટક ગ્રાહકો તથા નાના દુકાનદારોને ઓરિજિનલ ભાવે પધરાવી દેવામાં આવતો હતો.

## અમદાવાદ ખાતે 'કોમનવેલ્થ ગેમ્સ ડે' અને 'ફિટ ઈન્ડિયા સંડેઝ ઓન સાયકલ'ની ૭૫મી ઐતિહાસિક એડિશનની ભવ્ય ઉજવણી



અમદાવાદ,તા.૨૪

સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે 'કોમનવેલ્થ ગેમ્સ ડે' અને 'ફિટ ઈન્ડિયા સંડેઝ ઓન સાયકલ'ની ૭૫મી એડિશન નિમિત્તે એક વિશાળ અને ભવ્ય સાયકલિંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ૬:૦૦ વાગ્યાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં અમદાવાદના હજારો ઉત્સાહી યુવા નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.''''?કાર્યક્રમને સંબોધિત કરતા કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, "આજે 'સંડે ઓન સાયકલ'ની આ ૭૫મી એડિશન છે અને સાથે જ 'કોમનવેલ્થ ડે' પણ છે. આપણા સૌ માટે એ ગર્વની વાત છે કે વર્ષ ૨૦૩૦માં ગુજરાત કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવા જઈ રહ્યું છે."''''?મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશના પ્રત્યેક નાગરિકનું ફિટ રહેવું અનિવાર્ય છે. તેમણે સાયકલિંગના ત્રણ મુખ્ય ફાયદાઓ ગણાવતા કહ્યું કે, પ્રથમ- સાયકલિંગ એ શરીરને ફિટ રાખવા માટે દુનિયાની સર્વશ્રેષ્ઠ કસરત છે. દ્વિતીય- સાયકલના ઉપયોગથી પ્રદૂષણની સમસ્યાનું કાયમી નિવારણ થાય છે. તૃતીય- નજીકના સ્થળોએ જવા માટે સાયકલનો ઉપયોગ કરવાથી પ્રધાનમંત્રીજીના 'તેલ બચાવો અભિયાન'ને વેગ મળે છે, જેનાથી દેશના ઈંધણની આર્થિક બચત થાય છે.''''?આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ અમદાવાદના યુવાનોના જોશને બિરદાવતા હળવા અંદાજમાં કહ્યું કે, "ગુજરાતી માણસ કામ માટે આખી રાત જાગી લેશે, પરંતુ ફિટનેસ માટે વહેલી સવારે ઉઠવું એ તેના માટે મોટો પડકાર હોય છે. તેમ છતાં, આજે અમદાવાદના યુવાનો આટલી મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે તે ખરેખર પ્રશંસનીય છે." તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનું 'ફિટ ઈન્ડિયા' અભિયાન એ કોઈ સરકારી કે રાજકીય કાર્યક્રમ નથી, પરંતુ તે આપણા સૌના જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારી આપણી પોતાની જ જન-મૂવમેન્ટ છે.''''?બોલિવૂડ અભિનેતા શ્રી આયુષ્માન ખુરાનાએ દેશમાં ક્રિકેટની જેમ જ અન્ય તમામ રમતો અને ખેલાડીઓને પ્રોત્સાહન તેમજ ચાહકોનો સપોર્ટ આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ યોજાઈ રહેલા આવા ફિટનેસ કાર્યક્રમોના પરિણામે, આજે અહીં ઉપસ્થિત રહેલા બાળકો અને યુવાનોમાંથી જ કોઈ ભવિષ્યમાં ઓલિમ્પિક કે કોમનવેલ્થ ગેમ્સમાં દેશ માટે ગોલ્ડ મેડલ જીતીને લાવશે.'''આ ગરિમામય સાયકલિંગ ઈવેન્ટમાં ઓલિમ્પિક વિજેતા શ્રી ગગન નારંગ, ઓલિમ્પિક એસોસિએશનના શ્રી અજયભાઈ પટેલ સહિતના મહાનુભાવો અને અમદાવાદના હજારો ઉત્સાહી નાગરિકો-યુવાનો સહભાગી થયા હતા.''

## લંડન હીથ્રો એરપોર્ટ ગુજરાતની કેસરની સુગંધથી મહેક્યું, ખેડૂતો જાતે જ હવે વિદેશમાંથી ડોલર-પાઉન્ડ કમાઈ શકશે

અદાવાદ, તા. ૨૪

લંડનના હીથ્રો એરપોર્ટ પર ગુજરાતથી આવેલી કેસર અને હાફુસના બોક્સ ઉતરે અને તેની સુગંધ આખા કાર્ગો એરિયામાં ફેલાઈ જાય, ત્યારે એક ભારતીય તરીકે બહુ ગર્વ થાય. લંડન, લેસ્ટર અને બર્મિંગહામમાં વસતા ગુજરાતીઓ અને ભારતીયો માટે આ માત્ર ફ્રૂટ નથી, વતનની યાદ છે. લોકો ગમે તેટલા ભાવ આપીને પણ ખરીદવા તૈયાર હોય છે. હવે તો યુરોપિયન પ્રજાને પણ 'ઈન્ડીયન મેન્ગો'નો ચસ્કો લાગ્યો છે.

ગુજરાત આવીને દર વર્ષે કેરીની આયાત કરતા દિગ્વીજયસિંહ ગોહીલના અનુસાર ગુજરાતીઓ અને વિદેશીઓને માત્ર કેસર કેરી અને મહારાષ્ટ્રની હાફુસ જ ભાવે છે. સૌથી વધુ ડિમાન્ડ કેસર કેરીની છે. ભારતની કેસર તથા હાફુસ જેવી સુગંધ અને મીઠાશ આખી દુનિયામાં ક્યાંય નથી. સાઉથ અમેરિકા, બ્રાઝિલ કે પેરુની કેરીઓ દેખાવમાં લાલચટ્ટક હોય છે પણ સ્વાદમાં અંદરથી ફિક્કી હોય છે, જ્યારે ભારતની કેસર કેરી તો સ્વાદનો રાજા છે.

નોંધનીય છે કે એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (એપેડા) દ્વારા માન્યતા પ્રાપ્ત કેરીનાં બગીચાની કેરી અને માન્યતા પ્રાપ્ત પેક હાઉસમાં કેરીની પ્રોસેસિંગ કર્યા બાદ જ તેની નિકાસ કરવામાં આવે છે. રાજકોટના કુવાડવા ખાતે સ્થિત એપેડા માન્યતા પ્રાપ્ત 'કુંજ કોલ્ડ વેર સોલ્યુશન-પેક હાઉસ'ના માલિક સમીર સાપરીયા જણાવે છે કે, અમે કેરીની નિકાસ માટેની પ્રક્રિયા અમારા પેક હાઉસમાં કરીએ છીએ. અમેરિકા, ઈંગ્લેન્ડ, યુ.એ.ઈ., ઓસ્ટ્રેલીયા, યુરોપિયન દેશો તથા ગલ્ફના દેશોમાં જરૂરિયાત મુજબ પ્રોસેસ કરીને કેરી પેકિંગ કરી આપીએ છીએ.

છીએ, જેમાં સૌથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ઈંગ્લેન્ડ અને કેનેડા માટે હોટ વોટર ઉપરાંત રાઈપનિંગ પ્રોસેસ કરીને પછી તેનું પેકિંગ કરવામાં આવે છે.

## જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ માંગમાં વધારાને પહોંચી વળવા રવિવારે કાર્યરત

અમદાવાદ,તા.૨૪

રાષ્ટ્ર અને જનતાની ચોવીસ કલાક સેવા કરવાના સૂત્ર સાથે, જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (**OMCs**) - ઈન્ડિયન ઓઈલ, **BPCL** અને **HPCL** - આજે તેમના ડેપો અને ટર્મિનલ્સનું સંચાલન ચાલુ રાખે છે, ભલે રવિવાર સાપ્તાહિક બંધનો દિવસ હોય. ઘણા પ્રદેશોમાં ઈંધણની માંગમાં તીવ્ર વધારા વચ્ચે પેટ્રોલ (**MS**), ડીઝલ (**HSD**) અને **LPG** ની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે આ કરવામાં આવી રહ્યું છે. ''જાહેર ક્ષેત્રની **OMCs** સતત સ્ટોક પોઝિશનની સમીક્ષા કરી રહી છે અને વધેલી માંગની પરિસ્થિતિને અસરકારક રીતે પૂર્ણ કરવા માટે લોજિસ્ટિક્સ અને વિતરણ આયોજન પર નજીકથી સંકલન કરી રહી છે.અમે હંમેશા ત્યાં છીએ" ની ભાવનાને અનુસરીને, સપ્લાય ટીમો, ટ્રાન્સપોર્ટ નેટવર્ક્સ, ટર્મિનલ કામગીરી અને પસંદગીના રિટેલ આઉટલેટ્સ **24x7** કાર્યરત છે જેથી ઉત્પાદનની અવરજવર સુગમ રહે. ''નાગરિકોને સામાન્ય ખરીદી ચાલુ રાખવા અને બિનજરૂરી ગભરાટમાં ખરીદી ટાળવાની સલાહ આપવામાં આવે છે. ગ્રાહકોને પણ વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઈંધણની ઉપલબ્ધતા સંબંધિત સચોટ માહિતી માટે ફક્ત અધિકૃત એજન્સીઓ અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા જારી કરાયેલા સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ આધાર રાખે.